Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેટ, ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (0278) 2521698



# શ્રી આત્માનંદ પ્રકાશ

આત્મ સં. ૭૬ (ચાલુ), વીર સં. ૨૪૯૮
વિ. સં. ૨૦૨૮ શ્રાવણ-ભાદ્રપદ

# પર્યુષણ અંક

# ક્ષમાપના

જો ઉત્સૂત્ર પ્રરૂપણા પ્રગટમાં હોયે કદી આચરી,
શુદ્ધાશુદ્ધ લખેલ હોય કદી જો લેખો પ્રમાદે કરી,
વિરાધ્યા કદીયે ચતુર્વિધ મહા જો હોય શ્રી સંઘને
મિથ્યા દુષ્કૃત સર્વ તે અમ હજો પર્યુષણારાધને.

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

પુસ્તક : ૬૯ ] ઓગષ્ટ-સપ્ટેમ્બર : ૧૯૭૨ [ અંક : ૧૦-૧૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| લેખ | | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ જિનવાણી | .... | — | ૧૭૧ |
| ૨ શ્રી કલ્પસૂત્ર અને પર્યુષણા પર્વ | .... | સ્વ. જીવરાજભાઈ ઓધવજી દોશી | ૧૭૩ |
| ૩ મહા પર્વની આરાધના | .... | સાધ્વીશ્રી મૃગાવતીજી મહારાજ | ૧૮૧ |
| ૪ પ્રતિક્રમણ એ મહાયોગ | | — | ૧૮૩ |
| ૫ આત્મજયનું પર્વ | .... | ડૉ. ઉપેન્દ્રરાય જ. સાંડેસરા | ૧૮૭ |
| ૬ અગ્નિ અને તપ | .... | સ્વ. બાલચંદ હીરાચંદ 'સાહિત્યચન્દ્ર' | ૧૯૧ |
| ૭ આરાધના | .... | મનસુખલાલ તારાચંદ મહેતા | ૧૯૫ |
| ૮ કવિ લાવણ્ય સમય રચિત પર્યુષણ ગીત | .... | અગરચંદ નાહટા | ૧૯૯ |
| ૯ જૈન સમ્રાટ ભિક્ખુરાય ખારવેલ | .... | ખીમચંદ ચાંપશી શાહ એમ. એ. | ૨૦૩ |
| ૧૦ સુખ સમ્બોધના (વિ. સં. ૧૧૭૪માં) જ્ઞાતપુત્ર મવાવીરસ્વામી | .... | હીરાલાલ ર. કાપડિયા | ૨૦૮ |
| ૧૧ સંપ્રદાયવાદ | .... | ડૉ. જિતેન્દ્ર જેટલી | ૨૧૧ |
| ૧૨ ચમન ચેવડાવાળો | .... | ઝવેરભાઇ બી. શેઠ | ૨૧૪ |
| ૧૩ શ્રીમદ્ ભાગવતની દૃષ્ટિએ ભગવાન શ્રી ઋષભદેવજીનું સંક્ષિપ્ત ચરિત્ર | .... | પ્રા. નર્મદાશંકર શાસ્ત્રી | ૨૧૬ |
| ૧૪ જૈન ધર્મ અને નારી | .... | (હિન્દીમાં) લક્ષ્મીનારાયણ ભારતીય અનુવાદક—અરૂણા સી. કનાડિયા | ૨૧૯ |
| ૧૫ જૈન સમાચાર | .... | — | ૨૨૩ |
| ૧૬ ગ્રંથાવલોકન | .... | — | ૨૨૫ |


## સાભાર ગ્રંથ સ્વીકાર

પૂ. આ. શ્રી કૈલાસસાગરસૂરિશ્વરજી મહારાજ તરફથી ભેટ.
(૧) અધ્યાત્મસાર (૨) શ્રીપંચસૂત્ર (૩) અનેકાર્થ સટીક સંગ્રહ.

## આ સભાના નવા આજીવન સભ્ય

| | |
|---|---|
| ૧ શ્રી તારાચંદ ધનજીભાઈ | મુંબઈ |
| ૨ શ્રી કાન્તિલાલ હરગોવનદાસ | મુંબઈ |
| ૩ શ્રી નગીનદાસ અમૃતલાલ | ભાવનગર |
| ૪ શ્રી કાન્તિલાલ રતિલાલ શેઠ | ભાવનગર |
| ૫ શ્રી નરોત્તમદાસ જીવણભાઈ વોરા | મુંબઈ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ : ૬૯] વિ. સં. ૨૦૨૮ શ્રાવણ-ભાદ્રપદ ∴ ઇ. સ. ૧૯૭૨ ઓગષ્ટ-સપ્ટેમ્બર [અંક : ૧૦-૧૧

## જિનવાણી

**असंखयं जीविय मा पमायए, जरोवणीयस्स हु नत्थि ताणं ।**
**एवं वियाणाहि जणे पमत्ते, किंतु विहिंसा अजया गहिंति ॥ १ ॥**

જીવન સાંધી શકાય તેવું નથી; માટે પ્રમાદ ન કરવો. વૃદ્ધાવસ્થાથી ઘેરાયેલાને કોઈ બચાવનાર નથી એ પ્રમાણે જાણી લે. વિવિધ પ્રકારની હિંસા કરવાવાળા સંયમ વિનાના પ્રમાદી જનો કોને સ્વીકારશે-શરણે જશે ?

**जे पावकम्मेहिं धणं मणूसा, समाययंती अमइं गहाय ।**
**पहाय ते पासपयट्टिए नरे, वेराणुबद्धा नरयं उविंति ॥ २ ॥**

દુષ્ટ મતિવાળા થઈને પાપ કર્મો દ્વારા જે મનુષ્યો ધન એકઠું કરે છે, તેઓ કર્મના પાશથી ઘેરાયેલા અને વૈરથી બંધાયેલા હોઈને તે ધનને અહીં જ મૂકીને નરકમાં ચાલ્યા જાય છે.

**संसारमावण्ण परस्स अट्ठा, साहारणं जं च करेइ कम्मं ।**
**कम्मस्स ते तस्स उ वेयकाले, न बंधवा बंधवयं उविंति ॥ ३ ॥**

સંસારને પામેલો મનુષ્ય સાધારણ રીતે પારકા (બંધુઓ-સંબંધીઓ) માટે જે કર્મો કરે છે, તે કર્મોના ઉદય કાળે તે બંધુઓ બંધુતાને દાખવતા નથી. (કર્મોનાં દુષ્પરિણામો ભોગવતી વખતે તેમાં ભાગ પડાવતા નથી.)

**वित्तेण ताणं ज लभे पमत्ते, इमम्मि लोए अदुवा परत्था ।**
**दीवप्पणट्ठेव अणंतमोहे, नेयाउयं दट्ठुमदट्ठुमेव ॥ ४ ॥**

ધનથી પ્રમાદી જન આ લોકમાં અથવા પરલોકમાં શરણ મેળવી શકતો નથી. જેમ દીવો બુઝાઈ ગયા પછી (અંધકારમાં) વ્યામોહ થાય છે તેમ આવો પુરુષ ન્યાયમાર્ગને જોયા છતાં જાણે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જોયો ન હોય તેમ વ્યામોહ પામે છે.

**सुत्तेसु यावी पडिबुद्धजीवी, न वीससे पंडिय आसुपण्णे ।**
**घोरा मुहुत्ता अबलं सरीरं, भारुण्डपक्खीव चरऽप्पमत्तो ॥ ५ ॥**

સુતેલાઓમાં જાગ્રત રહેનાર (આસક્ત પુરુષોમાં નિરાસક્ત રહેનાર) બુદ્ધિમાન અને વિવેકી પુરુષે (તેઓના) વિશ્વાસમાં ન રહેવું. 'કાળ ભયંકર અને શરીર દુર્બળ છે' એમ સમજીને ભારુંડ પક્ષી જેમ સાવધાનીથી વર્તવું.

**चरे पयाइं परिसंकमाणो, जं किंचि पासं इह मण्णमानो ।**
**लाभन्तरे जीवियं बूहइत्ता, पच्चा परिन्नाय मलावधंसी ॥ ६ ॥**

જે કાંઈ (પોતા પાસે) હોય તેને ફાંસારૂપ માનીને તથા (ક્ષણે ક્ષણે) શંકારત રહીને માણસે વિચરવું. લાભ મળે ત્યાં સુધી સંયમિત જીવન લંબાવી પછી મલિન શરીરનો ત્યાગ કરવો.

**खिप्पं न सक्केइ विवेगमेऊं, तम्हा समुट्ठाय पहाय कामे ।**
**समेच्च लोगं समया महेसी, अप्पाणुरक्खी चरमप्पमत्तो ॥ ७ ॥**

આવો વિવેક પામવા માટે કોઈ શીઘ્ર શક્તિમાન નથી. માટે કામોને (વાસનાઓને) છોડી દઈને તથા સંસાર સ્વરૂપને સમભાવથી સમજીને મહર્ષિએ આત્મરક્ષક બની અપ્રમત્તપણે વિચરવું.

**मुहुं मुहुं मोहगुणे जयंतं, अणेगरूवा समणं चरंतं ।**
**फासा फुसंती असमंजसं च, न तेसु भिक्खु मणसा पउस्से ॥ ८ ॥**

વારંવાર મોહને જીતતા અને સંયમમાં વિચરતા શ્રમણને અનેક પ્રકારનાં વિષયોરૂપ સ્પર્શો અનુકૂળ કે પ્રતિકૂળપણે સ્પર્શે છે. તેમ છતાં ય ભિક્ષુએ તે તરફ દ્વેષ ન કરવો.

**मंदा य फासा बहुलोहणिज्जा, तहप्पगारेसु मणं न कुज्जा ।**
**रक्खिज्ज कोहं विणयेज्ज माणं, मायं न सेवे पयहेज्ज लोहं ॥ ९ ॥**

મંદમંદ સ્પર્શો બહુ લોભાવનારા હોય છે પરંતુ તેઓને વિષે મનને જવા ન દેવું. ક્રોધથી બચતા રહેવું, માનને દૂર કરવો, માયાને ન સેવવી અને લોભને તજી દેવો.

**जे संखया तुच्छपरप्पवाई, ते पिज्जदोसाणुगया परज्झा ।**
**एए अहमुत्ति दुगंच्छमाणो, कंखे गुणे जाव सरीरमेए ॥ १० ॥**

જેઓ સંસ્કારી હોવા છતાં તુચ્છ, પરનિંદા કરનારા, રાગ અને દ્વેષને પામેલા અને પરધ્યાયી છે, તેઓ અધર્મી છે તેમ સમજીને તેમની તરફ દુર્લક્ષ્ય કરતો સાધક શરીરનો નાશ થતા સુધી ગુણો મેળવવાની જ ઇચ્છા કરે.

*



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री कल्पसूत्र अने पर्युषणापर्व

*

લેખક: સ્વ. જીવરાજભાઈ ઓધવજી દોશી
[ બી. એ. એલએલ. બી. ]

શ્રી કલ્પસૂત્રની વાચના અને પર્યુષણ પર્વની આરાધના આપણા જૈન સંઘમાં એટલા બધા ઓતપ્રોત થયેલા છે કે એક પ્રસંગને બીજાથી ભિન્ન કરવો મુશ્કેલ છે. તેનું મુખ્ય કારણ એ છે કે-પર્યુષણા પર્વનું બીજ કલ્પસૂત્રમાં છે.

પ્રત્યાખ્યાનપ્રવાદ નામના નવમા પૂર્વમાંથી ઉદ્ધરીને દશાશ્રુતસ્કંધના આઠમા અધ્યયનરૂપે શ્રી ભદ્રબાહુસ્વામીએ કલ્પસૂત્રની રચના કરેલ છે. સદરહુ નવમું પૂર્વ અને દશાશ્રુતસ્કંધનો બાકીનો –કલ્પસૂત્ર સિવાયનો–ભાગ વિચ્છેદ ગયો છે. શ્રી ભદ્રબાહુસ્વામી શ્રી વીરભગવાનના નિર્વાણ પછી ૧૭૦મા વર્ષે સ્વર્ગવાસી થયેલ છે. શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે શ્રી મહાવીર ભગવાનના નિર્વાણ પછી ૯૮૦ વર્ષે જે સિદ્ધાંતો પુસ્તકારૂઢ કર્યા હતા તેમાં કલ્પસૂત્રનો સમાવેશ થાય છે, એટલે આપણને ઉપલબ્ધ શ્રી કલ્પસૂત્ર દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે વીર સં. ૯૮૦ માં જે પુસ્તકારૂઢ કરેલ તે છે. શ્રી ભદ્રબાહુસ્વામી ચૌદ પૂર્વધારી છેલ્લા શ્રુતકેવલી હતા.

શ્રી કલ્પસૂત્રમાં ત્રણ વિષયોની વાચના છે. જીવનચરિત્રો, સ્થવિરાવલિ અને સમાચારી. ચરિત્રોમાં અને સ્થવિરાવલીમાં જૈન શાસનમાં થયેલા તીર્થંકરો, શ્રી વીરભગવાન આદિ અને તેમના ગણધરો–સ્થવિરોની પરંપરાનો સંક્ષેપમાં ઇતિહાસ આપેલ છે. તેમાં છેલ્લા તીર્થંકર શ્રી મહાવીર ભગવાનનું ચરિત્ર વિસ્તારથી પ્રૌઢ ભાષામાં આપેલ છે.

શ્રી વીરભગવાનના ચરિત્રમાં પાંચ કલ્યાણકો–જીવનના પાંચ વિશિષ્ટ પ્રસંગોનો ઉલ્લેખ એવી પ્રૌઢ, હૃદયસ્પર્શી, લાલિત્યવાળી અને અર્થસૂચક શૈલીમાં કરેલ છે કે જો કે તે ગદ્ય હોવા છતાં ઊંચામાં ઊંચા પદ્યનું ભાન કરાવે છે. એક નિપુણ શિલ્પી કે ચિત્રકારની જેમ શબ્દચિત્રથી ભગવાનના જીવનના વિશિષ્ટ પ્રસંગોનાં આબેહૂબ ચિત્રો વાંચનાર કે સાંભળનારની આંખ પાસે એક પછી એક ખડાં થાય છે. ચલચિત્ર (સિનેમાના ચાલતા Moving પિકચરો)ની જેમ તેમાં ગતિ (Movement) છે. એક સારી સિનેમાની ફિલ્મ જોવા બેઠા હુઈએ, અને તેમાં શ્વેત પડદા ઉપર એક પછી એક દશ્યોની પરંપરા આવિર્ભાવ અને તિરોભાવ પામે, છતાં વિષય અખંડ ચાલતો રહે, તેમ શ્રી કલ્પ-સૂત્રમાં આળેખાયેલ શ્રી મહાવીર પ્રભુના જીવનના દશ્યો એક પછી એક ઊભા થાય છે, આપણા મન ઉપર પ્રતિબિંબિત થાય છે, ચાલ્યા જાય છે અને નવા સુંદર દશ્યોની પરંપરાને ઊભી કરતા જાય છે, છતાં તેમાં પ્રભુનું પ્રતાપી, તપસ્વી અને જ્ઞાની જીવન અખંડરૂપે વહ્યા કરે છે.

પ્રભુના આળેખાયેલ સમગ્ર જીવનની કથાનો વિચાર કર્યો. હવે તેમાંથી એક એક પ્રસંગ લઈએ તો તેમાં પણ અદ્ભૂત શબ્દચિત્રતા અને વિષયની ગહનતા આંખ પાસે તાદશ ખડી થાય છે. પ્રથમ ચ્યવન કલ્યાણક લઈએ. શ્રી મહાવીર ભગવાન આષાઢ શુદ ૬ ના રોજ પ્રાણત પુષ્પોત્તર વિમાન-માંથી ચ્યવીને દેવાનંદા બ્રાહ્મણીની કુખમાં અવતર્યા, તે વખતે દેવાનંદાએ ચૌદ મહાસ્વપ્નો જોયાં. ત્યારપછી બ્યાશી રાતદિવસ વીત્યે ઇંદ્ર મહારાજની આજ્ઞાથી ભગવાનના ગર્ભનું સંક્રમણ ત્રિશલા રાણીની કુખમાં થયું. તે રાત્રે ત્રિશલા રાણી ચૌદ મહાસ્વપ્નો જોઈ જાગરીત થઈ. સદરહુ ચૌદ મહાસ્વપ્નોનું વર્ણન કલ્પસૂત્રકારે એવી ભવ્ય કલાથી–સૌમ્ય લલિત નિયત માર્મિક અર્થસૂચક



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શબ્દોથી આલેખ્યું છે કે દરેક ચિત્ર આબેહૂબ દૃષ્ટિ પાસે ખડું થાય છે. તેમાં સ્વપ્નાના હાથી, વૃષભ, સિંહ આદિ વિષયોના ફક્ત અવયવોનો આલેખ નથી. વિષયોના ભાવો આલેખાયા છે. ભાવો બતાવવામાં પણ ફક્ત સ્થિરતા નહિ પણ ગતિ (motion) બતાવેલ છે. ત્રીજા સ્વપ્ન સિંહનું કેવી કલાથી શબ્દચિત્ર દોર્યું છે તે જોઇએ—

"તે પછી, મુક્તાહાર–ખીરસાગર–ચંદ્રકિરણ–જલકણ–રૂપાના મહાપર્વત વૈતાઢ્ય જેવો ઉજ્વલ, મનોહર, જોવા લાયક, દઢ લષ્ઠ પહોંચાવાળો, વાંકા વળેલા પુષ્ટ સુશ્લિષ્ટ વિશિષ્ટ તીક્ષ્ણ દાંતોથી અલંકૃત મોઢાવાળો, રંગેલ–ઉચ્ચ જાતિના કમળ જેવા કોમળ સપ્રમાણ શોભતા લષ્ટ હોઠવાળો, રાતા કમલના પત્ર જેવા મૃદુ સુકુમાલ તાળુ તથા લપલપાયમાન જીભવાળો, સોનીની સોનું ગાળવાની કુરડીમાં તપાતા ઉચ્ચ જાતિના સોનાની માફક તરવરાટ કરતી વિષમ વિજળીની જેવી આંખોવાળો, વિશાળ પુષ્ટ ઉરૂવાળો, પૂર્ણ વિમલ સ્કંધવાળો, મૃદુ ધવલ સૂક્ષ્મ પ્રશસ્ત વિસ્તીર્ણ કેશની ઘટાથી શોભતો, ઉન્નત કરીને સુંદર રીતે ગોળાકાર કરેલ પૂછડાવાળો, સૌમ્ય પ્રકૃતિવાળો, સૌમ્ય આકારવાળો, લીલા કરતો કરતો આકાશમાંથી ઊતરતો પોતાના મુખમાં પ્રવેશ કરતો સિંહ, ત્રિશલા રાણીએ જોયો."

આ વર્ણનમાં સિંહના રંગ રૂપ કે અવયવો ફક્ત બતાવ્યા નથી, ભાવો પણ બતાવ્યાં છે એટલું જ નહિ પણ સિનેમાની ફિલ્મમાં જે ગતિ (motion) બતાવવામાં આવે છે તે ગતિ શબ્દોથી બતાવેલ છે. સિંહની આંખમાં તરવરાટ છે, જિહ્વા લપલપ કરે છે, પૂછડું ગોળાકાર ફરે છે તેમજ તેની સૌમ્ય આકૃતિ છે. વળી તેને લીલા કરતો કરતો, આકાશમાંથી ઊતરતો અને ત્રિશલાના મુખમાં પ્રવેશ કરતો બતાવી ચિત્રમાં ગતિ બતાવેલ છે. ઉપર પ્રમાણે ચૌદે સ્વપ્નોનું વર્ણન શ્રીકલ્પસૂત્રકારે આપેલ છે તે રસવૃત્તિ aesthetic sense થી નીહાળવામાં આવે તો સૂત્રકારના શબ્દ-ચિત્રની અખૂટ કલાનું આપણને ભાન થાય છે. ત્રિશલા રાણી આવા સુંદર સ્વપ્નો જોઇ જાગે છે અને હર્ષપૂર્ણ હૃદયવાળી સ્વપ્નોનું સ્મરણ કરી પોતાના સ્વામી સિદ્ધાર્થ ક્ષત્રિયને જાણ કરવા અત્વરિત અચપલ અસંભ્રાન્ત અવિલંબિત ગતિથી જાય છે. જઇને ઇષ્ટ કાન્ત પ્રિય મનોજ્ઞ મનરૂચક શિવ ધન્ય મંગલ અલંકારિક હૃદયંગમ હૃદય–પ્રસાદનીય મિત મધુર મંજુલ ગિરાથી બોલતી પોતાના સ્વામીને જગાડે છે. સ્વામીએ બેસવાની આજ્ઞા આપ્યા પછી રત્નજડિત આસન ઉપર બેસે છે અને કહે છે કે–હે સ્વામી, મેં પલંગમાં સૂતા સૂતા આવાં ચૌદ સુંદર સ્વપ્ન જોયાં તેનું શું વિશિષ્ટ ફળ થશે ? રાજા વિચાર કરી કહે છે કે –હે દેવાનુપ્રિય ! આવાં કલ્યાણકારી સ્વપ્નો તેં જોયા એટલે અર્થ–લાભ, ભોગલાભ, પુત્રલાભ, સુખલાભ, રાજ્યલાભ થશે અને નવ માસ અને સાડા સાત દિવસ વીત્યે આપણે ત્યાં કુળદીપક પ્રિયદર્શન સુરૂપ પુત્રનો તું જન્મ આપીશ. પછી સવારે રાજા પોતાની કચેરી ભરવાની અને સ્વપ્ન પાઠકોને બોલાવવાનો અનુચરોને આદેશ કરે છે અને પોતે પ્રાતઃકાળમાં ઊઠી કસરતશાળામાં જાય છે. ત્યાં કસરત કરી સ્નાનગૃહમાં સ્વચ્છ સુગંધી જળથી સ્નાન કરે છે. આ પ્રસંગમાં કૃતિકારે રાજાના સ્નાનગૃહ અને સ્નાનજળનું જે વર્ણન આપેલ છે તે વાંચતા દીલ્હી અને આગ્રાના કિલ્લાના મોગલ બાદશાહોના સ્નાનગૃહો અને સુગંધી જલોથી સ્નાન કરવાની રચનાનું સ્મરણ થાય છે. સ્નાન કરી વસ્ત્રાલંકાર પહેરી રાજા કચેરીમાં આવે છે. અને ત્રિશલા રાણી માટે એક હીરા માણેકરચિત યવનિકા–પડદો ગોઠવાવે છે. ત્યાં સ્વપ્ન પાઠકો આવે છે, કૌટુંબિક પુરુષો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભેગા થાય છે, ત્રિશલા રાણીને પડદામાં બેસાડે છે, અને સ્વપ્નપાઠકો ચૌદ સ્વપ્નોની હકીકત સાંભળી તેનો ફલાદેશ બતાવે છે. અને અંતમાં કહે છે કે–ત્રિશલાનો પુત્ર કાં તો ચક્રવર્તી રાજા થશે અથવા ત્રૈલોક્યનાયક ધર્મ ચક્રવર્તી જિનેશ્વર થશે. પ્રસ્તુત ચ્યવન કલ્યાણકના વર્ણનમાં ત્વરિત ગતિ છે, વાસ્તવિકતા છે અને તે વખતના રિવાજો અને આર્યસંસ્કૃતિનો ઉલ્લેખ છે. બીજું આખા ચિત્રમાં ગર્ભહરણની વાત બાજુએ રાખતાં, તે કાળ તે સમય અને તે દેશમાં બનેલ પ્રસંગનું એક વાસ્તવિક સ્વરૂપ સૂત્રકારે રજૂ કરેલ છે. સિદ્ધાર્થને એક રાજાધિરાજ ન કહેતા એક ક્ષત્રિય-ગણાધિપતિ બતાવ્યો છે. તે વખતમાં તે દેશના ક્ષત્રિયો શરીર સંપત્તિ માટે કેવી કસરતો કરતા, કેવા સ્નાનો કરતા, કેવા વસ્ત્રાલંકાર પહેરતા અને કેવી કચેરીઓ ભરતાં તેનું વર્ણન છે. ત્રિશલા સ્વપ્નો જોઈ પોતાના પલંગમાંથી ઊઠી બીજા શયનગૃહમાં સૂતેલા પોતાના સ્વામી પાસે જાય છે, તે જુદા જુદા શયનગૃહમાં સૂવાની હકીકત અર્થસૂચક છે. ત્રિશલા પોતાના સ્વામી પાસે ગયા પછી પણ બેસવાની આજ્ઞા મળ્યા પછી જ આસન ઉપર બેસે છે, તે આર્ય સ્ત્રીઓનો વિનય વિવેક બતાવે છે. કચેરીમાં જવનિકા પાછળ ત્રિશલા રાણી માટે આસન ગોઠવાય છે તે હકીકત તે વખતના ઉચ્ચ કુલોની સ્ત્રીઓનો આચાર બતાવે છે.

ચ્યવન કલ્યાણકનો પ્રસંગ પૂરો કરી કલ્પ–સૂત્રકાર જન્મ કલ્યાણકનો પ્રસંગ આલેખે છે. તેની શરૂઆત ૮૮થી ચિન્હ કરેલ ગદ્યાંકથી થાય છે અને તેમાં મહાવીર ભગવાન ત્રિશલા રાણીની કુખમાં આવ્યા ત્યારથી જ્ઞાતકુલ સિદ્ધાર્થની સંપત્તિ ઉત્તરોત્તર વધતી ગઈ તે બતાવી શરૂઆત થયેલ છે. ઉત્તરોત્તર સંપત્તિ વધતી ગઇ એટલે પુત્ર જન્મે તેનું નામ વર્ધમાન રાખવાનો સંકલ્પ કરવામાં આવે છે. માતાને ગર્ભમાં હલનચલનથી પીડા ન થાય તે માટે હલનચલન બંધ કરતાં માતાને અત્યંત શોક થાય છે તે જાણી ભગવાન માતાપિતાની હયાતી દરમ્યાન માથાના વાળનો લોચ કરી અણગાર ન થવાનો સંકલ્પ કરે છે. આ પ્રસંગ બતાવે છે કે તીર્થંકર જેવા વિશિષ્ટ પુરુષો પણ માતાપિતાના વાત્સલ્ય ભાવની અવગણના કરતા નથી. ત્રિશલા માતા ગર્ભનું રક્ષણ અને પોષણ કેવી સંભાળથી કરે છે તે બતાવી, શ્રી મહાવીર ભગવાનનો જન્મ ગ્રીષ્મઋતુના પહેલા માસના બીજા પખવાડિયામાં ચૈત્ર સુદ ૧૩ના રોજ થયાનો ઉલ્લેખ છે. શ્રી મહાવીર ભગવાનના જન્મ વખતે ગ્રહો ઉચ્ચ સ્થાને હતા, પ્રધાન ચંદ્રયોગ હતો. આ વખતે પ્રકૃતિ--કુદરતનું સ્વરૂપ કેવું હતું તે ચિત્ર પણ માર્મિક શબ્દોમાં કૃતિકારે બતાવેલ છે. સર્વ દિશાઓ સૌમ્ય, અંધકાર રહિત વિશુદ્ધ હતી. જયકારી સર્વ શકુનો હતા. અનુકૂળ સુરભિશીત મૃદુ પવન વાતો હતો. ભૂમિ ઉપર ફળફૂલ અને વનસ્પતિની પૂર્ણ બહાર ખીલી હતી. તે બહારમાં મનુષ્યો વસંતોત્સવ આદિ ક્રીડામાં તલ્લીન હતા. તે કાળમાં, સમયમાં રાત્રીના પાછલા ભાગમાં ઉત્તરા ફાલ્ગુની સાથે ચંદ્રનો યોગ થયે ત્રિશલા રાણીએ પુત્રનો જન્મ આપ્યો હતો. જગત્ ઉદ્ધારક જગત કલ્યાણકારી મહાપુરુષોના જન્મ–સમયે પ્રકૃતિ પણ કેવી સાનુકૂલ થાય છે તેનું ચિત્ર સૂત્રકારે આલેખ્યું છે. ઇંગ્લિશ કવિ મિલ્ટને જીસસ ક્રાઇસ્ટના જન્મ વખતે પ્રકૃતિ–કુદરત કેવી શાંત આનંદમાં હતી તે તેના પ્રસિદ્ધ નેટિવિટી ઓફ ક્રાઈસ્ટના કાવ્યમાં સુંદર શબ્દોમાં વર્ણવેલ છે. તે પ્રમાણે ગૌતમ બુદ્ધ ભગવાનના જન્મસમયે બાહ્ય વાતાવરણ કેવું રમ્ય હતું તે તેના સુપ્રસિદ્ધ લાઈટ ઓફ એશિયાના કાવ્યમાં આરનોલ્ડે ચિત્રેલ છે. જાણે કે જડ કહેવાતી પ્રકૃતિ પણ આવા પ્રસંગમાં ભાગ લેતી ન હોય ! વસ્તુતઃ પ્રકૃતિ પણ એકાંત જડ નથી, તેના ઉપર ચેતનનો પ્રભાવ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પડે છે. અને તે પ્રભાવને ગ્રહણ કરવાનો અને વશ થવાનો પ્રકૃતિમાં પણ સ્વભાવ છે. જો જડ અને ચેતન, પ્રકૃતિ અને પુરુષ અન્યોન્ય વિશ્વમાં સંકળાયેલા ન હોય–એક બીજાથી તદ્દન વિમુખ હોય તો શાસ્ત્રમાં વર્ણવેલ મહાવીર ભગવાન જેવાના દેખીતી રીતે અશકય જણાતા ચંદનબાળા આદિએ પૂર્ણ કરેલ અભિગ્રહો સફળ ન થાય. શ્રી કલ્પસૂત્રકારે આલેખેલું જન્મ કલ્યાણકનું ચિત્ર શાંત, મંદગતિવાળું છે. તેમાં ચ્યવન કલ્યાણક જેવો તરવરાટ, ત્વરિતગતિ કે જુદા જુદા દૃશ્યોનું ઉપરાઉપરી પડવાપણું નથી.

હવે ત્રીજું દીક્ષા કલ્યાણક આવે છે. ભગવાનનો જન્મોત્સવ ઘણી ધામધૂમથી રાજા અને લોકો ઊજવે છે. ભગવાનનું નામ વર્દ્ધમાન પાડે છે. ઉમરલાયક થતાં ભગવાનને પરણાવે છે, એક પુત્રી થાય છે. ભગવાનના ગૃહસ્થાશ્રમનો કાંઇ વિસ્તાર બતાવવામાં આવ્યો નથી. શ્રી ગૌતમ બુદ્ધને જગતમાં જરા મરણ આદિ દુઃખના પ્રસંગો જોઇ વૈરાગ્ય ઉત્પન્ન થયો, અને તેના નિવારણના માર્ગો શોધવા માતાપિતા કે વહાલી પત્નીને જણાવ્યા વિના ઘરબાર છોડ્યા, તે પ્રમાણે મહાવીર ભગવાનના પ્રસંગમાં બનેલ નથી. તેમનો આખો ભાવિક્રમ જન્મ પહેલાંથી જાણે નિશ્ચિત થયો હોય એવું જોવામાં આવે છે. જગત્‌નો ઉદ્ધાર કરવાનું અને જગત્‌માં વ્યાપી રહેલ અધર્મમાંથી જીવોને ધર્મમાર્ગે વાળવાનું મીશન-કાર્ય લઇને તેઓ આવ્યા જણાય છે. તેમના મનુષ્યદેહનું ચોક્કસ મીશન હતું, તે મીશન પાર પાડવાનો દઢ સંકલ્પ હતો. તે સંકલ્પ પૂરો પાડવાને ચોક્કસ માર્ગ દોરી રાખ્યો હતો એટલે તે માર્ગે પ્રયાણ કરવામાં સુખ દુઃખ કે આધિ ઉપાધિ કાંઈ અંતરાય તેઓ માનતા નહિ; માટેજ શ્રી કલ્પસૂત્રકારે ભગવાનના ગૃહસ્થ જીવનમાં કેવું સુખ હતું, અને અણગાર જીવનમાં કેવાં કેવાં દુઃખોનો સામનો કરવાનો હતો, તેનું કાંઈ વર્ણન આપેલ જોવામાં આવતું નથી.

ભગવાને ગર્ભમાં કરેલ સંકલ્પ પ્રમાણે અઠ્ઠા-વીશ વર્ષ સુધી એટલે માતાપિતાની હયાતી સુધી અણગાર થવાની ભાવના ન વ્યક્ત કરી, પછી મોટા ભાઈના આગ્રહથી બે વર્ષ વધારે સંસારમાં નિર્લેપભાવે રહ્યા. પછી પોતાની પ્રવ્રજ્યા લેવાની સ્થિતિ દૈવી સંકેતથી પાકેલી જાણી ભગવાન પ્રવ્રજ્યા લેવા ચાલ્યા. તે વખતે કુળના મોટેરા આશીર્વાદ આપે છે કે-ગ્રહણ કરેલ પ્રવ્રજ્યાનો કઠણ માર્ગ પાળવા હે વીર ! સમર્થ થજે. ભગવાન પ્રવ્રજ્યા લેવા પોતાના ભુવનમાંથી નીકળ્યા અને ક્ષત્રિયકુંડગ્રામ નગરના મધ્યમાં ચાલ્યા તે વખતનું દૃશ્ય અદ્‌ભૂત શબ્દરચનાથી સૂત્રકારે આળેખેલું છે.

સહસ્ર નયનોની માળાથી જોવાતા જોવાતા, સહસ્ર વદનમાળાથી સ્તુતિ કરાતા કરાતા, સહસ્ર હૃદયની માળાથી આશીર્વાદ દેવાતા દેવાતા, જમણા હાથથી હજારો નર–નારીઓના સમૂહથી નમસ્કાર કરાતા કરાતા, ભુવનોની પંક્તિમાંથી પસાર થતાં થતાં, અનેક વાજિંત્રોના મધુર ગાનથી અને મનુષ્યોના જય ઘોષથી સાવધાન થતાં થતાં, અનેક પ્રકારની રિદ્ધિ સાથે ભગવાન નગરના મધ્યમાંથી નીકળે છે. નીકળીને જ્ઞાત વન ઉદ્યાનમાં આવેલા અશોક નામના વૃક્ષ પાસે જાય છે. શિબિકામાંથી નીચે ઊતરી સર્વ આભરણ અને અલંકાર ઉતારે છે, અને છટ્ઠનો તપ કરેલા, હસ્તોત્તરા નક્ષત્રમાં ચંદ્રના યોગમાં એક દેવદૂષ્ય ગ્રહણ કરી એકલા– બીજા કોઇના સાથ વિનાના, લોચ કરી અગારી મટી અણગારિતા–પ્રવ્રજ્યા ગ્રહણ કરે છે. પ્રવ્રજ્યા ગ્રહણ કર્યા પછી પૂર્વભવનાં કઠિન કર્મોનો ક્ષય કરવાને ઘોર તપ કર્યો, અનેક દૈવી અને માનુષી નાના મોટા ઉપસર્ગો સહ્યા તેનું વર્ણન સૂત્રકારે ટુંકાણમાં કર્યું છે પણ કર્મશત્રુને જીતવા નીકળેલ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રભુની શારીરિક, માનસિક અને આધ્યાત્મિ શક્તિઓના પૂર્ણ વિકાસનો જે ચિતાર આપ્યો છે તે અદ્ભૂત છે. એક રાજા ચક્રવર્તી થવાને નીકળે અને તે વખતે તેના શરીર, મન અને વચનની એકતાનતા થતા જે પ્રતાપ દેખાય, તેવું પ્રતાપી સ્વરૂપ ભગવાનનું સૂત્રકારે આળેખેલ છે. જે આખું વાંચવા, શ્રવણ કરવા અને મનન કરવા જેવું છે. જે સમયે ભગવાન અણગાર થઇ વિચરતા હતા તે સમયે ભગવાન ઇરિયાદિ સમિતિયુક્ત હતા. મનસમિતિ, વચનસમિતિ, કાયસમિતિ, મનગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિને ધારણ કરનારા હતા. ગુપ્તેંદ્રિય અને ગુપ્ત બ્રહ્મચારી હતા. ક્રોધ વિનાના, માન વિનાના, માયા વિનાના, લોભ વિનાના, શાંત પ્રશાંત ઉપશાંત અને સર્વ સંતાપ રહિત હતા. અનાશ્રવ, અમમ, અકિંચન, છિન્નગ્રંથ, નિરૂપલેપ, કાંસાના પાત્રની જેમ મુક્ત તોય, શંખ જેવા નિરંજન, જીવની જેમ અપ્રતિહત ગતિવાળા, ગગનની જેવા નિરાલંબન, વાયુ જેવા અપ્રતિબદ્ધ, શરદઋતુના જળ જેવા શુદ્ધ હૃદયવાળા, કમલપત્ર જેવા નિરૂલેપ, કાચબા જેવા ગુપ્તેંદ્રિય, ખગ્નિ જાનવરના શૃંગ જેવા એકલા, પક્ષી જેવા સ્વતંત્ર ગતિવાળા, ભારંડ પક્ષીના જેવા અપ્રમત્ત, હાથી જેવા શૂર, વૃષભ જેવા ભાર ખેંચવામાં પરાક્રમી, સિંહ જેવા દુર્દ્ધર્ષ, મંદર–મેરુપર્વત જેવા અપ્રકંપ, સાગર જેવા ગંભીર, ચંદ્ર જેવા સૌમ્ય, સૂર્ય જેવા તેજસ્વી, કનક જેવા દેદીપ્યમાન, પૃથ્વી જેવા સર્વસ્પર્શ સહનારા, સારી રીતે સળગાવેલા અગ્નિ જેવા તેજથી જ્વલંત એવા તે ભગવાનને કોઈ પ્રકારના દ્રવ્ય ક્ષેત્ર કાળ કે ભાવના પ્રતિબંધ ન રહ્યો. સંસાર પારગામી કર્મશત્રુનો નિર્ઘાત કરવાને ઉદ્યત થયેલા ભગવાનને વાસી કે ચંદન, તૃણ કે મણિ, લોઢું કે કંચન, સુખ કે દુઃખ, આ લોક કે પરલોક, જીવિત કે મરણ સરખા હતા. આ પ્રમાણે અનુત્તર જ્ઞાન, અનુત્તર દર્શન, અનુત્તર ચારિત્ર, અનુત્તર આલય–વસ્તિસ્થાન, અનુત્તર વિહાર, અનુત્તર વીર્ય, અનુત્તર આર્જવ, માર્દવ અને લઘુતા, અનુત્તર ક્ષમા–મુક્તિ, ગુપ્તિ અને તુષ્ટિ, અનુત્તર સત્ય, સંયમ તપ અને સદાચારથી તેમનો નિર્વાણ માર્ગ પરિપકવ ફળવાળો થયો હતો આમ ઉત્તમ આધ્યાત્મિક ભાવો ભાવતા ભાવતા બાર વર્ષ વ્યતીત થયા બાદ તેરમા વર્ષના વૈશાખ શુદ દશમના રોજ ઋજુવાલિકા નદીની તીરે હસ્તોત્તરા નક્ષત્રના યોગે ભગવાનને અનંત અનુત્તર નિર્વ્યાબાધ નિરાવરણ કૃત્સ્ન પરિપૂર્ણ કેવળજ્ઞાન ને દર્શન પ્રાપ્ત થયા, એટલે ભગવાન મહાવીર અર્હન્ થયા, જિન થયા, સર્વજ્ઞ થયા, સર્વદર્શન થયા, દેવ મનુષ્ય અસુર લોકના સર્વપર્યાયો જાણવા અને જોવાવાળા થયા. સર્વજ્ઞ પ્રભુ પછી જગતમાં વિચરવા લાગ્યા. સકલ કર્મસમૂહને હણી મોક્ષ મેળવવા ભગવાને કરેલ સાધનાનું ચિત્ર સૂત્રકારે રજૂ કરેલ છે. આ આખા ચિત્રમાં ભગવાનને કેંદ્રમાં મૂકયા છે.

આગલા ચિત્રોની જેમ કેંદ્ર સ્થાનમાં લાવવા ભગવાનની આસપાસ બીજા ગૌણ ચિત્રોની હારમાળા ગોઠવેલ નથી. પણ ભગવાનને ઉત્તરોત્તર વૃદ્ધિ પામતા આધ્યાત્મિક ગુણોના ભંડારથી પૂર્ણ સ્વરૂપે સન્મુખ આણ્યા છે. આખા ચરિત્રનો આ ભાગ ભગવાનની સાધના અવસ્થાવાળો મુખ્ય છે. સંસારસાગરનો પાર પામતાં પામતાં કાંઠે આવતા એક કુશળ નાવિકની જેમ કેટલું સાવધાન રહેવું પડે, જરા ગફલત થાય તો પાછા સંસારસાગરમાં ભટકવાનો પ્રસંગ ઊભો થાય તે માટે પ્રમાદરહિત કેવા મન વચન અને કાયાના યોગ હોવા જોઇએ, આત્માને કેટલો ઉપયોગ હોવો જોઇએ અને કેટલો દઢ સંકલ્પ હોવો જોઇએ તે વર્ણન શ્રી કલ્પસુત્રકારે મનનીય શબ્દોમાં કર્યું છે. દરેક મુમુક્ષુએ આ વચનો વાંચવા, શ્રવણ કરવા, મનન કરવા અને નિદિધ્યાસન કરવા જેવા છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભગવાન કેવલી થયા, સર્વજ્ઞ થયા અને તીર્થંકર થયા અને ધર્મ સમજાવવા જુદા જુદા દેશોમાં અને નગરોમાં વિચર્યા તે વર્ણન સુત્રકારે સંક્ષેપમાં એક ઐતિહાસકાર તરીકે કરેલ છે. કળાકાર તરીકે કરેલ નથી. ત્રીશ વર્ષમાં થોડા ઓછા દિવસો કેવળી પર્યાય પાળી પાવા નગરીમાં સ્વાતી નક્ષત્રમાં નિર્વાણ પામ્યા એવું દર્શાવી મહાવીર ભગવાનનું ચરિત્ર સુત્રકારે પૂરું કરેલ છે.

બનારસના પ્રખ્યાત સારનાથના બૌદ્ધ મંદિરની ઉપરની છતમાં સોનેરી રૂપેરી રંગોથી જાપાનીસ ચિત્રકારોએ ભગવાન બૌદ્ધના જન્મથી નિર્વાણ સુધીના પ્રસંગોની જે અદ્‌ભૂત ચિત્રરચના કરેલ છે અને તે રચનામાં ભગવાન બૌદ્ધના વ્યકિતત્વને કેવા ઉત્કૃષ્ટ સ્થાનમાં (prominence) કેવા ચિત્રામણથી મૂકેલ છે તેવા પ્રકારનું કાંઈ ચિત્ર ભગવાન મહાવીરનું શ્રી ભદ્રબાહુસ્વામીએ કલ્પસુત્રમાં શબ્દોથી આલેખેલ છે.

શ્રી કલ્પસુત્રમાં બતાવેલ શ્રી મહાવીર ભગવાનનું ચરિત્રનું મન, વચન અને કાયાને તપ આદિથી શુદ્ધ કરી, આત્માને ઉપયોગવંત કરી, જો વાંચન શ્રવણ અને મનન કરવામાં આવે, તેમાં બતાવેલ સંસાર પાર પામવાનો માર્ગ ગ્રહણ કરવામાં આવે, પાર પામવા જીવ ઉદ્યમવંત થાય થાય તો થોડા જ ભવમાં તે જીવ મુકિત પામે, માટે હે વાચકો, તમે પણ પર્યુષણ મહાપર્વમાં મહાવીર ભગવાનનું અને અન્ય ભગવાનોના ચરિત્રો વાંચવા સાંભળવા ઉદ્યમવંત બનો અને યથાશકિત તપ આદિ ક્રિયા કરી, મનની શુદ્ધિ કરી, ભગવાને પ્રરૂપેલ માર્ગે આવા સંકલ્પ કરો, જેથી તમારો પણ મુકિત માર્ગ સુલભ થાય.

**શ્રી કલ્પસૂત્રમાં ભગવાન મહાવીરના ચ્યવન આદિ કલ્યાણકોની રૂતુ આદિ સ્પષ્ટ બતાવનાર પત્રક.**

(૧) ચ્યવન–ગ્રીષ્મરૂતુના ચોથા માસના આઠમા પખવાડીયાની આષાઢ શુદ છઠ્ઠ. ગર્ભ સંક્રમણ –વર્ષા રૂતુના ત્રીજા માસના પાંચમા પખવાડીયાની આસો વદ તેરશ.

(૨) જન્મ–ગ્રીષ્મરૂતુના પહેલા માસના બીજા પખવાડીયાની ચૈત્ર શુદ તેરશ.

(૩) દીક્ષા–હેમંતરૂતુના પહેલા માસના પહેલા પખવાડીયાની માગશર વદ દશમ.

(૪) કેવળજ્ઞાન–ગ્રીષ્મરૂતુના બીજા માસના ચોથા પખવાડીયાની વૈશાખ શુદ દશમ.

(૫) નિર્વાણ–વર્ષારૂતુના ચોથા માસના સાતમા પખવાડીયાની કારતક વદ પુનમ.

**શ્રી કલ્પસૂત્ર પ્રમાણે રૂતુ–માસ વિગેરે બતાવનાર કોષ્ટક:**

**હેમંતરૂતુ શિયાળો**

| માસ | પખવાડીયું | તિથિ | હાલની ગણત્રી | |
|---|---|---|---|---|
| (૧) માગશર | ૧ | માગશર વદ ૧ | કારતક વદ ૧ | **માગશર વદ ૧૦ દીક્ષા** |
| | ૨ | માગશર શુદ ૧ | — | |
| (૨) પોષ | ૩ | પોસ વદ ૧ | માગશર વદ ૧ | |
| | ૪ | પોસ શુદ ૧ | — | |
| (૩) મહા | ૫ | મહા વદ ૧ | પોસ વદ ૧ | |
| | ૬ | મહા શુદ ૧ | — | |
| (૪) ફાગણ | ૭ | ફાગણ વદ ૧ | મહા વદ ૧ | |
| | ૮ | ફાગણ શુદ ૧ | — | |



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ગ્રીષ્મઋતુ ઉનાળો

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) | ચૈત્ર | ૧ | ચૈત્ર વદ ૧ | ફાગણ વદ ૧ | |
| | | ૨ | ચૈત્ર શુદ ૧ | — | ચૈત્ર શુદ ૧૩ જન્મ |
| (૨) | વૈશાખ | ૩ | વૈશાખ વદ ૧ | ચૈત્ર વદ ૧ | |
| | | ૪ | વૈશાખ શુદ ૧ | — | વૈશાખ શુદ ૧૦ કેવળજ્ઞાન |
| (૩) | જેઠ | ૫ | જેઠ વદ ૧ | વૈશાખ વદ ૧ | |
| | | ૬ | જેઠ શુદ ૧ | — | |
| (૪) | આષાઢ | ૭ | આષાઢ વદ ૧ | જેઠ વદ ૧ | |
| | | ૮ | આષાઢ શુદ ૧ | — | આષાઢ શુદ ૬ ચ્યવન |

## વર્ષાઋતુ ચોમાસુ

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) | શ્રાવણ | ૧ | શ્રાવણ વદ ૧ | આષાઢ વદ ૧ | |
| | | ૨ | શ્રાવણ શુદ ૧ | — | |
| (૨) | ભાદરવો | ૩ | ભાદરવા વદ ૧ | શ્રાવણ વદ ૧ | |
| | | ૪ | ભાદરવા શુદ ૧ | — | |
| (૩) | આસો | ૫ | આસો વદ ૧ | ભાદરવા વદ ૧ | આસો વદ ૧૩ ગર્ભ સંક્રમણ |
| | | ૬ | આસો શુદ ૧ | — | |
| (૪) | કારતક | ૭ | કારતક વદ ૧ | આસો વદ ૧ | કારતક વદ ૧૫ નિર્વાણ |
| | | ૮ | કારતક શુદ ૧ | — | |

શ્રી કલ્પસૂત્ર આદિ શાસ્ત્રમાં બતાવેલ મહિનાને પુનમિયા મહિના એટલે પુનમ પછીથી શરૂ થતા મહિના કહેવામાં આવે છે. તેમાં ઋતુ અને માસ વદથી (આપણે ગણીએ છીએ તેમ શુદથી નહિ) શરૂ થાય છે. બંને ગણત્રીમાં શુદ સરખી આવે છે, પણ પુનમિયા મહિનાની ગણત્રીમાં વદ આપણા પાછલા મહિનાની આવે છે. તેમની કારતક વદને આપણી આસો વદ કહેવામાં આવે છે

---

જગતની દૃષ્ટિ આગળ એક તત્ત્વ સુનિશ્ચિત છે અને તે બધા પ્રાણધારીઓમાં 'હું'નું વેદન–સંવેદન થાય છે તે. એ સર્વાનુભવસિદ્ધ અને સર્વમાન્ય તત્ત્વના આધાર પર 'જીવો અને જીવવા દો'નો ઉપદેશ સર્વગ્રાહ્ય બન્યો છે બીજાના હિતને ભોગે પોતાનું હિત સાધવું એ અનીતિ છે, દોષ છે, પાપ છે. 'હું'નું સંવેદન બધા પ્રાણીઓમાં એકસરખું હોવાથી બધાયે સદ્‌ભાવ અને મૈત્રીથી રહેવું એમાં સૌનાં હિત અને સુખ સમાયાં છે.

—મુનિ ન્યાયવિજયજી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શાપરીઆ

શીપ
બીલ્ડર્સ
અને
એન્જીનીયર્સ

: બનાવનારા :

- બાર્જીસ
- લાઈફ બોટસ
- ટગ્ઝ
- ડ્રેજર્સ
- પોન્ટુન્સ
- મુરીંગ બોયઝ
- બોયન્ટ એપરેટસ

વિગેરે.....................

: બનાવનારા :

- રોલીંગ શટર્સ
- ફાયર પ્રુફ ડોર્સ
- રોડ રોલર્સ
- વ્હીલ બેરોઝ
- રેફયુઝ હેન્ડ કાર્ટસ
- પેલ ફેન્સીંગ
- સ્ટીલ ટેન્કસ

વિગેરે.....................

## શાપરીઆ ડોક એન્ડ સ્ટીલ કું.
## પ્રાઈવેટ લીમીટેડ.

ચેરમેન :-શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ
મેનેજીંગ ડીરેકટર :-શ્રી અમૃતલાલ ભાણજીભાઈ શાપરીઆ

રજીસ્ટર્ડ ઓફિસ અને શીપયાર્ડ
શીવરી ફોર્ટ રોડ,
મુંબઈ-૧૫ (ડી. ડી.)

ફોન : ૪૪૦૦૭૧, ૪૪૦૦૭૨, ૪૪૩૧૩૩
ગ્રામ : 'શાપરીઆ' શીવરી-મુંબઇ.

એન્જીનીયરીંગ વર્કસ અને ઓફિસ
પરેલ રોડ, ક્રોસ લેન,
મુંબઈ-૧૨ (ડી. ડી.)

ફોન : ૩૭૦૮૦૮, ૩૭૪૮૯૩
ગ્રામ : 'શાપરીઆ' પરેલ-મુંબઈ.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મહાપર્વની આરાધના

લે. સાધ્વીશ્રી મૃગાવતીજી મહારાજ

**ભગવાન** મહાવીરના શાસનમાં આત્માની આરાધના માટે કેવાં સુંદર પર્વો આવે છે! પર્વોની પાછળ કેટલો સુંદર ઉદ્દેશ રહ્યો છે! પર્વો બે પ્રકારનાં હોય છે. લૌકિકપર્વો અને લોકોત્તરપર્વો. પર્વાધિરાજ પર્વ પર્યુષણ એક લોકોત્તર પર્વ છે. આઠ દિવસોમાં છેલ્લા દિવસની આરાધના તો ભવસાગરથી તરવાનો પુલ છે.

સંવત્સરી મહાપર્વ એટલે આત્મશુદ્ધિનું પુનિતપર્વ. તે દિવસે કરવાની આલોચના, પ્રતિક્રમણ આદિ ધર્મક્રિયાઓનો ઉદ્દેશ કેટલો વિશુદ્ધ છે! એ વિશુદ્ધિ જો આપણને સ્પર્શી જાય તો આપણો બેડો પાર થઇ જાય. તેમાં પાછલું ભૂલી અથવા પાછલી ભૂલ માટે પશ્ચાત્તાપ કરી નવું સર્જન કરવાની વિશાળ ભાવના રહેલી છે.

આત્મશુદ્ધિના તે પુણ્યપર્વે ક્ષમા માંગવી અને ક્ષમા આપવી તેમાં નમ્રતા, સરલતા અને ઉદારતાની જરૂર છે. ભગવાન મહાવીરનો અન્તિમ ઉપદેશ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં સચવાયો છે. એ સૂત્રનાં ૩૬ અધ્યયનો છે. તેમાં પ્રથમ અધ્યયન વિનયનું છે. વળી, શાસ્ત્રમાં કહ્યું છે કે "**जिणसासणे विनयमूलो धम्मो**" જૈનશાસનમાં ધર્મનું મૂળ વિનય છે. ભગવાને આગળ ત્રીજા અધ્યયનમાં ફરમાવ્યું કે "**सोहि उज्जुयभूयस्स धम्मो सुद्धस्स चिट्ठइ**" જે આત્મામાં ઋજુતા છે, સરળતા છે ત્યાંજ ધર્મ સ્થિર થાય છે. આ બન્ને વાકયોથી સમજાય છે કે આત્મશુદ્ધિ માટે નમ્રતા અને સરળતાની પ્રથમ આવશ્યકતા છે એટલે આત્મશુદ્ધિના અભિલાષી જીવોએ નમ્રતા તથા સરલતાને પ્રથમ સ્થાન આપવું જોઇએ. તે પછીજ આગળ વધી શકાય. વિનયવાન સરલ પરિણામી આત્મા પોતાની ભૂલ કબૂલ કરી જલદીથી ક્ષમા માંગે છે અને બીજાને ભૂલ માટે એને ઉદારતાપૂર્વક ક્ષમા આપે છે. આવા જીવોની ભાવના ઘણી વિશાળ હોય છે. તેઓ પોતાની આજુબાજુ પ્રેમ અને શાન્તિનું વાતાવરણ સર્જે છે અને ભેદભાવની નદી ઉપર પ્રેમ અને ઔદાર્ય દાખવી એકતાનો પુલ બનાવે છે. આવા પુલ બનાવવાવાળા ધર્મ-ઈજનેરોની જરૂર છે આજના સમયમાં.

જેનાં મનમાં મારાં તારાંનો ભેદ હોય છે, જે અનેક ગ્રંથીઓથી પીડિત હોય છે તે વ્યક્તિ ક્ષમાપનાની–ક્ષમા લેવા દેવાની ક્રિયા કઇ રીતે કરી શકશે? તે ક્રિયા તેની ઉપરછલ્લી હશે તો પ્રેમ કે એકતાનું વાતાવરણ શી રીતે સર્જાશે?

જીવનમાં આત્મશુદ્ધિનું પર્વ એકવાર પણ સાચું ઊજવાય તો આનંદ ઊર્મિઓની રેલમછેલ એવી થઈ જાય કે તેમાં ભેદભાવનો કચરો વહી જાય અને આત્મા ઉજ્જવલ બની જાય.

ક્ષમાપના એ જીવંત ધર્મભાવના મટીને એક પ્રકારની રૂઢિ બની ગઈ છે એટલે લગભગ આપણે જેની સાથે સંબંધો હોય છે તેઓની સાથે જ ક્ષમાનું આદાનપ્રદાન કરવા પત્રો લખીએ છીએ. એકબીજાના સ્થાને જઇએ છીએ. આ ઠીક છે, એથી મૈત્રી ગાઢ થશે પરંતુ જેનું દિલ દુભાવ્યું હોય, જેનું મનથી અકુશળ ચિંતવ્યું હોય, વચનથી અકુશળ બોલાયું હોય, કાયાથી જેનાં પ્રત્યે અકુશળ પ્રવૃત્તિ થઈ હોય તેઓની પાસે અંતઃકરણથી ક્ષમા માંગવી જોઇએ. સાચી ક્ષમાપના આજ કહેવાય. આપણે ત્યાં આવા ઘણાં દૃષ્ટાંતો છે. ક્ષમા માંગતાં કેવળજ્ઞાન પ્રગટે; ક્ષમા માંગતાં શત્રુ રાજાઓ શત્રુતા ભૂલી સાધર્મિક સંબંધ સ્થાપિત કરે; ક્ષમા માંગતાં અનેક મુનિમહાત્માઓ સંતો પોતાની સાધુતાનો–પોતાના યોગીપણાનો સાચો પરિચય આપે. આવી ક્ષમા માંગવાની ભાવના આપણામાં લાવવાનો પ્રયત્ન કરવો કેટલો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જરૂરી છે તે વિષે આપણાં સૂત્રોમાં અનંતાનુબંધી કષાયોનું વર્ણન આવે છે તે વિચારતાં, આત્મ-નિરીક્ષણ કરતાં, આપણે ક્યાં છીએ તેનું આપણને ભાન થયા વગર રહેશે નહિ.

પ્રભુએ ઝેરભરેલા સર્પને પ્રેમનો પરિચય આપીને શાન્ત બનાવ્યો તો આપણે આપણી આજુબાજુ રહેતાં માનવોને તો આવો પરિચય આપીએ. માનવની ચૈતન્યશક્તિ–સમજણશક્તિ સર્પથી ઘણાં અંશે વધારે છે. આપણા પ્રેમને અને આપણી નમ્રતા–સરળતાને માનવ જલદી સમજી શકે. ખરેખર આટલી સમજણ આપણામાં આવી જાય તો ઘરમાં, કુટુંબમાં, સંઘમાં, સમાજમાં પ્રેમનું વાતાવરણ પ્રસરે, સંઘ કે સમાજમાં શાન્તિ સ્થપાય અને આપણને શાન્તિમય આનંદનો અનુભવ થાય. આ માટે આપણે સૌ ભગવાનનાં શાસનની સાચી આરાધના કરી વીતરાગ પંથનાં સાચા પથિક બનીએ, અને આવું લોકોત્તર મહા-પર્વ નિષ્ઠાપૂર્વક ઊજવીએ.


# लालभाई दलपतभाई ग्रन्थमाला-अमदावाद

2 5, 15, 20 CATALOGUE OF SANSKRIT AND PRAKRIT MANUSCRIPTS: Muni Shri Punyavijaya's Collection Part I Rs. 50-00, Part II Rs. 40-00 Part III Rs. 30-00, Part IV Rs. 40-00

३ काव्यशिक्षा विनयचंद्रसूरिकृत १०-००

४ योगशतक आचार्य हरिभद्रकृत स्वोपज्ञवृत्ति तथा ब्राह्मसिद्धान्त समुच्चय सह ५-००

६ १६ २४ रत्नाकरावतारिका रत्नप्रभसूरिकृत प्रथम द्वितीय तृतीय भाग ८-००, १०-००, ८-००

७ गीतगोविन्दकाव्यम् महाकवि-श्रीजयदेवविरचित मानाङ्कटीकासह ८-००

८ नेमिरंगरत्नाकर छंद-कवि लावण्यसमयकृत ६-००

9 THE NATYADARPANA OF RAMACHANDRA & GUNACHANADRA A Critical Study Dr. K. H. Trivedi 30-00

१० १४, २१, विशेषावश्यभाष्य-स्वोपज्ञ वृत्ति सह प्रथमभाग, द्वितीयभाग, तृतीयभाग १५-००, २०-००, २१-००

11 AKALANKA'S CRITICISM OF DHARMAKIRTI'S PHILOSOPHY A Study : Dr. Nagin Shah 30-00

१२ रत्नाकरावतारिकाद्यश्लोकशतार्थी वाचकश्रीमाणिक्यगणि ८-००

१३ शब्दानुशासन-आचार्य मलयगिरि विरचित ३०-००

१७ कल्पलताविवेक-कल्पपल्लवशेष-अज्ञातकर्तृक ३२-००

१८ निघण्टुशेष-सटीक-हेमचन्द्रसूरि ३०-००

19 Yogabindu with English Trans 10-00

२२ शास्त्रवार्तासमुच्चय हिंदी अनुवाद सह २०-००

२३ तिलकमंजरीसार, पल्लीपालधन-पाल कृत १२-००

२५ ३३ नेमिनाह चरिउ, हरिभद्र ८०-००

26 A Study of Mahapurana 30-00

27 Yogadristisamuccaya with English translation 8-00

28 Dictionary of Prakrit Proper Names 32-00

२९ प्रमाणवार्तिक भाष्यकारिकाध-पाद सूचि ८-००

३० प्राकृत जैन कथा साहित्य-डॉ. जगदीशचन्द्र जैन १०-००

31 Jain Ontology, Dr. Dixit 30-00

32 Philosophy of Shri Swaminarayan 30-00

३४ अध्यात्मबिन्दु ६-००

३५ न्यायमंजरीग्रन्थीभंग ३६-००

## લાલભાઈ દલપતભાઈ વિદ્યામંદિર, અમદાવાદ–૯


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રતિક્રમણ એ મહાયોગ

સાધુ અને શ્રાવકે સવાર–સાંજ અવશ્ય કરવા યોગ્ય પ્રતિક્રમણની ક્રિયા એક મહાયોગ છે; કેમકે 'યોગ' એટલે મોક્ષની સાથે આત્માને યોજી આપે તે. એવા યોગમાં બાહ્ય અને આભ્યન્તર તપ ગણાય. તેમાં આભ્યન્તર તપ ચડિયાતો છે; અને આભ્યન્તરમાં પણ 'પ્રાયશ્ચિત'ને પહેલો નંબર આપ્યો છે. પ્રતિક્રમણમાં પાપોનું પ્રાયશ્ચિત થાય છે. એટલે યોગોમાં તેના ઊંચો નંબર હોવાથી પ્રતિક્રમણને 'મહાયોગ' કહી શકાય.

બીજું પણ એક કારણ આ છે કે પ્રતિક્રમણમાં વિનય, ધ્યાન, કાયોત્સર્ગ અને સ્વાધ્યાય પણ આવે છે તેથી પણ એ મહાયોગ છે. આવા પ્રતિક્રમણની સાધના શ્રાવક–શ્રાવિકાએ પણ રોજ ઉભય ટંક કરવી જોઇએ; જેથી પાપોનાં પ્રાયશ્ચિત થાય.

કેટલાક સમજે છે કે પ્રતિક્રમણ તો વ્રતધારી શ્રાવક–શ્રાવિકાએ જ કરવાનું હોય; કેમકે એમણે લીધેલા વ્રતમાં અતિચાર લાગ્યા હોય તેની શુદ્ધિ પ્રતિક્રમણથી થાય.

પરંતુ આ અધુરી સમજ છે. શાસ્ત્રે 'પડિસિદ્ધાણં કરણે....' એ ગાથાથી ચાર સ્થાન માટે પ્રતિક્રમણ કરવાનું કહ્યું છે.

(૧) પ્રતિષિદ્ધ યાને નિષેધેલ અર્થાત્ પ્રતિજ્ઞાથી કે જિનવચનથી ત્યાગ થયેલનું કરણ.

(૨) કૃત્ય કર્તવ્યોનું અ–કરણ.

(૩) તત્ત્વ–માર્ગ–સિદ્ધાન્ત વગેરેનું અ–શ્રદ્ધાન; અને

(૪) જિનવચનથી તેમજ જિનોક્ત માર્ગ, તત્ત્વ વગેરેથી વિપરીત પ્રરૂપણા.

જ્યારે આ ચારે સ્થાને પ્રતિક્રમણ કરવાનું છે, તો પછી વ્રત નહીં લીધેલ ગૃહસ્થને પણ વર્તાવમાં, વાણીમાં યા વિચારોમાં જિન વચને નિષેધેલનું આચરણ આવી જવા સંભવ છે; તેમજ જિનાજ્ઞાએ ફરમાવેલ કેટલાય કર્તવ્યનું પાલન નથી પણ થતું, તથા રાગ–દ્વેષ જડવાદ, વિલાસવાદ, આધુનિક વિજ્ઞાનવાદ, ચમત્કારદર્શન વગેરેના જોરમાં આત્માની અંદર કયારેક જિનવચન પર અશ્રદ્ધા ભલે ક્ષણવાર પણ થઈ આવવી સુસંભવિત છે. અને મફતિયા વાતોમાં વિકથામાં કે હોશિયારિના બોલમાં કયારેક જિનાજ્ઞાથી વિપરીત બોલાઇ જવાનો પણ અસંભવ નથી. આ જાણ્યે–અજાણ્યે ચારે પ્રકારનાં પાપ સેવાઇ જાય, અને જો પ્રતિક્રમણ ન થાય, તો એ રોજનાં પાપોના ગંજ આત્મા પર ખડકાયેજ જાય, તો પછી આત્માની પરભવે શી દશા થાય ?

શાસ્ત્ર કહે છે કે, જીવને એક દિવસમાં પણ એટલાં બધાં પાપ લાગે છે, કે મોટા મેરુ વગેરે પર્વતો જેટલા સોનાનું દાન કરવાથી પણ એ છૂટે નહિ. એ પાપોના છૂટકારો 'પ્રતિક્રમણથી' થાય છે.

રોજને રોજ પ્રતિક્રમણ નહિ કરનારો ગૃહસ્થ 'આપણે કયાં રોજ પ્રતિક્રમણ કરીએ છીએ' એમ માનીને એવા ભૂલાવામાં પડે છે, કે પછી અવરનવરેય પ્રતિક્રમણ કરવાનું રાખતો નથી, ને વિના સંકોચ વાતોમાં, હરવા ફરવામાં કે આરામમાં સમય વેડફી નાખે છે. ત્યાં પ્રતિક્રમણ પ્રત્યે ઉપેક્ષા થાય, 'એ ન કરીએ તો ચાલે' એમ લાગે. બિનજરૂરી લાગે, એમ બનવાજોગ છે, કે ત્યાં પછી સમ્યક્ત્વ પણ ઊભું ન રહે ! કે પ્રાપ્ત થાય નહિ.

પ્રતિક્રમણ અવશ્ય કરવું જોઇએ. રોજ સવાર સાંજ ન બની શકે, તો પણ રોજ એકવાર, યા રોજ નહિ તો અવરનવર પણ સમય કાઢીને પ્રતિક્રમણ કરવા યોગ્ય છે. જેથી એની ઉપેક્ષાના ને અવગણનાના પાપથી બચી જવાય, મિથ્યાત્વ લાગવાથી પણ બચી જવાય.

પ્રતિક્રમણમાં પાપોનાં પ્રાયશ્ચિત ઉપરાંત દેવવંદન, સ્વાધ્યાય, કાયોત્સર્ગ, ધ્યાન વગેરેનાં પણ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મહાન લાભ મળે છે. પ્રતિક્રમણમાં પહેલું "સામાયિક આવશ્યક" કરવાનું હોય છે. એમાં વળી સમભાવ અને અનંતા જીવોને અભયદાનનો મહાન લાભ મળે છે. આટલા બધા જંગી મહાલાભો આપનાર પ્રતિક્રમણમાં આળસ–ઉપેક્ષા કેમ થાય?

પ્રતિક્રમણમાં એક વિશિષ્ટ લાભનો હવે વિચાર કરીએ.

પ્રતિક્રમણ એ મહાયોગ કેમ, અને એની આવશ્યકતા કેટલી બધી અગત્યની છે એનો વિચાર આપણે કર્યો. હવે એમાં એક વિશિષ્ટ લાભનો વિચાર કરીએ. જેથી આ વિશિષ્ટ લાભ કરાવનારા પ્રતિક્રમણ–મહાયોગને હાથ વેંતમાં છતાં ન ચૂકીએ.

આ એક હકીકત છે કે, ઉચ્ચ માનવ–જીવનમાં આવ્યા છતાં હૃદયમાં મલિન ભાવો સારી રીતે રમતા અનુભવીએ છીએ. જીવને ભાન નથી કે 'આ ભાવો ભૂતકાળની કાળી કારકિર્દી સૂચવી રહેલ છે, અને ભવિષ્યકાળ માટે દુઃખદ દુર્દશાની આગાહી કરે છે.' ત્યારે મલિન ભાવોથી વર્તમાન આત્મદશા તો ભૂંડી જ રહી. આમ શું ત્રણેય ભાવો હારી જ જવાના? કવિ પ્રભુને સ્તવતાં કહે છે.

'ધર્મતણે દંભે કરીજી, પૂર્યાં અર્થ ને કામ;
તેહથી ત્રણ ભવ હારિયોજી, બોધ હોવે વળી વામ,
કૃપાનિધિ! સુણ મોરી અરદાસ.'

પરંતુ આમ માત્ર રોદણાં રોયે જીવનની બાજી જીતાય એમ નથી. મલિન ભાવોને હટાવવાનો ભગીરથ પુરુષાર્થ કરવાની અત્યંત આવશ્યકતા છે. એ માટે કાંઈ દિલ બંધ કરી દઈએ એ શકય નથી, કેમકે દિલમાં ચૈતન્ય છે, એટલે એ ભાવ વિનાનું બની શકે એમ નથી.

સામાન્ય રીતે સંસારી જીવ સાથે મુખ્યતયા ઔદયિક અને ક્ષયોપશમિક ભાવ સંકળાયેલા જ રહે છે. 'ઔદયિક' એટલે કર્મના ઉદયથી થતો આત્મ-પરિણામ. 'ક્ષાયોપશમિક' એ કર્મના ક્ષાયોપશમનો આત્મપરિણામ. હવે ૧૦મું ગુણસ્થાનક ન પામીએ અને એથી પણ ઉપર ન ચડીએ ત્યાંસુધી મોહનીય કર્મનો ઉદય ચાલુજ રહે છે. મોહનીય કર્મોના ઉદયને લીધે આત્મામાં ક્રોધ–માન–રાગદ્વેષ વગેરે ભાવ જાગતા હોય છે, એ ઔદયિક ભાવ છે. હવે જો તે તે ક્રોધમોહનીય, માનમોહનીય વગેરે કર્મોનો ક્ષયોપશમ અર્થાત્ કથંચિત્ ક્ષય કરીએ તો એથી ક્ષમા વગેરે ભાવ જાગતા થાય; અને આ ક્ષમાદિ ભાવ પેલા ક્રોધાદિ ભાવને અટકાવી દે. આમ ભાવ તો આત્મામાં રહે જ, પરંતુ સારા શુભ ભાવથી નરસા અશુભ ભાવને દબાવી રોકી શકાય.

એટલે આમ મલિન ભાવોને અટકાવવા માટે શુભ ભાવો જગાવવાનો પુરુષાર્થ કરવો જરૂરી બન્યો. હવે શુભ ભાવ શુભ આલંબને જાગી શકે. એટલા માટે જિનમંદિર, ઉપાશ્રય, સાધુસેવા, તીર્થ, શાસ્ત્ર વગેરેનું બહુ આલંબન પકડવાનું છે. અનુભવાય છે કે ઘર, બજાર, બાગ, સિનેમા વગેરે કરતાં મંદિર–ઉપાશ્રય વગેરેનો આશ્રય કરવામાં શુભ ભાવો જાગે છે. એવું જ ભૌતિક છાપાં નોવેલ આદિને બદલે ધાર્મિક સાહિત્યનું વાંચન, તથા દુન્યવી પ્રવૃત્તિ મૂકી દેવદર્શનાદિ ધાર્મિક ક્રિયામાં જોડાવાથી શુભ ભાવનો અનુભવ થાય છે. એટલે શુભ ભાવો માટે આ બધાં આલંબન ખૂબ પકડવા જરૂરી ઠરે છે.

હવે મુશીબત આ છે કે આ આલંબનો સેવવા છતાં મલિન ભાવો ભભુકયા કરવાનું ચાલુ છે એવો અનુભવ છે. તો પ્રશ્ન એ છે કે આને કેમ અટકાવવા ?

આ મુશીબતનું કારણ એ છે કે એક બાજુ દુન્યવી પ્રવૃત્તિઓ બહુ થાય છે, બહુ હોંશથી થાય છે, અને બીજી બાજુ આ શુભ ભાવ જે કરવામાં આવે છે તે પોચલા–માંદલા જેવા કરાય છે. માટે અશુભ ભાવોને અટકાવવા–મંદ કરવાનો ઉપાય આ છે કે દુન્યવી પ્રવૃત્તિઓ ઓછી કરી નાંખવી અને એમાંય હોંશ ઘટાડી નાખવા માટે બીજી બાજુ શુભ ભાવોમાં ખૂબ ઉલ્લાસ અને વેગ લાવવો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ શુભ ભાવોલ્લાસ મેળવવા માટે પ્રતિક્રમણની ક્રિયા એ જબરદસ્ત સાધન છે. પ્રતિક્રમણમાં જિનભક્તિ, ગુરુવિનય, સમભાવ, પાપોનો પશ્ચાત્તાપ, જીવદયા, ક્ષમાપના, ઉપશમ, સ્થિર શુભ ધ્યાન, સંલીનતા વગેરે શુભ ભાવોને અવકાશ મળે છે. અને તેમાં ધાર્યા પ્રમાણે વેગ અને ઉલ્લાસ જગાવી શકાય છે. આ લક્ષ્ય જો રાખવામાં આવે તો પ્રતિક્રમણ એ વિવિધ સૂત્રો અને ક્રિયા ભર્યું હોવાથી એ ઉપરોકત અનેકવિધ શુભ ભાવોલ્લાસને જગાવવા માટે ઉત્તમ સાધન છે માટે જ એ "મહાયોગ" છે જિનશાસન સાથે મળેલા માનવજીવનમાં જ આ સુશકય છે, તો એ કરવાનું શુભ ભાવોલ્લાસનો અર્થી કોણ ચૂકે ?

સાવધાની આ જોઈએ કે પ્રતિક્રમણ કરતી વખતે દરેક સૂત્ર–ઉચ્ચારણ અને દરેક ક્રિયા તે તે શુભ ભાવમાં ઉછાળો લાવીને કરવી. એ કરવા માટે એમાં બહુ સરળતા છે. પ્રતિક્રમણમાં બેઠા એટલે સામાયિકની પ્રતિજ્ઞા કરીને બેઠેલા હોવાથી અશુભને અટકાવી શુભમાં બંધાયેલા છીએ. માત્ર કરવાનું આ, કે દા. ત. "કરેમિ ભંતે" બોલતાં મહાવીર પ્રભુ જેવો મોહને પડકાર અને સમભાવને ઉછળતો કરવા પ્રયત્ન રાખવાનો. એમ લોગસ્સ "નમુત્થુણં" બોલતાં જાણે જીવંત તીર્થંકર ભગવાન સામે છે, એ રીતે ખૂબ જ ભકિતભાવ અને ગદ્દગદ પ્રાર્થનાભાવ ઉછળતો કરવાનો. એમ કાયોત્સર્ગમાં મહાવીર પ્રભુના જેવી અડગ તન્મયતા લાવવા ભારે સજાગ બનવાનું. પ્રતિકમણમાં આ રીતના ઉછળતા ભાવોલ્લાસ કરાય, એથી દુન્યવી પ્રવૃત્તિમાં પણ અશુભ ભાવ મંદ પડતા જાય છે. બસ, આ સધાવી આપનાર "પ્રતિક્રમણ એ મહાયોગ" છે.

('દિવ્ય દર્શન'માંથી સાભાર ઉદ્ધૃત)


# ● લોખંડ ●

ના

○ ગોળ અને ચોરસ સળીયા □

પટ્ટી તેમજ પાટા

> વિગેરે મળશે ◁

## ધી ભારત આર્યન એન્ડ સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ

રૂવાપરી રોડ, **ભાવનગર**

ટેલીગ્રામ : આયર્નમેન

ફોન : ઓફીસ : { ૫૬૭૦ / ૩૨૧૯ }

રેસીડન્સ : ૪૫૫૭


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી તાલધ્વજ ગિરિ તીર્થમાં ઈંટ યજ્ઞ

## — તીર્થોદ્ધારનાં ઉપયોગી કાર્યો —

## રૂ. ૨૫૧ માં આરસની સળંગ તકતીમાં

## નામ લખાવવા વિનંતી

શ્રી તાલધ્વજ ગિરિ તીર્થમાં ઈંટ યજ્ઞથી જૈન ભોજનશાળા, આયંબીલ શાળા, ઉપાશ્રય, જ્ઞાન મંદિર, ધર્મશાળા, શ્રાવિકા ઉપાશ્રય, ગિરિરાજ ઉપર ચડવાનાં પગથિયાં, સ્નાનગૃહ, તથા શ્રી મલ્લિનાથ, ચોમુખજી જિનાલયો લગભગ ૧૦ લાખના ખર્ચે બંધાય છે. શ્રી તાલધ્વજ જૈન પાઠશાળાનું મકાન તેની બાજુમાં બંધાય છે, તેમાં કાયમી જ્યાં સ્નાત્ર ભણાશે, પૂજા મહોત્સવ થશે; પાઠશાળા ભણાશે તેમાં લાભ લઈ સાર્થકતા કરવા વિનંતી. આ રીતે રૂા. ૨૫૧)ની યોજનામાં તીર્થોદ્ધારનાં મહાન કાર્યો સકલ સંઘના યાત્રિકોના સહકારથી થયાં છે.

### શ્રી ગિરિરાજ ઉપર કેસર–સુખડ, સેવા પૂજાનાં કપડાં મકાન જીર્ણોદ્ધાર ફંડ

ગિરિરાજ ઉપર સ્નાનગૃહની બાજુમાં જુના મકાનોની જગ્યાએ નવા આર. સી. સી.નાં મકાન બાંધવાનો પ્લાન કર્યો છે તેમાં લગભગ ૫૦ હજારનો ખર્ચ છે. રૂા. ૨૫૧)માં આરસની સળંગ તકતીમાં નામ લખાય છે. તીર્થ ભકિતમાં પૂજા સેવામાં આપની એક ઈંટ મુકાવી લક્ષ્મીની સાર્થકતા કરવા વિનંતી. આ બાંધકામ હવે શરૂ કરાવવાનું છે. નામ લખાવવા વિનંતી.

### : શ્રી કેસર સુખડ–કાયમી અનામત ફંડની યોજના :

રૂા. ૧૦૧) એકસો એક કાયમી અનામત ફંડમાં આપવાથી આપની એક દિવસ પૂજા થશે. તેનું વ્યાજ દર વરસ વપરાશે. આ વરસથી યોજના શરૂ કરી છે. ૩૬૦ નામ નોંધવાનાં છે. તીર્થ ભકિતથી આત્માની મુકિત થાય છે, તીર્થમાં ધન ખર્ચવાથી પુન્યબંધ થાય છે, લાભ લેવા યાત્રિક બંધુઓને નમ્ર વિનંતી. નામ નોંધવા શરૂ છે.

શ્રી તાલધ્વજ તીર્થમાં " જૈન ભોજન શાળા " ચોમાસામાં ચાલુ છે.

–: વધુ વિગત માટે લખો યા મળો :–

**શ્રી તાલધ્વજ જૈન શ્વે. તીર્થ કમિટી** ફોન નં.: ૩૦

ઠે. બાબુની જૈન ધર્મશાળા પેઢી, **તળાજા** (સૌરાષ્ટ્ર)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્મજયનું પર્વ

લે. ડૉ. ઉપેન્દ્રરાય જ. સાંડેસરા

પર્યુષણ એ ધર્મપર્વ છે. અર્થાત્ ધર્મની સમ્યગ્ સમજણ દ્વારા કષાયોનાં દૃઢ બન્ધનોમાંથી મુક્ત થઇને અત્યારે જે ભૂમિકા ઉપર હોઇએ તેનાથી ઉન્નત ભૂમિકા પ્રાપ્ત કરવાનું પર્વ છે. આ ધર્મપર્વમાં ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ વગેરે કષાયોના મેલને જીવનમાંથી દૂર ફેંકી દઇને આત્મશુદ્ધિ સાધી સર્વતોમુખી ઉન્નતિ પામવાની તીવ્ર પ્રેરણા આપતું સાંવત્સરિક પર્વ આવે છે, એટલે એ પર્વાધિરાજ છે. એનું નામાભિધાન પણ એવું જ અર્થસૂચક છે. પર્યુષણ–પર્યુપશમન, કષાયમાત્રને શમાવનાર, જીવનશુદ્ધિ કરનાર, આત્મજેતા, 'જૈન' બનાવનાર.

આ આત્મવિજય, વીતરાગત્વ પામવું કેટલું દુષ્કર છે? 'ઉત્તરાધ્યયનસૂત્ર'નું નવમું અધ્યયન છે 'નમિપ્રવ્રજ્યા'–નમિ રાજાનો ગૃહત્યાગ. મિથિલાનો આ નમિ રાજા સ્વયંસંબુદ્ધ હતો, અર્થાત્ ગુરુના ઉપદેશ કે તપશ્ચર્યા વિના જેને અંતરમાં જ્ઞાન ઊગી નીકળ્યું છે તેવો મહાપુરુષ હતો. આ નમિ રાજાએ રાજ્ય ત્યાગીને દીક્ષા લેવા માટે અભિનિષ્ક્રમણ કર્યું, ત્યારે ઇન્દ્રે એને 'રાજ્ય અને કામભોગો ભોગવવા, રાજ્યો જીતવાં, યજ્ઞયાગાદિ વડે મનન કરવું અને ત્યારપછી પ્રવ્રજ્યા ગ્રહણ કરવી' વગેરે દલીલો કરીને ગૃહત્યાગ ન કરવા સમજાવ્યું.

પરન્તુ જ્ઞાન જેના અંતરમાં પ્રગટ્યું હતું, અને પોતે સમ્રાટ હોવા છતાં, 'જેનું કંઈજ નથી એવા અમે સુખેથી વસીએ છીએ તથા જીવીએ છીએ. મિથિલા બળતી હોવા છતાં એમાં મારૂં કંઈ બળતું નથી,' એવું અનુભવનાર રાજર્ષિ નમિએ પોતાની વૈરાગ્યપૂર્ણ, મમતારહિત, વીતરાગ મોહ મધુર વાણીથી એ દલીલોનું ખંડન કર્યું. એટલે ઇન્દ્રે ફરીને રાજાને વિદેહના આંતરિક અને બાહ્ય સંરક્ષણનું આયોજન કરીને તથા નવાં નવાં રાજ્યો જીતી, તેમના ઉપર આધિપત્ય સ્થાપીને સમૃદ્ધ થયા પછી જવા સમજાવ્યું.

એટલે ભૌતિક વિજય નહિ પણ ચિત્તશુદ્ધિ દ્વારા આત્મવિજય પ્રાપ્ત કરવા નીકળેલા રાજર્ષિએ ઉત્તર આપ્યો.

**जो सहस्सं सहस्साणं संगामे दुज्जए जिणे ।**
**एगं जिणेज्ज अप्पाणं एस से परमो जओ ॥**

**अप्पाणमेव जुज्झाहि किं ते जुज्झेण बज्झओ ।**
**अप्पाणमेवमप्पाणं जइत्ता सुहमेहए ॥**

**पंचिंदियाणि कोहं, माणं, मायं तहेव लोभं च ।**
**दुज्जयं चेव अप्पाणं, सव्वमप्पे जिए जियं ॥**

'કોઈ દુર્જય સંગ્રામમાં દશ લાખ યોદ્ધાઓને જીતે એના કરતાં પોતાની જાતને જીતે એ ઉત્તમ જય છે. તારી જાત સાથે જ યુદ્ધ કર. બહારના શત્રુ સાથે લડીને શું કામ છે? જાતે જ પોતાની જાત ઉપર જય મેળવનાર મનુષ્ય સુખ પામે છે. પાંચ ઇન્દ્રિયો, ક્રોધ, માન, માયા તેમ જ લોભ અને દુર્જય એવી પોતાની જાત, એ સર્વ આત્માને જીતતાં જિતાઈ ગયું.'

અને વળી આગળ ચાલતાં કહ્યું, 'ચોખા, જવ, સુવર્ણ અને પશુઓ સહિત સમગ્ર પૃથ્વી એક જ મનુષ્યના તાબામાં આવી જાય તો પણ એને સંતોષવા માટે પૂરતી નથી એમ સમજીને તપશ્ચર્યા કરવી.

ઇન્દ્ર નમિનો પકવ વૈરાગ્ય જોઇને ચકિત થઈ ગયો. 'આપે ક્રોધને જીતી લીધો. અને અહો! આપે અભિમાનને પરાસ્ત કર્યું. માયાને અળગી કરી અને લોભને વશ કર્યો. તમારી સરળતા અને નમ્રતા શ્રેષ્ઠ છે. તમારી ક્ષમા અને નિર્લોભીપણું ઉત્તમ છે. તમે કર્મરજથી મુક્ત થઇને લોકોત્તર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્થાનને પ્રાપ્ત કરશો....'એમ બોલીને ઈન્દ્ર નમિને પુનઃ પુનઃ વન્દન કરીને ચાલ્યો ગયો. નમિએ કામભોગોથી નિવૃત્ત થઈ પ્રવ્રજ્યા ગ્રહણ કરી, અને જાતને જીતી લીધી–આત્મજેતા બન્યો.

ક્રોધ, વૈર, હિંસા, અભિમાન વગેરેથી કલુષિત ચિત્તને વિશુદ્ધ કરી આત્મવિજયી બનવાનો આદેશ અન્ય ભારતીય અનુગમોએ પણ લગભગ આજ શબ્દોમાં આપ્યો છે.

ભગવાન બુદ્ધ એક સમયે જેતવનમાં વિહરતા હતા. ત્યારે કોઈ એક જુગારીએ આવીને એમને 'અનર્થ' વિશે પૂછ્યું. ભગવાને એને અનર્થકારી ઈર્ષ્યા અને મત્સરનો ત્યાગ કરી સત્ય, ધર્મ, અહિંસા, સંયમ અને દમ પ્રાપ્ત કરવાનો આદેશ આપ્યો, અને પછી પૂછ્યું.

'ભાઈ! જુગારમાં તારો જય થાય છે કે પરાજય?'

'જય પણ થાય અને પરાજય પણ થાય.'

'વત્સ બીજાને જીતવું એ શ્રેષ્ઠ નથી, પરન્તુ જે પોતાની જાતને ક્લેશોની–કષાયોની લડાઈમાં જીતી લેછે તેજ વિજય ઉત્તમ છે. એ જય પામ્યા પછી કદી હારવાનું રહેતું નથી.' આમ કહીને ભગવાન બુદ્ધે નીચેની ગાથાઓ કહી.

**यो सहस्सं सहस्सेन सङ्गामे मानुसे जिने ।**
**अेकं स जेय्यमत्तानं स वे सङ्गामजुत्तमो ॥**

**अत्ता हवे जितं सेय्यो यो चायं इतरा पजा ।**
**अत्तदन्तस्स पोसस्स निच्चं संयतचारिनो ॥**

**नेव देवो न गन्धवो न मारो सह ब्रह्मना ।**
**जितं अपजितं कयिरा तथारूपस्स जन्तुनो ॥**

'જે સંગ્રામમાં દશ લાખ મનુષ્યોને જીતે તેના કરતાં એક આત્માને જીતે તે ઉત્તમ યોદ્ધો છે. બીજી પ્રજાઓને જીતવા કરતાં આત્માને જ જીતવો એ શ્રેષ્ઠ છે. આત્માને જીતનાર સંયમી પુરુષનું બ્રહ્મા સહિત દેવ, ગન્ધર્વ અને માર એટલે કે મૃત્યુ પણ જીત્યું અજીત્યું કરી શકતા નથી.'

એજ રીતે ભારતીય સંસ્કૃતિના પ્રતિનિધિ સમા ગ્રન્થ મહાભારતમાં પણ એક પ્રસંગ છે. મહાયુદ્ધમાં રાજા યુધિષ્ઠિર અફાટ સાગર સમી કૌરવી સેના અને ભીષ્મ–દ્રોણ જેવા સેનાપતિઓ ઉપર વિજય મેળવી સમ્રાટ થયા. પણ એ અહિંસક અજાતશત્રુ રાજાની મનઃશાન્તિ ઊડી ગઈ. એમને તીવ્ર ઉદ્વેગ થયો. પ્રજાપાલનના પ્રાપ્ત કર્તવ્ય પંથેથી ભાગી જવું કે નહિ તેનું તીવ્ર મનોમન્થન થવા માંડ્યું. એ વખતે ભગવાન શ્રીકૃષ્ણે એ દીનમનસ્ સમ્રાટને આ ઉદ્ગારોથી કર્તવ્ય માર્ગે દોર્યા.

**यच्च ते द्रोणभीष्माभ्यां युद्धमासीदरिंदम ।**
**मनसैकेन योद्धव्यं तत्ते युद्धमुपस्थितम् ।**
**तस्मादभ्युपगन्तव्यं युद्धाय भरतर्षभ ॥**
**परमव्यक्तरूपस्य परं मुक्त्वा स्वकर्मभिः ।**
**यत्र नैव शरैः कार्यं न भृत्यैर्न च बन्धुभिः ।**
**आत्मनैकेन योद्धव्यं तत्ते युद्धमुपस्थितम् ॥**

હે અરિંદમ! દ્રોણ અને ભીષ્મની સાથે તમારે જે યુદ્ધ થયું હતું તેવું જ યુદ્ધ હમણાં તમારી પાસે ઉપસ્થિત થયું છે. જેમાં તમારે એકલાએ મન સાથે લડવાનું છે. તેથી (તમે મહાભારત યુદ્ધ જેવી હિમ્મત અને દક્ષતાથી લડ્યા તેવી હિમ્મત અને દક્ષતા રાખીને) હે ભરતર્ષભ! તમારે આ (આંતરિક) સંઘર્ષનો મુકાબલો કરવાનો છે.

'જેમાં બાણો, સેવકો કે બંધુઓની જરૂર નથી અને જેમાં સ્વકર્મને છોડીને, એટલે કે સ્વકર્મ સિવાય બીજું કંઈ મદદગાર નથી, તેવું આ યુદ્ધ અત્યંત અવ્યક્તરૂપ એવા તમારી સામે ઉપસ્થિત થયું છે. તેને કેવળ તમારા આત્મા વડેજ લડવાનું છે. વળી

**द्वयक्षरस्तु भवेन्मृत्युस्त्र्यक्षरं ब्रह्म शाश्वतम् ।**
**ममेति द्वयक्षरो मृत्युर्न ममेति च शाश्वतम् ॥**

**મમ** (આ મારું છે) એ બે અક્ષરો મૃત્યુ છે અને **ન મમ** (આ મારું નથી અર્થાત્ અનાસક્તિ) એ અમરત્વ છે માટે નિર્મળ થઇને અહિંસક અત્યારથી શ્રેયઃસિદ્ધિ પ્રાપ્ત કરે છે.'



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભગવાન શ્રીકૃષ્ણનાં આવાં અર્થઘન વચનોથી ધર્મરાજ યુધિષ્ઠિર કર્તવ્યપથ ઉપર સ્થિર થયા. નિર્મળભાવે રાજ્યધુરા સંભાળી. યુદ્ધવિજેતા સમ્રાટ, આત્મવિજયી સમ્રાટ પણ થયા.

આમ ભારતના સૌ મહાપુરુષો મહાવીર, બુદ્ધ, અને શ્રીકૃષ્ણ બહારના વિગ્રહ કરતાં ચિત્તમાં સદૈવ ચાલી રહેલ દૈવાસુર સંપત્તિઓના વિગ્રહને વિશેષ આકરો ગણાવ્યો છે. અને તેના વિજયને શ્રેષ્ઠ ઠરાવ્યો છે. આ સર્વ જગદ્દગુરુઓએ વૈયક્તિક ચિત્તમાં થતા ઘર્ષણને સત્યના આધારવાળી, અર્થાત્ નામધારી નહિ પણ સાચી અહિંસાથી કેમ જીતવું એ પૂરી સફળતાની બતાવ્યું છે.

સંવત્સરીપર્વનું એ વિજય મેળવવા નિર્માણ થયું છે. ચિત્ત ઉપર રાગ–દ્વેષાદિ કષાયોનું આક્રમણ સતત ચાલુ હોય છે. અને તે સર્વનું વિસર્જન તત્ક્ષણ થવું જરૂરી છે. પણ બધી વખત એમ થતું નથી તે વાસ્તવિકતા છે. એટલે સાધકો માટે દરરોજના પ્રતિક્રમણની યોજના કરવામાં આવી છે. પરન્તુ દરરોજ થતું કૃત્ય યાંત્રિક બનવાની સંભાવના છે. તેથી, આ પર્વ ઊજવતાં આખો સમાજ અન્તર્નિરીક્ષણ કરી તે દ્વારા પોતામાં રહેલી નાની મોટી ત્રુટીઓ બરાબર તપાસીને દૂર કરવા ઉત્સાહિત થાય છે અને યથાશક્તિ પ્રયત્ન કરે છે.

પર્યુષણના આ દિવસોમાં જે જીવન સદા જાગૃત, અપ્રમત્ત હતું તે ભગવાન મહાવીરનું જીવન ચરિત્ર સાંભળવાની પ્રથા છે. તે રિવાજ તો સારો છે, પરન્તુ તેમાં શોધન થવું જોઈએ. એટલે કે સાંભળનાર સાંભળ્યા પછી તેના ઉપર પૂરતું મનન કરી શકે એમ થવું જોઈએ. તો એનાથી જે ભગવાનનું ચરિત્ર શરદ્દઋતુના જળ જેવું નિર્મળ, જળકમળવત્ અલિપ્ત અને આકાશ જેવું અસંગ છે, તેનો આદર્શ શ્રવણ કરનારા યથાર્થ સમજી શકે. ગતાનુગતિકતાથી પ્રવેશેલી કામનિકતાને દૂર કરી શકે. અને ચિત્તમાં જામતાં કષાયોનાં જાળાંને બાઝતાંવેંત અભય, સમભાવ, સંયમ, અપરિગ્રહ અને સત્યપરાયણતાથી સાફ કરી શકવાનું બળ પ્રાપ્ત કરી શકે. સાચી જીવનદૃષ્ટિ મેળવી શકે. અને પ્રાણીમાત્રના હિત અર્થે જેમણે અગણિત પરિષહો અને ઉપસર્ગો વેઠ્યાં; જિતેન્દ્રિય એવા જેઓ ક્રોધ, અભિમાન, છળકપટ તથા લોભથી વિમુક્ત થઈને ઉપશાન્ત થયા; તેમના ભારંડ પક્ષી જેવા અપ્રમત્ત પુરુષાર્થી જીવનનું પ્રતિબિંબ પોતાના જીવનમાં પાડીને સાચા જૈન બની શકે.

અને આ રીતે જો આપણે સર્વજિત, સર્વજ્ઞ, જિન ભગવાનના અનુયાયી થઈને તપસ્યા અર્થાત્ તીવ્ર પુરુષાર્થ કરીશું તો સાંવત્સરિક પર્વની યથાર્થ ઊજવણી કરી ગણાશે. પરિણામે આપણે ઐહિક અને આધ્યાત્મિક બન્ને શ્રેયને પ્રાપ્ત કરીશું. આ સાંવત્સરિક પર્વ આપણને ધર્મારાધન કરી આત્મવિજયી બનવાનો પુરુષાર્થ કરવા દૃઢનિશ્ચય અને બળ આપો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી મહાવીર જૈન વિદ્યાલયનું વિશિષ્ટ પ્રકાશન

## જૈન–આગમ–ગ્રંથમાળા ના ત્રણ ગ્રંથો

: સંપાદકો :

**પૂજ્ય આગમપ્રભાકર મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ**
**પંડિત શ્રી દલસુખભાઈ માલવણિયા**
**પંડિત શ્રી અમૃતલાલ મોહનલાલ ભોજક**

**રોયલ ૮ પેજી સાઈઝ : જાડા ટકાઉ કાગળ : ઉત્તમ છપાઈ : પાકું બાઇન્ડિંગ**

### (१) ग्रन्थांक १ : नंदिसुत्तं अणुओगद्दाराइं च

આ ગ્રંથમાં લઘુનંદિ ઉર્ફે અનુજ્ઞાનંદિ તથા યોગનંદિયુક્ત નંદિસૂત્ર મૂળ તથા અનુયોગદ્વારસૂત્ર મૂળનો શુદ્ધ–સંશોધિત પાઠ સંખ્યાબંધ પાઠાંતરો સહિત આપવામાં આવ્યો છે, ઉપરાંત વિસ્તૃત સંપાદકીય નિવેદન (ગુજરાતી તથા અંગ્રેજી), જૈન આગમો, ગ્રંથ, ગ્રંથકાર, ગ્રંથવિષય તથા ગ્રંથમાંથી ઉપલબ્ધ થતી વિશિષ્ટ સામગ્રીનું નિરૂપણ કરતી સુવિસ્તૃત પ્રસ્તાવના (ગુજરાતી તથા અંગ્રેજી), બન્ને ગ્રંથોના એકેએક શબ્દની તેના સંસ્કૃત રૂપાંતર સાથેની સૂચિ તથા અન્ય પરિશિષ્ટો, બન્ને આગમોની ગાથાઓ તથા એમાં આવતાં વિશેષ નામોનો અનુક્રમ તેમ જ ચૂર્ણિકાર વગેરેએ નિર્દેશેલ પાઠાંતરસ્થાનો વગેરેનો સંગ્રહ આપવામાં આવેલ છે.

**પૃષ્ઠ સંખ્યા ૭૬૨ : કિંમત ચાલીસ રૂપિયા**

### (२) ग्रंथांक ९, भाग १ : पण्णवणासुत्तं

આ ગ્રંથમાં અનેક પાઠાંતરો સહિત પણ્ણવણાસૂત્ર મૂળ તથા પ્રતિમાઓનો પરિચય વગેરે રજૂ કરતું સંપાદકીય નિવેદન (ગુજરાતી તથા અંગ્રેજી) આપવામાં આવેલ છે.

**પૃષ્ઠ સંખ્યા ૫૦૨ : કિંમત ત્રીસ રૂપિયા**

### (३) ग्रंथांक ९, भाग २ : पण्णवणासुत्तं

આ ગ્રંથમાં ગ્રંથ, ગ્રંથકાર ગ્રંથ વિષય, ગ્રંથ વસ્તુનું તુલનાત્મક અવલોકન અને અન્ય જ્ઞાતવ્ય સામગ્રી આદિનું સવિસ્તર નિરૂપણ કરતી (ગુજરાતી તથા અંગ્રેજી) પ્રસ્તાવના તથા સૂત્રમાં આવતી ગાથાઓનો અનુક્રમ ગ્રંથના એકેએક શબ્દના સંસ્કૃત રૂપાંતર સાથેની સૂચિ, મૂળ ગ્રંથ તથા ટિપ્પણીઓમાં આવતા વિશેષ નામોની સૂચિ તેમજ પ્રજ્ઞાપના સૂત્રના કેટલાક પાઠોનું પર્યાલોચન આપવામાં આવેલ છે.

**પૃષ્ઠ સંખ્યા ૯૩૨ : કિંમત ચાલીસ રૂપિયા**

શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઑગસ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઈ ૩૬
શ્રી મહાવીર જૈન વિદ્યાલય, પાલડી બસ સ્ટેન્ડ સામે, અમદાવાદ ૬


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અગ્નિ અને તપ

-: લેખક :-
સ્વ. બાલચંદ હીરાચંદ
"સાહિત્યચંદ્ર"

આ વિશ્વ એટલે આપણી પૃથ્વી, સૂર્યમાલા અને તારા નક્ષત્રોથી બનેલું આ વિશ્વ ફક્ત અગ્નિ અને તદનુષંગિક વિદ્યુત્થી બનેલું છે એમ માનવામાં જરાએ ખોટું નથી. અગ્નિ જ પોતાની શકિતથી બધાઓને એકત્ર જોડી રાખે છે તેમ બધાઓને છૂટા પણ કરી નાખે છે, એ ખુલ્લી રીતે જોવામાં આવે છે. કાષ્ઠમાં અગ્નિ સત્તારૂપે છુપાયેલો છે તેમ દરેક વસ્તુમાં અગ્નિ સુપ્તાવસ્થામાં રહેલો છે. કોઈ પણ બે વસ્તુઓ પરસ્પર ઘસાતા ગરમ થાય છે, એ અનુભવસિદ્ધ વસ્તુ છે. બે હાથ એક પર એક ઘસતા ગરમ થાય છે એ અગ્નિનું જ પ્રદર્શન છે, એ સુસ્પષ્ટ છે.

કોઈપણ સારું કે ખોટું કર્મ આત્મા સાથે જોડાય છે. એમાં પણ એવી જ શકિત કામ કરે છે. જ્યારે કોઇ પણ કર્મ આપણે કરીએ છીએ ત્યારે તેની સાથે જે રસ કે તાલાવેલી હોય છે તેને રસ અને આતુરતા કે અંતરની લાગણી જોડાયેલી હોય છે. તે જેટલા પ્રમાણમાં તીવ્ર કે શુષ્ક હોય છે તેટલા પ્રમાણમાં તે આત્માની સાથે ચોંટે છે. ખોટું કર્મ હો અગર સારું ધર્મક્રિયા જેવું કર્મ હો, એની પાછળ જેટલા પ્રમાણમાં મનની લાગણી પરોવાયેલી હોય છે તેટલા જ પ્રમાણમાં તેનો આત્માની સાથે બંધ ઉત્પન્ન થાય છે. શુષ્ક અને મનની લાગણી વગરનું કોઇ પણ સારું કે ખોટું કર્મ આત્મા સાથે તીવ્રરૂપે જોડાઇ શકતું નથી. અભાવિતપણે અને જડ રીતે કરેલા કોઈ પણ શુભ કે અશુભ કર્મની અસર આત્મા ઉપર થતી નથી. એટલે કર્મ અને આત્માનો મેળ થવા માટે વચમાં એક શકિતની જરૂર લાગે છે. અને તે શકિતને આપણે અગ્નિ કે વિદ્યુત્ કહીએ તો તે બરાબર છે.

કોઈ પણ કર્મની પાછળ આનંદ, પ્રમોદ અગર સમાધાનની લાગણી જરા જેવી પણ ન હોય તો તે કર્મની આત્મા ઉપર અસર થતી નથી. કોઇ પણ ઈરાદો મનમાં ન હોય અને અસાવધાનીથી કોઇ દોષની ક્રિયા ભૂલમાં થઈ જાય અને તે પછી મનને આંચકો લાગે ત્યારે તે અશુભ કર્મની અસર આત્મા ઉપર થતી નથી. કારણ તેમાં કર્મ કરનારાનો કોઇ સ્વાર્થ હોતો નથી. અને એ અશુભ ક્રિયા વગર હેતુની હોય છે તેથી આત્મા સાથે તેનું જોડાણ થવા માટે જે અગ્નિની શકિત જોઇએ તેના અભાવે તેમાં જરાએ તીવ્રતા હોતી નથી અને તેને લીધે તે અશુભ ક્રિયા પણ આત્માને ખોટી અસર કરતી નથી. ન્યાય કોર્ટમાં પણ પ્રત્યક્ષ ખૂનનો કેસ હોય છતાં એમાં ખૂન કરવાનો હેતુ સિદ્ધ ન થાય અને બનાવ અકસ્માત બન્યો છે એમ પુરવાર થાય તો ગુનેહગાર છૂટી જાય છે. વધુમાં વધુ બેદરકારી માટે કદાચ એને સજા થાય. કર્મ આત્માને વળગવા માટે પણ એ જ સિદ્ધાંત લાગુ થઇ શકે તેમ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભૂલમાં થયેલ અશુભ કર્મ ફક્ત પશ્ચાત્તાપ કે મિચ્છામિ દુક્કડંથી છૂટી શકે છે. ત્યારે ઈરાદા-પૂર્વક અને અંતઃકરણની પૂર્ણ લાગણી સાથે કરેલું કર્મ ભોગવ્યા વિના છૂટી શકતું નથી.

જેમ અશુભ કર્મનો બંધ શુષ્ક અગર તીવ્ર થવાથી જુદી જુદી રીતે ભોગવવાનો હોય છે. તે જ ન્યાય શુભ કર્મ માટે પણ લાગુ થઈ શકે. નિત્યનાં અને નૈમિત્તિક અનુષ્ઠાનો આપણે કરતાં હોઈએ તેની અસર આપણા આત્મા ઉપર કેવી થાય ? આપણું મન જો આપણે કરતા હોઈએ તે ક્રિયાનો પરમાર્થ જાણ્યા વિના શૂન્ય ભાવે, ટેવ પડી ગઈ છે માટે, બીજાઓ કરે છે માટે કરવું જોઈએ તેથી અગર બીજાઓ આપણું નામ ન બગાડે તે માટે અગર કોઈએ પરાણે કરાવેલ હોય તે માટે જો આપણે ક્રિયા કરતા હોઈએ તો તેવા કરેલાં કર્મો એ શુષ્ક ફોતરી જેવાં જ આપણા માટે પરિણમવાના અને તેવી ક્રિયાના ફળ શાસ્ત્રકારે વર્ણવ્યા હોય તેવા મળવવાની આશા રાખીએ એ નરી બાલિશતા છે, એમાં શંકા નથી. કેટલાએક ક્રિયા કરનારા એવા પણ જોવામાં આવે છે કે, લોકો આગળ આપણે ધર્મી તરીકે પંકાઈએ અને લોકો આપણને ધર્મી તરીકે ઓળખે અને તેની પાછળ આપણાં અપકૃત્યો છુપાઈ જાય. એવા માણસો પોતાના પાપની આડે એક જાતનો પડદો નિર્માણ કરતા હોય છે, એવા દંભી માણસની ધર્મક્રિયાની કિંમત કેટલી ?

અમારો કહેવાનો હેતુ એટલો જ છે કે, કોઈ પણ ધર્મક્રિયા પાછળ તેનો પરમાર્થ શું છે ? તેનો હેતુ શું છે ? અને એ ક્રિયા પાછળ કેવા પ્રકારનું રહસ્ય રહેલું છે એ ક્રિયા કરનારના મનમાં શુદ્ધ રીતે અંકિત થયેલું હોવું જોઈએ. તે ક્રિયા કરવાની આતુરતા મનમાં જાગેલી હોવી જોઈએ. અને આપણા અંતઃ-કરણપૂર્વક તે તે ક્રિયા કરતી વખતે આપણામાં વિનય નમ્ર ભાવના, પશ્ચાત્તાપ વિગેરે જાગવા જોઈએ. ચૈત્યવંદન કે સ્તવન કહેતાં પ્રભુ પ્રત્યે આદર અને એકાંતે પૂજ્યભાવ મનમાં જાગવો જોઈએ. વંદિત્તા જેવા સૂત્રો ઉચ્ચારતા આપણા હાથે થયેલી અશુભ ક્રિયાનું સ્મરણ કરી આપણું મન ધ્રૂજવું જોઈએ. આપણી આંખો પશ્ચાત્તાપથી ભીની થવી જોઈએ. ફરી એવી અશુભ ક્રિયા કદી પણ ન થાય તે માટે આપણે આપણા મનને સમજાવી સખત તાકીદ આપવી જોઈએ, જેથી એવાં કાર્યો કરવાનો મોહ ફરી ન જાગે. એમ થાય તો જ એ સૂત્રનો ઉચ્ચાર આપણા માટે ફળદ્રૂપ નિવડે. સજ્ઝાય કહેતી વખતે જે વિષયની એ સજ્ઝાય હોય તે વિષય સાથે આપણે એકરૂપ થઈએ તો જ આપણામાં કાંઈક ઋજુતા અને શુદ્ધતા જાગવાનો સંભવ છે. એમ ન થાય તો વચનથી પોપટની પેઠે બોલ્યે જઈએ, મન કાંઈક જુદા જ વિષયમાં પરોવાયેલું હોય અને શરીર એક લાકડાના ઠુંઠા જેવું જડરૂપે પડેલું હોય એવી રીતે કરેલી શુષ્ક ક્રિયાનું ફળ કેટલું ? કોઈ પણ ક્રિયામાં મનની વિદ્યુત્ કે અગ્નિની પ્રખરતા જાગેલી હોય તો જ તે ક્રિયા ફલવતી થઈ શકે. નહીં તો તમે બકયે જાવ અને અમે સાંભળ્યે જઈએ! પાષાણ ઉપર ગમે તેટલું પાણી ફરી વળ્યું હોય છતાં તે અંતરમાં તો સાવ સુકા ખડક જેવું જ રહેવાનું. માટે જ દરેક શુભ ક્રિયામાં મનનો અગ્નિ પ્રજ્વલિત અને પ્રખર હોવો જોઈએ. જે કોઈ શુષ્ક ક્રિયાઓ કરતા હોય તેમનો દોષ કાઢવાના હેતુથી અમો આ લખતા નથી, પણ અમૃતક્રિયા કરવાની તાલાવેલી જાગે અને શુદ્ધ ક્રિયાની ભાવના તેમનામાં જાગે એટલો જ અમારા લખવાનો હેતુ છે.

અગ્નિ અને વિદ્યુત્‌નું મહત્ત્વ સમજાવ્યા પછી અમો તપનું મહત્ત્વ અને તેને અગ્નિ શા માટે કહેવામાં આવે છે તેનો વિચાર કરીએ.

જ્યારે કોઈને અપચો થાય છે ત્યારે વૈદ્ય પહેલાં એનું પેટ સાફ કરવા માટે દવા આપે છે. અને ખાવા પીવા ઉપર પ્રતિબંધ રાખવા માટે પથ્ય કે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરી પળાવે છે. હેતુ એ હોય છે કે પેટમાં વધુ કચરો ભેગો થવા ન પામે. પેટમાં ખોરાક પરિમિત અગર નહીંવત્ જવાથી પેટ સાફ થવા માંડે અને પેટમાંનો જઠરાગ્નિ પ્રજ્વલિત થાય અને રોગનું મૂળ નષ્ટ થઈ જાય. મતલબ કે, આ શરીરમાં જેટલા રોગ વ્યાધિ થાય છે તે બધાનું કારણ કોઈ હોય તો તે અપચન એ જ હોય છે. અને એ પેટમાં સંઘરેલો કચરો બાળી નાખવા માટેના ઉપાયો યોજવા પડે છે. બાળવાનું કામ તો અગ્નિ જ કરે, એ અગ્નિ પ્રત્યક્ષ જ્વાલા અને ભડકાનો હોય કે પછી સુપ્તાવસ્થામાં હોય પણ અગ્નિનું ઉપમાન તો તેને અપાય જ છે. આપણા પેટમાં ભૂખ લાગે છે અગર તૃષા લાગે છે ત્યારે એ કાર્ય પેટમાં રહેલા અગ્નિનું જ હોય છે. અને એ વૈશ્વાનરની શાંતિ કરવા માટે આપણે અન્ન અને પાણીનો ઉપયોગ કરીએ છીએ. મતલબ કે, કચરો બાળી નાખવા માટે આપણે અગ્નિને પ્રજ્વલિત કરીએ છીએ. અને એ અગ્નિ જ્યારે વધારે પ્રમાણમાં પ્રજ્વલિત થઈ નુકશાન કરવા બેસે છે ત્યારે તેને ઉપશાંત કરવા માટે પાણી, ઠંડક કે શાંતિનો ઉપયોગ કરી તેને શાંત કરવો પડે છે. શરીરને અત્યંત ક્ષીણ કરી નાખે એવો અગ્નિ શાંત જ કરવો પડે. કારણ કે શરીરના સાધનવડે જ આપણે આ જીવન વ્યતીત કરીએ છીએ. તે શરીરનો જ નાશ કરી બેસીએ ત્યારે એ વસ્તુ પણ આત્માને અવળે માર્ગે દોરી જનારી કહેવાય. જે નોકર મારફતે આપણે આપણું કામ કરાવીએ છીએ તેના ચરિતાર્થની ફીકર તો આપણે રાખવી જ રહી.

આપણે કોઇ પણ શુભ કે અશુભ કર્મ કરવાનો પ્રસંગ ઉપસ્થિત થતા સાવચેતી રાખી આપણા આત્માને નુકશાન પહોંચે નહીં એની કાળજી રાખવી જોઇએ, એ વસ્તુ સમજી શકાય તેમ છે. પણ અત્યાર સુધી જે અશુભ કર્મો આપણા હાથે થઈ ગયેલાં છે તેનું શું ? એવો જે કચરો આપણે પોતાની જ ભૂલથી ભેગો કરેલો છે તેનું શું ? એવો પ્રશ્ન સ્વાભાવિક રીતે આગળ આવી ઊભો રહે છે, તેનો વિચાર કરવો જોઇએ.

આપણે આપણા ખાનપાન અને આદતો કે નાનાસરખાં વ્યસનો ઉપર નિગ્રહ નહીં મૂકવાથી જેમ આપણા શરીરમાં અનેક વ્યાધિઓનો સંગ્રહ કરીએ છીએ, તેમ આપણે આપણા મનને ગમે તેમ આચરણ કરતા રોકતા નથી તેને લીધે આપણે અનેક કુકૃત્ય અને અશુભ પ્રવૃત્તિ કરવા લલચાઇએ છીએ અને તદ્દન આપણા જ હાથે આપણું બૂરું આપણે કરતા રહીએ છીએ, તે માટે જો આપણા મનનો કચરો દૂર કરવો હોય તો આપણે શાસ્ત્રકારોએ બતાવેલ છ બાહ્ય અને છ અભ્યંતર તપનું સેવન કરવું જોઈએ. એ તપ સાક્ષાત્ અગ્નિ છે. અને તે મનનો કચરો બાળી નાખવાનું કાર્ય સહજ રીતે કરી આપે છે. જૂનાં કર્મો બાળી નાખવા માટે તપનો અગ્નિ પ્રગટાવવાની જરૂર છે, તેમ નવો કર્મરૂપી કચરો ભેગો ન થાય તે માટે આપણું જીવન નિયમ–બદ્ધ કરી નાંખવું જોઇએ. તે માટે નવા વ્રતો તેમજ નિયમો આપણે ચૂંટી કાઢવા જોઇએ. અને આપણી કુટેવો અને નાનાં મોટાં વ્યસનો દૂર કરવા માટે ભગીરથ પ્રયત્નો કરવા જોઇએ, અને તે ભીષ્મ–પ્રતિજ્ઞાથી પાળવા જોઇએ. એ વસ્તુ ઘણાઓને કઠણ અને અશકય જેવી લાગે, પણ એ ધ્યાનમાં રાખવું જોઇએ કે એમાં અશકય જેવું કશું નથી. અમોએ જોયું અને અનુભવ્યું છે કે, એક સામાન્ય જેવા ભાઈને ચા પીવાનું ઘણું વ્યસન હતું એ એટલે સુધી કે, દિવસ અને રાત મળી ૧૮–૨૦ વખત એ ચા પીતા. એક દિવસે સ્હેજ બોલતા તેઓએ ચાનાં દુષ્પરિણામો જાણી ચા નહીં પીવાની પ્રતિજ્ઞા કરી. અને સાથે સાથે ખાંડ નહી વાપરવાની પણ પ્રતિજ્ઞા લીધી અને અમે સાચું કહીએ છીએ કે, એ ભાઇએ પોતાની પ્રતિજ્ઞા અક્ષરશઃ મરણાંત સુધી પાળી. આ દાખલો એવું સિદ્ધ કરી આપે છે કે, એમાં અશકય જેવું કાંઈ નથી. ઢીલી વાતો કરવી એ આપણી નબળાઈ અને વેવલાપણું છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માણસ ધારે તો તપના અગ્નિથી પ્રાચીન ગમે તેવાં આકરાં અશુભ કર્મોને બાળી શકે છે તેમ ફરી એવાં કર્મો નિર્માણ થતા અટકે તે માટે યથોચિત વ્રતો અને નિયમો ગ્રહણ કરી શકે છે. ઘણા લોકો લાગણીવશ થઈ આવેશમાં આવી નિયમો ગ્રહણ કરે છે, પણ પાછળથી ઢીલા બની એ પ્રતિજ્ઞા ભંગ કરવા લલચાય છે. એમ કરવું એ તદ્દન મૂર્ખાઈ છે, માટે નિયમ કરવા પહેલાં પૂરો વિચાર કરી લેવો જોઇએ. નિયમ ભલે પ્રથમ દર્શને સામાન્ય હોય પણ દૃઢ મનથી તે પાળવામાં આવે તો તે મોટું ફળ આપનારા નિવડે છે. અને વધુ ઉંચા નિયમો લેવા માટેની તૈયારી કરી આપે છે. અને આત્માને ઊંચે ચઢવાનો માર્ગ ખુલ્લો જણાવા માંડે છે, માટે જ તપના અગ્નિથી પ્રાચીન કર્મો બાળી મૂકવાની અને નિયમો ગ્રહણ કરી નવાં કર્મો અટકાવવાનો માર્ગ બધાઓને સાંપડે એ જ શુભેચ્છા.

*

# શિર નમે એવા ગુરુવર્યને !

[ પર્યુષણ પર્વ દેવ–ગુરુ–ધર્મની આરાધના માટે એક અણમોલ અવસર છે, જેમાં પ્રાધાન્ય છે ગુરુવર્યનું, જેમની પ્રેરક નિશ્રામાં અને સાત્ત્વિક સાન્નિધ્યમાં આરાધકો પર્વની પૂર્ણાહુતિ સુધી ધર્મક્રિયાને પુણ્યકાર્ય કરે છે અને ધન્યતા અનુભવે છે...એવા ગુરુવર્યને ચરણે પ્રશસ્તિના પુષ્પો પાથરી અંજલિ અર્પીએ. ]

સારૂં–નરસું ના દિલમાં લાવે,
ગામો–અણગમોન, મનમાં ચિંતવે,
માન–અપમાન જે સમાન લખે,
શત્રુ–મિત્રને સદા પ્રેમે પેખે !

તપ્ત ના બનવું,
ત્રસ્ત ના કરવું,
મસ્ત મનમાં રહી,
તપ–ત્યાગમાં રાચવું !

વિશ્વ–કલ્યાની ભાવના ભાવે,
સર્વ જીવો પ્રતિ મૈત્રિ દાખવે,
પર હિતાર્થે જે વાણી વહાવે,
પિડીતો પ્રતિ સદા મમતા ધરાવે !

બાહ્ય ક્રિયા થકી પ્રેરણા પાયે,
વિશુદ્ધ ભાવો અંતરે ઉભરાયે,
શિર નમે એવા ગુરુવર્યને,
જેણે તરી, તાર્યું આ જગતને !!

**( લે. ડૉ. ભાઈલાલ એમ. બાવીશી** M. B. B. S **પાલીતાણા )**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આરાધના

વ્યા. મનસુખલાલ તારાચંદ મહેતા

[ તા. ૩૦–૭–૭૨ રવિવાર સવારે ૯–૩૦ વાગે મુંબઈમાં ગુલાલવાડી, પાંજરાપોળ ગલી, સૂરજવાડીના હોલમાં યોજવામાં આવેલ આરાધના સિદ્ધિ સમારોહના અધ્યક્ષ પદેથી આપેલ મનનીય વક્તવ્યનો મહત્ત્વનો ભાગ નીચે આપવામાં આવ્યો છે. ]

આરાધના શબ્દ આરાધ્ અર્થાત્ પ્રસન્ન કરવું, પૂજવું, ભજવું પરથી આવેલો છે. આરાધક એટલે આરાધના કરનાર અને આરાધના એટલે પૂજા–સેવા. પ્રાચીન કાળમાં અનેક જાતની વિદ્યાઓ અને અનેક પ્રકારની આરાધનાઓ પ્રચલિત હતી. વર્તમાન કાળે આ દિશા પ્રત્યે લોકો ઉદાસીન છે, જોકે આજે પણ આપણામાં નમસ્કારમંત્ર, ઉવસગ્ગ(બેગ)હરં સ્તોત્ર, ભક્તામર સ્તોત્ર, ંકાર કલ્પતરૂ, ઋષિમંડલ વગેરે આરાધના ભાવપૂર્વક કરવામાં આવે છે અને આ અંગે પંડિતશ્રી ધીરજલાલભાઈએ વિપુલ સાહિત્ય પ્રગટ કર્યું છે અને તેનો બહોળો પ્રચાર પણ થયો છે.

આજે આપણે ત્યાં જે આરાધના કરવામાં આવે છે તે ભાવિક લોકો અનન્ય શ્રદ્ધાથી કરે છે, પણ તે અંગે જે ઊંડું જ્ઞાન હોવું જોઈએ તેનો અભાવ છે અને પરિણામે આરાધનાનું જે ફળ મળવું જોઈએ તે પ્રાપ્ત થઈ શકતું નથી. આપણે ત્યાં જ્ઞાનયુક્ત ક્રિયાનું જ વિશેષ મહત્ત્વ છે અને તેથી જ કહેવામાં આવ્યું છે કે 'સમ્યગ્ જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષ; અર્થાત સમ્યગ્ જ્ઞાન અને ક્રિયા વડે મોક્ષ પ્રાપ્ત થાય છે. ઘણી વખત તો સાધકો પોતે જે બોલે છે તેનો પૂરો અર્થ પણ સમજતા હોતા નથી. ચૈત્યવંદન કરતી વખતે આપણે 'જય વીયરાય' સૂત્ર બોલીએ છીએ. જય વીયરાય સૂત્રને પ્રણિધાન સૂત્ર કહેવામાં આવે છે. પ્રણિધાનનો અર્થ ધ્યેય પ્રત્યેની ઉપાસના, અટલ શ્રદ્ધા એવો થાય છે. આ સૂત્ર દ્વારા ભગવાન પાસે આપણે આત્માની ઉર્ધ્વગતિ અર્થે કેટલીક માગણીઓ કરીએ છીએ જેમાંની સૌથી પ્રથમ 'ભવ્વ નિવ્વેઓ' અર્થાત્ ભવ નિર્વેદની છે. શ્રીમદ્ હરિભદ્રસૂરિજી તેમજ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યજીએ કહ્યું છે કે '**नहि भवादनिर्विण्णो मोक्षाय यतते**' અર્થાત્ જે માનવને ભવનિર્વેદ થતો નથી, તે મોક્ષના માર્ગનું અનુસરણ કરી શકતો નથી. હવે 'ભવનિર્વેદનો અર્થ અહીં સાંસારિક સુખો પ્રત્યેનો અણગમો, કામભોગ પ્રત્યેની વિરક્તિ અને ફરી ફરીને જન્મ ન લેવો પડે તે જાતની પ્રવૃત્તિ કરવા તરફનું દૃઢ વલણ પ્રદર્શિત થાય છે. આપણે સૌ આવી માગણી ભગવાન સમક્ષ કરીએ છીએ અને છતાં પ્રત્યક્ષ જીવનમાં આથી તદ્દન વિરુદ્ધ રીતે વર્તીએ છીએ.

ભગવાન સાથે સમરસતા સાધવા માટે ચૈત્યવંદનમાં સ્તવન બોલતી વખતે આપણે તલ્લીન બની જઈએ છીએ. જેજે તત્ત્વો સાથે તાદાત્મ્ય કે સમરસતા સાધવાનો પ્રયત્ન કરીએ, તે તે તત્ત્વમાં માનેલા ગુણોનો આપણામાં આવિર્ભાવ થતો હોવો જોઈએ. શ્રીમદ્ આનંદઘનજીના ભગવાન વિમળનાથના સ્તવનમાં આપણે ભગવાનને ઉદ્દેશી કહીએ છીએ કે :–

મુજમન તુજ પદ પંકજેરે, લીનો ગુણ મકરંદ;
રંક ગણે મંદર ધરારે, ઇન્દ્ર, ચન્દ્ર, નાગેન્દ્ર.વિમલજીન

અર્થાત્ હે વિમલનાથ ભગવાન ! મારું મન તમારા પદકમળમાં લાગી ગયું છે, તમારામાં તન્મય થઈ ગયું છે, તમારા ગુણ રૂપરજમાં મારું ચિત્ત ચોંટી ગયું છે અને એવું મારું મન મેરુ પર્વતની ભૂમિને ગરીબ રાંક જેવી ઓછી કિંમતની ગણે છે અને દેવના પતિ ઇંદ્રના લોકને, ચંદ્ર લોકને અને પાતાળવાસી નાગેન્દ્રની ભૂમિને પણ તુચ્છ ગણે છે. ભગવાનની સમક્ષ આવી વાત કરનાર માણસ બપોરે જ્યારે ઓફિસ કે પેઢીમાં જાય છે ત્યારે ધંધાના કાવાદાવા–કાળાધોળામાં લીન બની



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગયેલો જોવામાં આવે છે. આવી જ રીતે શ્રીમદ્ દેવચંદ્રજીનું ભગવાન અભિનંદનનું સ્તવન કહેતી વખતે ચેતન અર્થાત્ પોતાના આત્માને ઉદ્દેશી કહેતો હોય છે કે:—

પર પરિણામિકતા અછેરે, જે તુઝ પુદ્ગલ યોગ હો મિત્ત;
જડ, ચલ જગની એંઠનોરે, ન ઘટે તુઝને ભોગ હો
મિત્ત૦ કયું જાણું.

અહીં સ્તવન બોલનાર પોતાની જાતને સંબોધી કહે છે કે હે ચેતન! પુદ્ગલ તો જડ છે અને ચલ કહેતા વિલાસી છે, જગતની એંઠ છે, તેથી તને એ પુદ્ગલનો ભોગ ઘટતો નથી, કારણ કે હંસ કોઈ વખતે કચરામાં ચાંચ નાખતો નથી. આ રીતે સ્તવન બોલનાર માણસ ઘરમાં જમતી વખતે જો દાળ-શાકમાં જરા પણ મીઠું-મરચું વધારે કે ઓછા પ્રમાણમાં પડયું હોય તો લાલપીળા બની જઈ રસોઈ કરનારની ખબર લઇ નાખે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે આપણી વાણી અને વર્તન વચ્ચે કોઈ પ્રકારનો મેળ હોતો નથી.

આપણી પ્રાર્થના, સ્તવનો, સ્તોત્રો બોલતી વખતે ભક્તિ અને આરાધનાનો સતત વિચાર પ્રવાહ આપણી અંદર ચાલુ રહેવો જોઈએ. આપણા મહા મુનિરાજોએ બનાવેલાં સ્તવનો, સૂત્રો બોલતી વખતે તેમાં આપણો ઉદ્દેશ અને પ્રયત્ન તેના અર્થ સાથે અને અર્થ પરથી સ્થિતિ સાથે તન્મય થઇને તે સ્થિતિ આપણામાં દૃઢ કરવાનો હોવો જોઈએ. મહર્ષિ પતંજલિએ પણ યોગ શાસ્ત્રમાં કહ્યું છે કે **तज्जपः तदर्थभावनम्** જપના શબ્દોના અર્થની સાથે તદ્રુપ થઈ જવું એનું નામ જપ.[1]

આપણા મહાન પૂર્વાચાર્યોએ કેવળ મનોરંજન માટે કે તેટલા વખત પૂરતું સાત્વિક વાતાવરણ પેદા કરવા માટે સ્તવનો–સ્તોત્રો કર્યા નથી, પણ ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાનની ઉચ્ચ દશામાં, હૃદયમાં ભાવ સમાય નહિ એવી સ્થિતિ થતાં શબ્દો રૂપે તેમના મોંમાંથી તે આપોઆપ બહાર પડેલાં છે. શ્રીમદ્ આનંદઘનજીનાં સ્તવનો વિષે કહેવાય છે કે શત્રુંજય તીર્થ પર ભગવાનના દર્શન કરતી વખતે, ભાવોલ્લાસમાં આકસ્મિક અને અકલ્પનિય રીતે જ આ સ્તવનો તેમનાથી બોલાયાં હતાં. તેથી આવા મહાત્માઓના મોંમાંથી જે શબ્દો બહાર પડ્યા તે ભૂમિકા આપણે સિદ્ધ ન કરીએ ત્યાં સુધી, તેમનાં સ્તવનો–સ્તોત્રોનો આપણે યોગ્ય ઉપયોગ કર્યો એમ ન કહેવાય. આપણી પ્રાર્થનાઓ, ઉપાસનાઓ જે નથી ફળતી તેનું રહસ્ય આ વાતમાં રહેલું છે.

જૈન દર્શનમાં ક્રિયા કરતા ક્રિયાની પાછળ રહેલા ભાવને વધુ મહત્ત્વ આપવામાં આવેલું છે અને તેથી જ ક્રિયાએ બંધ એમ નથી કહેવાતું પણ પરિણામે બંધ કહેવાય છે. આપણા મહાન આચાર્ય શ્રી સિદ્ધસેન દિવાકરે કલ્યાણ મંદિર સ્તોત્રમાં એક ઠેકાણે કહ્યું છે કે 'હે, ભગવાન! મેં તમોને સાંભળ્યા છે, જોયા છે તેમજ પૂજ્યા પણ છે, પરંતુ ભક્તિ વડે તમે મારા ચિત્તમાં નિશ્ચે ધારણ કરાયેલા નથી અને તેથી જ દુઃખના પાત્ર રૂપી એવો મારે જન્મ લેવો પડ્યો છે.' એનું કારણ સમજાવતાં આચાર્યશ્રીએ તે શ્લોકના છેલ્લા પદમાં કહ્યું છે કે: **यस्मात् क्रियाः प्रतिफलंति न भावशून्या:** અર્થાત્ ભાવરહિત ક્રિયાઓ ફલ આપતી નથી. આપણે ત્યાં જીર્ણ શેઠની ભાવના વિષેની વાત બહુ જાણીતી છે. ભગવાન મહાવીરને ચાર માસના ઉપવાસનો ઉગ્ર તપ ચાલતો હતો, ત્યારે જીર્ણશેઠ દરરોજ ભગવાન પાસે જઇ પારણા નિમિત્તે પોતાને ત્યાં પધારવા વિનંતી કરવા જતા હતા. પારણાના દિવસે જીર્ણશેઠના આનંદ અને ઉલ્લાસનો કોઇ પાર ન હતો. એમનું નામ તો જિનદત્ત શેઠ હતું પણ પૈસા ચાલી જતાં જિનદત્ત શેઠમાંથી જીર્ણશેઠ બની ગયા હતા. દરિદ્ર હોવા છતાં તેમની ભાવનાનું બળ અલૌકિક હતું પારણાના દિવસે ઉચ્ચ પ્રકારની ભાવના ભાવતાં જ્યારે ભગવાન મહાવીરના આવવાની રાહ જોઈ રહ્યા હતા, ત્યારે એકાએક આકાશમાં દેવદુન્દુભીનો નાદ થયો અને

1 પાતંજલ યોગશાસ્ત્ર (૧–૨૮)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'અહોદાન', અહોદાન''નો ધ્વનિ સંભળાયો. ભગવાને ગોચરી અભિનવ શેઠને ત્યાંથી લીધી હતી તેનો એ ધ્વનિ હતો. જીર્ણશેઠનું તો તેજ જગ્યાએ ઉત્તમ ભાવના ભાવતાં મૃત્યુ થયું અને તેનો જીવાત્મા દેવલોકે સંચર્યો. કહેવાય છે કે જો દુન્દુભીનો નાદ માત્ર થોડી જ પળો મોડો થયો હોત તો જીર્ણશેઠની તીવ્રતમ ભાવનાના ફળ રૂપે, ત્યાંજ તેનાં ઘાતી કર્મોનો નાશ થઇ કેવળજ્ઞાન પ્રાપ્ત થયું હોત. બીજી તરફ અભિનવ શેઠ જેને ત્યાંથી ભગવાને ગોચરી વ્હોરી તેને કોઇ પ્રકારની ભાવના કે ભક્તિ ન હતા. જેને ભગવાનની પૂરી ઓળખ પણ ન હતી, તેને ગોચરી વહોરાવ્યાં છતાં કશું ફળ પ્રાપ્ત ન થયું. ભાવના અને ભક્તિમાં કેટલી પ્રબળ શક્તિ છે તે હકીકત આ વસ્તુ પરથી સમજાય છે.

આપણે ત્યાં બહુ ભપકાબંધ અનેક પ્રકારનાં અનુષ્ઠાનો થતાં જોવામાં આવે છે અને એક દૃષ્ટિએ આપણા સમાજ માટે તે ગૌરવરૂપ પણ છે. પરંતુ આવાં અનુષ્ઠાનોની બાબતમાં આપણે એમ સમજીએ છીએ કે અનુષ્ઠાનોની પાછળ જેમ વધુ ખર્ચ કરવામાં આવે, વધુ ભપકો અને ઠાઠ કરવામાં આવે, મોટી જાહેરાતો અને બહુ મૂલ્યવાળી ભવ્ય આમંત્રણ પત્રિકાઓ કાઢવામાં આવે, તેમ એવાં અનુષ્ઠાનોની વધુ સફળતા. આ એક સદંતર ખોટી સમજણ છે. ધર્મશાસ્ત્રોએ મુખ્યત્વે પાંચ પ્રકારનાં અનુષ્ઠાનો કહ્યાં છે અને તેની સફળતા–નિષ્ફળતાનો આધાર તેના અર્થે કેટલો ખર્ચ કરવામાં આવે છે, અગર કેવી મોટી જાહેરાતો કરવામાં આવે છે તેની પર નથી, પણ અનુષ્ઠાન કરનાર-કરાવનાર માણસના મનનાં કેવાં અધ્યવસાયો છે અને એ અનુષ્ઠાન પાછળ એનાં મનમાં શી ભાવના છે તેની પર સફળતા નિષ્ફળતાનો આધાર અવલંબે છે. જે અનુષ્ઠાનો લબ્ધિ, કીર્તિ આદિ સ્પૃહાથી કરાવવામાં આવતાં હોય તેને શાસ્ત્રોએ વિષાનુષ્ઠાન કહ્યાં છે. આ લોકના ભોગો વિષે નિસ્પૃહતા હોય પરંતુ મૃત્યુ બાદ દેવલોકમાં જઇ દિવ્ય ભોગો ભોગવવાની ઇચ્છા હોય, તેવાં અનુષ્ઠાનોને પણ શાસ્ત્રે ગરાનુષ્ઠાન જ કહ્યાં છે. કોઇ પણ પ્રકારની સ્પૃહા ન હોવા છતાં માત્ર ગતાનુગતિક રીતે કરાવવામાં આવતાં અનુષ્ઠાનોને શાસ્ત્રોએ અનનુષ્ઠાન કહ્યાં છે. જ્યારે મુક્તિમાર્ગના અનુરાગથી શુભ ભાવ યુક્ત તેમજ શુદ્ધ શ્રદ્ધા પૂર્વક અને પરમ સંવેગથી ભાવિત થયેલા મન વડે એટલે કે ભવનિર્વેદ પૂર્વક કરવામાં આવતાં અનુષ્ઠાનોને અનુક્રમે તદ્‌હેતુ અનુષ્ઠાન અને અમૃતાનુષ્ઠાન કહેવામાં આવ્યાં છે, આ પાંચેય પ્રકારનાં અનુષ્ઠાનો પૈકી શાસ્ત્રકારોએ મુખ્યત્વે છેલ્લા બે પ્રકારનાં અનુષ્ઠાનો પ્રશસ્ત હોઇને ઉપાદેય માન્યાં છે. જ્યાં વધુ ધામધૂમ અને મોટો દેખાવ હોય એવાં અનુષ્ઠાનો પાછળ લોકો ઘેલા થતા હોય છે, પણ આ તો આપણા લોકોની માત્ર પામરતા છે, અનુષ્ઠાનની ઉત્તમતા અને ભવ્યતાનો આધાર તો તેની પાછળ રહેલા હેતુ તેમજ તે કરાવનાર માણસના મનનાં અધ્યવસાયો પર રહે છે.

શુદ્ધ આરાધના કરવી કેટલી દુષ્કર અને દોહ્યલી છે તે સમજાવતાં શ્રીમદ્ આનંદઘનજીએ ભગવાન અનંતનાથના સ્તવનમાં કહ્યું છે કે, તરવારની ધાર સહવી તે સોહીલી અને સુગમ છે, પણ ભગવાનની આરાધના કરવી, સેવા કરવી દોહ્યલી–દુર્ગમ છે. ભગવાનની આરાધના કરવા છતાં પણ આપણી શુદ્ધિ ન થતી હોય, મન મેલાં હોય તો ચોક્કસ સમજવું કે આપણી આરાધના દોષ યુક્ત છે. ધાર્મિક અનુષ્ઠાનો અને તપ, જપ, કરવા છતાં પણ આપણા અંતરમાંથી વિષય કષાયો ઓછા ન થતા હોય, ઇર્ષા–અદેખાઈ–કામ–ક્રોધ–મોહ–લોભ–માન–માયા ઘટતાં ન હોય, તો સમજી લેવું કે આપણી આરાધનામાં કાંઈ ને કાંઈ દોષ છે. સાચા આરાધકના વ્યક્તિત્વનો સતત વિકાસ થતો રહેવો જોઇએ અને તેનું જીવન સ્ફટિક જેવું નિર્મળ અને પવિત્ર બની જવું જોઇએ. જે આરાધનાનું લક્ષ અને ધ્યેય મુક્તિ છે તે જ સાચી આરાધના છે અને તેથી જ શ્રીમદ્ આનંદઘનજીએ ભગવાન શ્રેયાંસનાથના સ્તવનમાં સ્પષ્ટ રીતે કહી જ દીધું છે કે:

નિજસ્વરૂપ જે કિરિયા સાધે, તેહ અધ્યાત્મ લહીયેરે;
જે કિરિયા કરી ચઉંગતિ સાધે, તે ન અધ્યાત્મ કહીયેરે.

શ્રી શ્રેયાંસજિન.

અર્થાત્ જે પ્રાણી આત્મિક ક્રિયા કરે એટલે કે જે ક્રિયા મોક્ષ પ્રાપ્તિ અર્થે થતી હોય તેવી ક્રિયાને જ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અધ્યાત્મની ક્રિયા કહેવાય. બાકી જે ક્રિયાના પરિણામે નરક–તિર્યંચ–મનુષ્ય કે દેવગતિ પ્રાપ્ત થાય તેને આધ્યાત્મિક ક્રિયા કહી જ નથી. જે ફળ હંમેશ ટકી શકે નહિ, તે અંતે અર્થ વગરનું છે અને પરિણામે સંસાર તરફ ગમન કરાવનાર છે. દેવલોકનાં સુખો ગમે તેટલાં મીઠાં હોય તો પણ તે કાયમ ટકી શકતાં નથી અને ભાડુતી મકાન સમય થયે જેમ ખાલી કરવું પડે છે તેમ દેવલોક પણ છોડવું જ પડે છે, કાયમ ટકી શકે, કદી પણ નાશ ન પામે અને જેમાં પરિવર્તનનો અવકાશ જ ન રહે એવું કોઇ સુખ હોય તો તે મોક્ષનું સુખ છે. એટલે આપણી આરાધનાનું લક્ષ માત્ર મોક્ષ સુખનું અર્થાત્ મુક્તિનું હોવું જોઇએ,


## 卐 શ્રી ઇડર પાંજરાપોળને મદદ કરો 卐

ટ્રસ્ટ ર. નં. ઈ. ૫૨ સા. કાં.

સુજ્ઞ દાનવીર મહાનુભાવો,

સવિનય વિજ્ઞપ્તિ જે ગુજરાતના સાબરકાંઠા જીલ્લામાં શ્રી ઇડર પાંજરાપોળ એ જીલ્લાની એકજ જીવદયા નિભાવ માટેની સરકાર માન્ય રજીસ્ટર સંસ્થા છે. આ જીલ્લામાં કોઈ પ્રગતિશીલ ઉદ્યોગ ધંધા નથી. આ સંસ્થામાં હાલમાં ૫૦૦ ઉપરાંત જાનવરો છે. જીલ્લાની આ એકજ સંસ્થા છે કે જે અબોલ મુંગા જીવોને સંવત ૧૯૭૫ની સાલથી નીભાવતી આવેલ છે. આ સંસ્થા પાસે કાયમી નિભાવ માટે કોઈ ફંડ નથી. જેથી દાનવીરોને હમારી નમ્ર અપીલ છે કે પોતાની સમગ્ર શક્તિથી ઉદાર હાથે રોકડ, ઘાસ, કપાસીઆ આ અન્ય રીતે આપી શકાય તેવી રીતે મદદ મોકલી–મોકલાવી સંસ્થાના મુંગા, અબોલ પ્રાણીઓના આશીર્વાદ મેળવો એજ વિનંતિ.

મદદ મોકલવાનું સ્થળ :–
**શ્રી ઇડર પાંજરાપોળ સંસ્થા**
જુના બજાર કાર્યાલય,
ઇડર. (જી. સાબરકાંઠા)

**જીવણલાલ માણેકલાલ શાહ**
**ઉત્તમચંદ દેવચંદ સંખેસરા**
ઉપ–માનદ્ વહીવટદારો
**શ્રી ઇડર પાંજરાપોળ સંસ્થા**




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કવિ લાવણ્યસમયરચિત પર્યુષણગીત

સંપાદક—**શ્રી અગરચંદ નાહટા–બીકાનેર**

સોળમી સદીના ગુજરાતી જૈન કવિઓમાં લાવણ્યસમય બહુ જ પ્રસિદ્ધ કવિ છે. તેમના રચેલા વિમલપ્રબંધ ઉપર ડો. ધીરજલાલ શાહે સંશોધન નિબંધ લખ્યો છે. તેમની કેટલીક રચનાઓને ડો. શિવલાલ જેસલપુરાએ સંપાદિત કરીને પ્રસિદ્ધ કરી છે. તેમાં 'નેમિરંગરત્નાકરછંદ' શ્રી લાલભાઈ દલપતભાઈ સંસ્કૃતિ વિદ્યામંદિર મારફત અને બીજી પાંચ કૃતિઓ 'કવિ લાવણ્યસમયની લઘુ કાવ્ય કૃતિઓ' નામથી ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય મારફત પ્રકાશિત થયેલ છે. આ ગ્રંથમાં કવિ લાવણ્યસમયની ૪૨ કૃતિઓની સૂચિ આપવામાં આવી છે. આનો ઉલ્લેખ ઐતિહાસિક રાસસંગ્રહ જૈન ગુર્જરસંગ્રહ ભા. ૧–૩ માં કરાયો હતો. આમાં આવતા ઉલ્લેખવાળી કૃતિઓ સં. ૧૫૪૩ થી સં. ૧૫૮૯ સુધીના સમયની છે. એટલે તેઓ લગભગ સાઠ વરસ સુધી રચનાઓ કરતા રહ્યા હતા. કારણ કે તેમનો જન્મ સં. ૧૫૨૧માં થયો હતો અને કાવ્યરચના કરવાનો પ્રારંભ તેમણે સોળમા વર્ષથી કરી દીધો હતો. આટલા લાંબા સમયમાં આવા સારા કવિએ માત્ર ૪૨ કૃતિઓ જ રચી હોય તેમ બને નહીં. એમ લાગે છે કે એમની લઘુ કૃતિઓની શોધ બરાબર થઈ નથી. અમારા સંગ્રહમાં મારા જાણવા પ્રમાણે ૨૦ એવી અજ્ઞાત રચનાઓ છે, જેમનાં નામો ડો. શિવલાલ જેસલપુરાએ આપેલી સૂચિમાં નથી.

રાજસ્થાન પ્રાચ્ય વિદ્યા પ્રતિષ્ઠાન, જોધપુર તથા અન્ય કેટલાક જ્ઞાનભંડારોમાં મેં કવિ લાવણ્યસમયની અજ્ઞાત કૃતિઓ જોઈ છે. પણ નાની નાની કૃતિઓનું વિવરણ મેં રાખ્યું નથી. કારણ કે પ્રાપ્ત રચનાઓની સંખ્યા સોથી પણ વધી જાય છે. મારા સંગ્રહમાં પણ આ કવિની કેટલીક અજ્ઞાત રચનાઓની હસ્તપ્રતો તથા કેટલીક રચનાઓની નકલો છે. તેમાંથી મહાલક્ષ્મીગીત જૈનમિત્ર સાપ્તાહિકના દીપાવલી અંકમાં હું પ્રસિદ્ધ કરી ચૂક્યો છું. હવે પર્યુષણ મહાપર્વ સંબંધી તેમની એક રચના અહીં પ્રસિદ્ધ થાય છે. આની ૧૭ મી સદીમાં એક પત્ર ઉપર લખેલી પ્રતિ અભય જૈન ગ્રંથાલયમાં છે. ૭ લાંબાં પદોનું આ ગીત બહુ જ પ્રેરણાદાયક છે. પર્યુષણપર્વના શુભ કાર્યધર્મની આમાં પ્રેરણા આપેલી છે.

પત્ર ૧, ૧૭ મી શતાબ્દીના શ્રાવકોના પઠનાર્થે લખાયેલ છે.

## कविवर लावन्य समय रचित : पर्व पर्यूषण गीत

### पर्यूषण कर्तव्य–तप–देवपूजा–गुरुवंदन

गिरवर मांहि मेर वडु रे, नदीय वडी जिम गंग ।
परव पजूसण तिम वडू रे, परव सविहुं मांहि चंग ।
परव सविहुं मांहि चंग सुणी जइ, रंग तणु छइ रेड ।
आव्यउं परव पजूसण प्रीयडा, धरमन कीजइ रेड ।
के उपवास करइ पंचासी, मास–खमण मन–रंगइ ।
पनर तणी छइ वात पाधरी, ऊलट आंणु अंगि ।



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

करइ अठाई कल्प केतला, उछव पार न लहीइ ।
पस भरीइ देहरइं संचरीइं, सहि गुरु वंदणि जईइं ।
करइ सनात्र पात्र नितु नाचइ, बाजइ भुंगल भेरी ।
आविउ परव पजूसण प्रीयडा, नारि भणइ भलेरी ॥ १ ॥

## कल्पसूत्र पधरावण-रात्रि जागरण

पुस्तक प्रीय जगावीइ रे, लीजइ लक्ष्मी लाह ।
वली वली नवि पामीइ रे, अवसर अंगि ऊमाह ।
अवसरि अंगि उमाहु प्रीयडा, वली वली नवि लहीइं ।
पोसालइं जई पाथरि खोला वार वार तुम्ह कहीइं ।
पूरव पुण्य प्रसादिइ स्वामी, संघ दीइं बहुमांन ।
तु तिहारइ चाल म चूके, देवे फोफल-पांन ।
पहिलुं पुस्तक घरि पधराबी, तेडी जइ श्री संघ ।
रातइ राती-जगु करीजइ मांडी रूयडा रंग ।
मेलइ सजन मेलावइ मोटां मंडपि भली सजाई ।
दीइं तंबोला भरीइं खोला, कंतम करि कृपणाइ ॥ २ ॥

## अमारि प्रवर्तन

कंत मनावी बातडी रे, हरखी मंदिरि नारिं ।
वरु करी वरतावीइ रे, आज थकी अमारि ।
आज थकी अमारि स्वामी, वेगि करी वरतावउ ।
माछी तेलीय वली वागरी, रंगारा मनावउ ।
वेगि जाई कठिन कसाई, आपी बंछित दान ।
अणगल पाणी ढोर न पावां, महीपलि मांगु मोन ।
साप-खजूरां वीछी अनेरा, जाणीय धाय न देवा ।
खांडणि पासणि लीपणि गूपणि, पाप कर्म न करेवा ।
वलीय विशेषइ जीव तणुं बिध, टालउं विविध प्रकारि ।
आप-बलिइं पर-बलिइं पनउता, वरतावउ अमारि ॥ ३ ॥

## कल्पसूत्र पधरावण

घरि घरि गूडीय उछलइ रे, तलियां तोरण बारि ।
मस्तकि खप भलु भरचउ रे, कूंभर कडचडं तोखारि ।



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

कुंअरि चढ्यउ तोखारि तेजिइं, रूपइं मदन अवतरीउ ।
कलप तंणु पुस्तक करि थापिउ, श्री संघइ परवरीउं ।
ढोल दमामा अनइ नफेरी, ताल तिसी परि वाजइं ।
गिरूइं सादिइं गोरड गाजइ, नादइ अंबर गाजइं ।
गण गंध्रव बहु वडूआ भोजिग, भाट भणइ जइकार ।
श्रोवन टंका वस्त्र सावटू, दीजइ दान अपार ।
लोक अटाले चडीया माले, जोतां कोतिग भावइ ।
आज सखी सुलतांन सनाखत, प्रीय पुस्तक पधरावइ ॥४॥

## व्याख्यान श्रवणादि

पुस्तक प्रीय पधरावीइंप, पहुतउ सहिगुरु पासि ।
चतुर्विध श्रीसंघ सांभलइरे, वांचइ मुनि उल्हासि ।
मन उल्हासिइं कल्प तणी गुरु, करतां नावइ वखांण ।
नालिकेर नइं साकरलिंगा, दइ तंबोल सुजांणा ।
ठवणी कमली नउकरवाली, विण महुपती न होई ।
झलमल पहिरामणी चंइया, पाटसमेहले जोई ।
मंगल आढइं मेरु भणीजइं, कीजइ दीपक-माल ।
अवसर आवइं पात्र ज लीजइं, सीलइ काज रसाल ।
इंद्रमाल उछव सूं पहिरी, इंद्र तणां फल लहीइं ।
परव पजूसण केरउ महिमा, प्रीयडा के तु कहीइ ॥ ५ ॥

## ज्ञान--पूजापोछणादि

ज्ञान तणी पूजा करउ रे, जिम लहु सुख नरवांणि ।
ज्ञान विहूंणा माणसां रे, पसूअ समाणा जांणि ।
पसूअ समाणा जोए प्रीयडा, ज्ञान विहुणा प्राणी ।
ज्ञान तणी पूजा करउ परिछल, हीयडइ आणंद आंणि ।
कमलवनां कापडां कथीया, कमषा केती वानी ।
श्रोवन फूले सहिगुरु पूजो, जे गुरु होइ ज्ञानी ।
नाना-विध नांणा सहिनांणा, अक्षाणां सोहावउ ।
मधुरीम वाणी मंगल बोलइ, हरि सहिगुरु वधावउ ।
राग रोस ने मनथी मेल्हउ, मरम न बोलुं मोसुं ।
करउ उपवास करी पडिकमणां, परव भलील्यउ पौसउ ॥६॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

पारणा दानादि ।

मुनि लावण्यसमइ भणइ रे, सहिगुरु तणइं वखांणि ।
संघ तणइं सुपसाउ लइरे, पुस्तक चडयूं प्रमाणि ।
पुस्तक चडिउ प्रमाणि सही ए, मोरउ मनह विठरीउ ।
जू(?) अवसर हरखी हीयडइ प्रीयडइ कहचंउ अम्हारउं करीउं ।
धज देई आरती उतारी, नुहतरीइ श्रीसंघ ।
परव पजूसण तणां पारणां, घरे घर उछव रंग ।
खीर खांड घृत भोजन कीधा, दीधा ऋषि नदं दान ।
कल्प तर्णइ परमांणि प्रीयडा, लहिसु मुक्तिनधान ।
ईम परि कल्प सदा वंचावइ भावइ जे नइं नारी ।
मुनि लादण्य समंइ इम वोलइ, नव निध तिहां घरि वारि॥७॥

અભય જૈન ગ્રંથાલય પ્રતિ નં. ૧૦૮૫૫.

આ ગીતની કેટલીક વાતો અસ્પષ્ટ રહી જાય છે, જેવી કે છઠ્ઠા પદ્યમાં પાંચમી પંક્તિનો પાઠ **સહેજ** અશુદ્ધ લાગે છે. પરંતુ અત્યાર સુધીમાં આ ગીતની બીજી કોઈ પ્રતિ જોવામાં આવી નથી કે જેના વડે શુદ્ધ પાઠનો નિર્ણય થઈ શકે. અમારી પ્રતિમાં આ રચનાનું કોઈ નામ નથી. એટલે નામ અને શીર્ષક મેં આપેલ છે તેમ સમજવું.


# ગૌરક્ષા સંસ્થા—પાલીતાણા

**સ્થાપના : સં. ૧૯૫૫**

આ સંસ્થામાં અપંગ, અશકત, આંધળાં જાનવરોને સુકાળ તેમજ દુષ્કાળ જેવા સમયમાં બચાવી પાલન કરી રક્ષણ આપવામાં આવે છે. હાલમાં ૧૭૦ ગૌ–વંશનાં જાનવરો છે તેને માટે પાણીના બંને અવેડા ભરવામાં આવે છે.

દુષ્કાળ અર્ધ દુષ્કાળ, અને અછતની પરિસ્થિતિ ઉપસ્થિત થતાં સંસ્થાને આર્થિક રીતે ઘણું સહન કરવું પડે છે. આવા પ્રસંગે સંસ્થાને અણધાર્યો ખર્ચ કરવો પડે છે. પરિણામે સંસ્થાની સ્થિતિ મુશ્કેલ ભરી બની રહે છે. તો સર્વે મુનિ મહારાજ સાહેબોને તેમજ દરેક ગામના શ્રીસંઘને તથા દયાળુ દાનવીરો અને ગૌપ્રેમીઓને મુંગા પ્રાણીઓના નિભાવ માટે મદદ મોકલવા વિનંતી છે.

જીવદયાનાં કાર્યો કરતી આવી સંસ્થાઓને સહાયની ખૂબ જરૂર રહે છે. એટલે પ્રાણી માત્રની દયા ચિંતવનારાઓ આવી સંસ્થાની ઉપયોગિતા સમજી મદદ કરે એવી ખાસ વિનંતી છે.

ગૌરક્ષા સંસ્થા
પાલીતાણા ( સૌરાષ્ટ્ર )

**હીરાલાલ ધરમશી મોદી**
**રમણીકલાલ ગોપાળજી કપાસી**
માનદ્ મંત્રીઓ,




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન સમ્રાટ ભિક્ખુરાય ખારવેલ

લેખક : **ખીમચંદ ચાંપશી શાહ** એમ.એ.

ઈતિહાસની એક વિચિત્ર ઘટના છે કે જે સમ્રાટને જૈનોનું વિશાળ સાહિત્ય મહાન ચક્રવર્તી તરીકે બિરદાવે છે, અને જેણે જૈન ધર્મનો પશ્ચિમ ભારતમાં ખૂબ પ્રચાર કર્યો હતો, સેંકડો જૈન–મંદિરો બંધાવ્યાં હતાં અને હજારો જિનબિંબો ભરાવ્યાં હતાં એમ કહેવાય છે, તેનું જૈનેતર સાહિત્યમાં માત્ર નામ જ જોવા મળે છે. તેના સંબંધમાં કોઈપણ જાતનો પુરાતત્ત્વીય પુરાવો મળતો ન હોવાના કારણે તેની કોઈ પણ જાતની મહત્તા સ્વીકારવા વિદ્વાન ઇતિહાસકારો તયાર નથી. આથી ઊલટું, જે સમ્રાટનું જૈન સાહિત્યમાં નામનિશાન નથી, તેનો પુરાતત્ત્વીય પુરાવો મળતો હોવાના કારણે તેને ચક્રવર્તી સમ્રાટ ગણી તેની કારકિર્દીને ઇતિહાસકારો ઠીક ઠીક બિરદાવે છે. ઉજ્જયિનીના સમ્રાટ સંપ્રતિ માટે કોઈ પણ પુરાતત્ત્વીય આધાર નથી અને કેટલાક વિદ્વાનો તેના અસ્તિત્વ બાબતમાં પણ શંકા ધરાવે છે. પરંતુ કલિંગના સમ્રાટ ભિક્ખુરાય ખારવેલના સંબંધમાં એક મોટો શિલાલેખ મળ્યો છે, જેમાંથી તેના જીવનની ઘણી ખરી માહિતી મળે છે અને ઇતિહાસકારો આ માહિતીના આધારે તેને એક મહાન જૈન ચક્રવર્તી સમ્રાટ તરીકે ઓળખાવે છે.

પ્રાચીન કાળમાં ગંગાના મુખથી માંડી કૃષ્ણના મુખ સુધીનો સમુદ્રને લગતો પ્રદેશ કલિંગ કહેવાતો. તેમાં હાલના કટક પાસે ખંડગિરિ અને ઉદયગિરિ નામના પર્વતો આવેલા છે, જે પ્રાચીન કાળમાં કુમારગિરિ અને કુમારીગિરિના નામથી ઓળખાતા હતા. આ પર્વતો ઉપર કેટલીક ગુફાઓ કોતરવામાં આવી છે, અને દરેક ગુફામાં તે કોતરાવનારના નામનો શિલાલેખ છે. આમાંની એક મોટી ગુફા હાથીગુંફાના નામથી ઓળખાય છે. તેમાં આવેલો શિલાલેખ ઐતિહાસિક દૃષ્ટિએ ઘણો મહત્ત્વનો છે. ગુફા ઈસ્વીસન પૂર્વેના સમયમાં કોતરાયેલી છે અને શિલાલેખ પણ તેટલો જ પ્રાચીન છે. તે ઘણી જગ્યાએ ઘસાઇ ગયો છે અને કેટલાક સ્થળોએ અક્ષરોવાળો ભાગ તૂટી ગયો છે. એટલે પૂરેપૂરો વાંચી શકાતો નથી. પણ જે ભાગ ત્રુટકત્રુટક પણ વાંચી શકાય છે, તેના ઉપરથી ઘણી બાબતો ઉપર ઠીકઠીક પ્રકાશ પડે છે.

શિલાલેખની ભાષા છે જૂની પ્રાકૃત અને તેનો પ્રારંભ બે મંગળ ચિહ્નોથી થાય છે. શરૂઆતના શબ્દો છે **नमो अरहंतानं नमो सवसिद्धानं.** બંને મંગળ ચિહ્નો જૈન ધર્મનાં છે અને અરિહંતોને તથા સર્વ સિદ્ધોને નમસ્કાર એ જૈનોનો નમસ્કાર-મંત્ર છે. એટલે આ શિલાલેખ કોતરાવનાર જૈન હતો તેમ નિઃશંક સિદ્ધ થાય છે. વળી એમ પણ જણાય છે કે તે કોતરાવનારના સમયમાં નમસ્કાર મંત્રમાં માત્ર બે જ નમસ્કાર હતા. જો આજે છે તે પ્રમાણે પાંચ પરમેષ્ઠીને નમસ્કારો હોત, તો આખો નમસ્કાર મંત્ર કોતરાવ્યો હોત. અથવા ટૂંકાવવા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ખાતર જો માત્ર બે જ નમસ્કારો કોતરાવવા હોત, તો પણ તેમાં ફેરફાર કરી **सिद्धानं**ની આગળ **सव** (સર્વ) વિશેષણ ન ઉમેર્યું હોત. આચાર્યો, ઉપાધ્યાયો અને સાધુઓને નમસ્કારના મંત્રો પાછળના સમયમાં ઉમેરાયા હોય અને આ ઉમેરો કરતી વખતે સિદ્ધાનં પાસેથી સવ વિશેષણ ખસેડી **साहूणं** ની આગળ મૂક્યું હોય તેમ જણાય છે.

શિલાલેખમાં પછીના શબ્દો છે.

**परेन महाराजेन महामेघवाहनेन चेतराजवसवधनेन सुभलखनेन चतुरंतलुठितगुनोपहितेन कलिंगाधिपतिना सिरि खारवेलेन...**

એર મહારાજ મહામેઘવાહન ચેતવંશવર્ધન, પ્રશસ્ત લક્ષણવાળા, ચારે દિશામાં ફેલાયેલા ગુણવાળા, કલિંગાધિપતિ શ્રી ખારવેલે.... આમાં **એર** શબ્દનો અર્થ સમજાતો નથી. ખારવેલનો પુત્ર વક્રદેવ આવા જ એક શિલાલેખમાં **વેર** શબ્દ વાપરે છે. એર અથવા વેર કોઈ મહત્તાસૂચક વિશેષણ હશે તેમ જણાય છે. મહામેઘવાહન એ કલિંગાધિપતિઓનું બિરૂદ હોય તેમ લાગે છે. વક્રદેવ પણ આ બિરૂદ વાપરે છે ખારવેલના સમકાલીન આંધ્ર રાજાઓ આવી જાતનું બિરૂદ 'સાતવાહન' વાપરે છે. સાત એટલે ઘોડો અને મહામેઘ એ હાથીનું સૂચક છે. **ચેતવંશવર્ધન** આ શબ્દો ખૂબ જ મહત્ત્વના છે. કેટલાક વિદ્વાનો ચેતને ચેદિનો અપભ્રંશ ગણી ખારવેલને વત્સના ચેદિવંશમાંથી ઊતરી આવેલો ગણે છે, તો વળી બીજા કેટલાક વિદ્વાનો તેને ચૈત્રનો અપભ્રંશ ગણી ખારવેલને કોઈક અજાણ્યા ચૈત્રવંશનો માને છે. આ બાબતમાં જૈનોની હિમવત્ થેરાવલી જુદો જ પ્રકાશ પાડે છે. તેની તરફ વિદ્વાનોનું ધ્યાન ગયું નથી. જૈનોમાં હિમવત્ નામના એક પ્રસિદ્ધ સ્થવિર ઇ. સ.ની ત્રીજી સદીમાં થઈ ગયા છે. આ થેરાવલી કદાચ તેમની કૃતિ હોય. પરંતુ પાછળથી તેમાં સુધારાવધારા થયા હોય તેમ જણાય છે એટલે પ્રાચીન કેટલું અને પાછળથી ઉમેરણ કેટલું તે નક્કી કરવું મુશ્કેલ છે, છતાં આ થેરાવલીનો સાવધાનીપૂર્વક ઉપયોગ કરવામાં વાંધા જેવું નથી.

ભ. મહાવીરના મામા અને વૈશાલી મહાજનતંત્રના રાજા ચેટકે પોતાની એક પુત્રી ચેલ્લણા મગધના રાજા બિંબિસારને (શ્રેણિકને) પરણાવી હતી. તેમના પુત્ર અજાતશત્રુએ (કોણિકે) પોતાના માતામહ ચેટકને હરાવી વૈશાલીનું રાજ્ય મગધમાં ભેળવી દીધું હતું એ ઐતિહાસિક હકીકત છે. ચેટક એ નામ નથી પણ અટક છે. જેવી રીતે મિથિલાના રાજાઓ પોતાની અટક જનકથી અને પ્રાગ્જ્યોતિષ્ના રાજાઓ પોતાની અટક **નરક**થી ઓળખાતા, તેવી જ રીતે વૈશાલીના રાજાઓ પોતાની અટક **ચેટક**થી ઓળખાતા. થેરાવલીકાર કહે છે કે આ સમયે વૈશાલીનો યુવરાજ શોભનરાય ચેટક નાસીને પોતાના સાસરા કલિંગના રાજા સુલોચન પાસે ગયો. સુલોચનને પુત્ર ન હતો એટલે તેણે પોતાના જમાઈ શોભનરાયને પોતાનો ઉત્તરાધિકારી બનાવ્યો અને સુલોચનના મૃત્યુ પછી શોભનરાય ચેટ (ચેટક) કલિંગની રાજગાદી ઉપર બેઠો. ત્યારથી કલિંગમાં ચેટ રાજવંશ શરૂ થયો. ખારવેલ ચેટ રાજવંશનો હતો એટલે શિલાલેખનો **चेत** શબ્દ એ ચેદિ કે ચૈત્ર ન હોતાં ચેટ છે. આ પ્રમાણપૂર્વકની હકીકત સ્વીકારી લેવા જેવી છે.

થેરાવલીકારના જણાવ્યા પ્રમાણે વી. નિ. સં. (વીર નિર્વાણ સંવત) ૧૮માં શોભનરાય કલિંગની રાજગાદી ઉપર બેઠો. તેના વંશમાં પાંચમી પેઢીએ વી. નિ. સં. ૧૪૯માં ચંડરાય રાજા થયો. તે સમયે મગધમાં આઠમો નંદ રાજ્ય કરતો હતો. તે અતિશય લોભી હતો. મહારાજા શ્રેણિકે કુમાર પર્વત ઉપર જે જિનમંદિર બંધાવ્યું હતું અને જેમાં સુધર્મસ્વામીના શુભ હસ્તે ભ. ઋષભદેવની સુવર્ણ પ્રતિમા પધરાવી હતી, તે મંદિર તોડી તે સુવર્ણ પ્રતિમાને આઠમો નંદ ચંડરાયને હરાવી ઉપાડી ગયો. ત્યાર બાદ શોભનરાયની આઠમી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પેઢીએ ક્ષેમરાજ થયો. તે વી. નિ. સં. ૨૨૭માં કલિંગની રાજગાદી ઉપર બેઠો. તેના રાજકાળ દરમિયાન વી. નિ. સં. ૨૩૯માં મગધના મૌર્ય સમ્રાટ અશોકે કલિંગ ઉપર ચડાઈ કરી. આ ભયંકર યુદ્ધમાં લગભગ એક લાખ જેટલા માણસો મરાયા, દોઢ લાખ જેટલા કેદ પકડાયા અને આથી ઘણા વધારે મૃત્યુને શરણ થયા; ક્ષેમરાજ હાર્યો અને તે અશોકનો ખંડિયો રાજા બન્યો. વી. નિ. સં. ૨૭૫માં ક્ષેમરાજ મૃત્યુ પામ્યો અને તેનો પુત્ર વુડ્ઢરાજ ગાદીએ આવ્યો. ત્યારબાદ વી. નિ. સં. ૩૦૦માં ભિક્ખુરાય ખારવેલ કલિંગની રાજગાદી ઉપર બેઠો. હવે આપણે થેરાવલીકારની આ હકીકતને ચકાસીએ.

ક્ષેમરાજ અને વુડ્ઢરાજના શિલાલેખો મળે છે. એટલે ક્ષેમરાજ, વુડ્ઢરાજ અને ભિકખુરાય એમ ત્રણ પેઢીમાં શંકા કરવા જેવું નથી. શોભનરાય વી. નિ. સં. ૧૮માં અને ભિક્ખુરાય વી. નિ. સં. ૩૦૦માં ગાદીએ આવ્યા. આ બે વચ્ચેના ૨૮૨ વર્ષના ગાળામાં દશ રાજાઓ થયા. એટલે દરેક રાજાનો રાજત્વકાળ સરેરાશ ૨૮.૨ વર્ષનો આવે છે, જે સામાન્ય સરેરાશ કરતાં વધારે છે. વળી અશોક થેરાવલીકાર પ્રમાણે વી. નિ. સં. ૨૦૯ માં મગધની ગાદીએ આવ્યો અને તેણે વી. નિ. સં. ૨૩૯ માં કલિંગ ઉપર ચડાઈ કરી. એટલે આ ચડાઇ તેના રાજકાળ દરમિયાન ત્રીસમે વર્ષે થઈ. પરંતુ અશોક પોતે જ પોતાના બારમાં શિલાલેખમાં જણાવે છે કે તેણે પોતાના રાજ્યાભિષેક પછી આઠમા વર્ષે કલિંગ ઉપર ચડાઈ કરી હતી. એટલે થેરાવલીકારની આ હકીકતો સ્વીકારી શકાય તેવી નથી અને તેટલે અંશે થેરાવલી શંકાસ્પદ જણાય છે. પરંતુ ભિક્ખુરાય વીરનિર્વાણ પછી ૩૦૦ મા વર્ષે ગાદીએ આવ્યો તે હકીકતને બીજી રીતે પણ સમર્થન મળે છે એટલે તે સ્વીકારવામાં વાંધો નથી.

ભિક્ખુરાયે પંદર વર્ષની ઉંમર સુધીમાં ક્ષત્રિય રાજકુમારને યોગ્ય રમતગમત અને શસ્ત્રાસ્ત્ર વિદ્યામાં પ્રવિણતા મેળવી લીધી. સોળમા વર્ષે તેને યુવારાજપદ આપવામાં આવ્યું અને ચોવીસમા વર્ષે તે રાજગાદી ઉપર બેઠો. આ સમય દરમિયાન તેણે વાચન–લેખન, નાણાં વહીવટ, હિસાબ, કાયદા-કાનૂન, રાજવ્યવસ્થા વગેરે શાસ્ત્રોમાં પ્રવિણતા મેળવી લીધી હતી.

ભિક્ખુરાયે રાજકાળના પહેલા વર્ષથી જ પોતાનો પ્રભાવ પાડવો શરૂ કરી દીધો. તેણે કિલ્લાઓ સમરાવ્યા, શહેરો સુધાર્યાં અને દક્ષિણના કૃષ્ણવેણા ઉપરના મુષિકોની સીમા સુધી અને પશ્ચિમમાં સાતવાહન સાતકર્ણીના રાજ્યની સીમા સુધી પોતાના રાજ્યની સીમા વધારી. ત્યારબાદ તેણે દિગ્વિજયની કૂચ આરંભી. રાજકાળના ચોથા વર્ષમાં તેણે વિદર્ભના ભોજકો અને રાષ્ટ્રિકોને નમાવ્યા. આઠમા વર્ષે મગધમાં ગોરઠગિરિની કિલ્લેબંધી ભેદી તેણે રાજગૃહી ઉપર હૂમલો કર્યો. આ હૂમલાની ભયંકરતા સાંભળી યવનરાજ દિમિત,[1] જે મગધ ઉપર ચડાઇ કરવા મથુરા સુધી આવ્યો હતો. તે, હિંમત હારી ગયો અને પીછેહઠ કરી પોતાના રાજ્યમાં નાસી ગયો. બારમા વર્ષે તેણે મગધના રાજા બહસતિમિતને[2] પોતાના પગમાં નમાવ્યો. વળી, આપણે આગળ નોંધ લીધી છે તે પ્રમાણે કુમારી પર્વત ઉપર શ્રેણિક મહારાજાએ પ્રતિષ્ઠા કરેલી જે ભ. ઋષભદેવની સુવર્ણ પ્રતિમા આઠમો નંદ ઉપાડી ગયો હતો, તે પાછી લાવ્યો, અને પુરાતન મંદિરનો જીર્ણોદ્ધાર કરી તેમાં આર્ય સુપ્રતિબદ્ધ પાસે તેની ફરીથી પ્રતિષ્ઠા કરાવી. ઉત્તરાપથના રાજાઓને

---

૧. કેટલાક વિદ્વાનો આ દિમિતને પૂર્વ પંજાબના ભારતીય–ગ્રીક રાજા દિમિત્રિયસ (Demetrius) ગણે છે.

૨. બૃહસ્વાતિમિત્ર અથવા બૃહસ્પતિમિત્ર=પુષ્યમિત્ર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તોબાહ પોકરાવી અને દક્ષિણમાં પણ પાંડય રાજાને હરાવ્યો. આ રીતે તેણે પોતાના રાજ્યને વિસ્તારી પોતાનું કલિંગાધિપતિ ચક્રવર્તી સમ્રાટનું બિરૂદ સાર્થક કર્યું.

આવા વિજયો મેળવ્યા ઉપરાંત તેણે પ્રજાહિતનાં કામો પણ સારી રીતે કર્યાં હતાં. પોતાના રાજ્યત્વ-કાળના છઠ્ઠા વર્ષે તેણે રાજસૂય યજ્ઞ કર્યો અને પ્રજાના કેટલાક કરવેરા માફ કર્યા. ત્રણસો વર્ષ પહેલાં નંદરાજાએ જે પાણીની નહેર કાઢી હતી, તેને સમરાવી ખેતીને આબાદ કરી.

તેરમા વર્ષમાં કોઈક અંગગ્રંથનું સંસ્કરણ કરાવ્યું તેવો શિલાલેખમાં એક અસ્પષ્ટ ઉલ્લેખ છે. હું માનું છું કે હિમવત્ થેરાવલીમાં જૈન સિદ્ધાંતોના પુનરુદ્ધાર માટે જૈન નિર્ગ્રંથો અને નિર્ગ્રંથીઓની સભાનો જે ઉલ્લેખ છે તેનો એ નિર્દેશ કરે છે.

થેરાવલીકારના કથન પ્રમાણે બાર વર્ષના દુકાળને લીધે તીર્થંકરો અને ગણધરોએ પ્રરૂપિત સિદ્ધાંતનો ઘણો ભાગ નષ્ટપ્રાય થઈ ગયો હતો. આ સિદ્ધાંતોનો સંગ્રહ અને જૈન ધર્મનો પ્રચાર કરવાના હેતુથી ભિક્ખુરાયે શ્રમણ નિર્ગ્રંથો અને નિર્ગ્રંથીઓની એક સભા બોલાવી. તેમાં આર્ય મહાગિરિની પરંપરાના આર્ય બલિસ્સહ, બોધિલિંગ, દેવાચાર્ય, ધર્મસેનાચાર્ય, નક્ષત્રાચાર્ય આદિ બસો જિનકલ્પી સાધુ તથા આર્ય સુહસ્તીની પરંપરાના આર્યસુસ્થિત, આર્ય સુપ્રતિબદ્ધ, ઉમાસ્વાતિ, શ્યામાચાર્ય આદિ ત્રણસો સ્થવિરકલ્પી સાધુ તથા પોઈણી આદિ ત્રણસો નિર્ગ્રંથીઓ ઉપસ્થિત થયાં હતાં. આ બધાંને વંદણા કરીને ભિક્ખુરાયે દૃષ્ટિવાદ અંગને સુવ્યવસ્થિત કરવાની વિનંતિ કરી. આ વિનંતિ ધ્યાનમાં લઈને આ આચાર્યોએ ભિક્ખુરાયનો મનોરથ પૂર્ણ કર્યો. આ ઉપરાંત આર્ય બલિસહે વિદ્યાપ્રવાહ નામના અંગમાંથી અંગવિદ્યાની; ઉમાસ્વાતિએ સ્વોપજ્ઞવૃત્તિ સહિત તત્ત્વાર્થાધિગમસૂત્રની અને શ્યામાચાર્યે પણ્ણવણાસૂત્રની રચનાઓ કરી. આ કાર્યમાં ભિક્ખુરાયને તેની પટરાણી પુણ્ણમિત્તા (પુણ્યમિત્રા) એ ખૂબ મદદ કરી રહી હતી.

આ ઉપરાંત, જૈન નિર્ગ્રંથો અને નિર્ગ્રંથીઓને વર્ષાકાલ દરમિયાન સુખપૂર્વક રહેવા માટે ખંડગિરિ અને ઉદયગિરિ ઉપર ગુફાઓ (લયનો) તેણે કોતરાવી હતી. તેની પટરાણી પુણ્ણમિત્તા તથા પુત્ર વક્કદીપે પણ આવી ગુફાઓ કોતરાવી હતી.

હવે આપણે યુગપ્રધાનપટ્ટાવલીના આધારે આ બાબતનો વિચાર કરીએ. આર્ય સુહસ્તી વી. નિ. સં. ૨૯૧ સુધી યુગપ્રધાન હતા. ત્યારબાદ માથુરી વાચના પ્રમાણે આર્ય બલિસ્સહ, સ્વાતિ (ઉમાસ્વાતિ?) અને શ્યામાચાર્ય અનુક્રમે યુગપ્રધાન થયા. શ્યામાચાર્ય વી. નિ. સં. ૩૭૬માં સ્વર્ગવાસી થયા. આ ત્રણે યુગપ્રધાનોનો સમય વી. નિ. સં. ૨૯૧થી ૩૭૬સુધીનો છે. એટલે વી. નિ. સં. ૩૧૩ના અરસામાં આ ત્રણેય એક સાથે જીવિત હોવાનો અને આ સમય દરમિયાન ભિક્ખુરાયની સભામાં ઉપસ્થિત થઈ અંગરચના કરી હોવાની પૂરેપૂરી શક્યતા છે. એટલે થેરાવલીકારની ખારવેલના સમય તથા સભા વિષેની હકીકતનો યુગપ્રધાનપટ્ટાવલી સાથે બરાબર મેળ બેસી રહે છે.

ઉપર પ્રમાણે ભિક્ખુરાય ખારવેલના રાજ્યના પહેલા તેર વર્ષની માહીતી મળે છે, ત્યાર પછીની માહિતી મળતી નથી. થેરાવલીકાર પ્રમાણે ત્રીસ વર્ષ રાજ્ય કરી ચોપન વર્ષની ઉંમરે વી. નિ. સં. ૩૩૦માં તેનું દેહાવસાન થયું.

જૈનોમાં "તિત્થોગાલી પઈણ્ણય" નામનો એક પ્રાચીન પ્રકરણ ગ્રંથ છે. તેમાં ભ. મહાવીરના નિર્વાણ બાદ ૬૦૫ વર્ષ અને પાંચ માસ વીત્યા પછી શકસંવત્સરનો પ્રારંભ થયો તેમ જણાવ્યું છે એટલે કે ઇ. પૂ. ૫૨૭ના વર્ષમાં મહાવીર નિર્વાણ થયું. સામાન્ય જૈન જનતા આ કાળ-ગણના સ્વીકારે છે. પ્રસિદ્ધ ઇતિહાસવિદ્ પૂ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મુનિરાજ શ્રી કલ્યાણવિજયજી મહારાજ પણ આ પરંપરાને સમર્થન આપે છે. આ ગણના પ્રમાણે સમ્રાટ ભિક્ખુરાય ખારવેલનો રાજત્વકાળ ઈ. પૂ. ૨૨૭–૧૯૭નો આવે.

પરંતુ આ કાળગણના સ્વીકારતાં કેટલીક મુશ્કેલીઓ આવે છે.[૩] પ્રો. હર્મન યાકોબી વગેરે પાશ્ચાત્ય વિદ્વાનો મહાવીર નિર્વાણ ઈ. પૂ. ૪૬૭ માં માને છે.

આ સાલવારી સ્વીકારતાં ભિક્ખુરાયનો રાજ્યત્વકાળ ઈ. પૂ. ૧૬૭–૧૩૭ ગણાય. હાથીગુંફાની કારીગરી અને શિલાલેખના અક્ષરોનો મરોડ જોતાં આ સમય વધારે બંધબેસતો જણાય છે.

૩. જૂઓ–આત્માનંદ પ્રકાશ વર્ષ ૫૪ અંક ૫–૬માં મારો "મહાવીર નિર્વાણનું વર્ષ" નામનો લેખ.

**શ્રી જૈન ઉદ્યોગ કેન્દ્ર પાલીતાણા**

**જૈન** સાધર્મિક સિદાતી બહેનોને ગૃહ ઉદ્યોગ દ્વારા રાહત આપી સાધર્મિક ભક્તિ કરવા પ્રયત્ન કરે છે.

**ઉદ્યોગ** દ્વારા નિભાવ કરતી સાધર્મિક બહેનોને સ્વમાન પૂર્વક જીવન નિર્વાહ કરવાના અમારા કાર્યમાં સહકાર આપો.

**કેન્દ્રમાં** જૈન બહેનોએ જયણા પૂર્વક બનાવેલા ખાખરા, પાપડ, વડી, ખેરો, અથાણાં વિગેરે ઘર વપરાશની વસ્તુઓ કાળજી પૂર્વક બનાવી વ્યાજબી ભાવે વેચવામાં આવે છે તો ખરીદી કરી ઉત્તેજન આપો.

ભગવાન મહાવીરના ચતુર્વિધ સંઘના એક અગત્યના અંગ સમી સિદાતી શ્રાવિકા બહેનોની સાધર્મિક ભક્તિ નિમિત્તે કેન્દ્રની બહેનોને ઉત્તેજન આપવા પર્યુષણાના પવિત્ર પર્વમાં શક્ય સહાય મોકલી અમોને પ્રોત્સાહિત કરો.

મુખ્ય કેન્દ્ર : **મોતીશાની ધર્મશાળા, જૈન મોટા દેરાસર સામે.**

વેચાણ કેન્દ્ર : **નાની શાક માર્કેટ પાસે મુખ્ય બજાર પાલીતાણા.**

પ્રમુખ : **ડૉ. ભાઈલાલ એમ. બાવીશી** M. B. B. S.
મંત્રી : **શ્રી હીરાલાલ રતિલાલ શાહ**
સહમંત્રી : **શ્રી શાંતીલાલ ચત્રભુજ ગાંધી**
ઉપપ્રમુખ : **શ્રી નગીનદાસ ઓધવજી ગાંધી**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સુખસમ્બોધના (વિ.સ.૧૧૭૪)માં જ્ઞાતપુત્ર મહાવીરસ્વામી

**પ્રો. હીરાલાલ ર. કાપડિયા** એમ. એ.

શ્રમણ ભગવાન મહાવીરસ્વામીને અંગે જાતજાતનાં લખાણો થયાં છે અને થશે. આજે હું એમાં આ લેખ દ્વારા ઉમેરો કરું છું. એનું કારણ એ છે કે **સમભાવભાવી** હરિભદ્રસૂરિકૃત ઉવએસપય (ઉપદેશપદ) ઉપર [1]'સૌવીર પાયી' બૃહદ્ગચ્છીય [2]મુનિચન્દ્રસૂરિએ જે સુખસંબોધના નામની વૃત્તિ વિ. સં. ૧૧૭૪માં સંસ્કૃતમાં રચી છે તેમાં મહાવીરસ્વામીને અંગે પ્રસંગોપાત કેટલીક બાબતો રજૂ કરાઈ છે એમ મને એનો શ્રી હેમસાગરસૂરિજીએ ગુજરાતીમાં કરેલો અનુવાદ એમણે મને 'ઉપક્રમણિકા' લખી આપવા આમંત્રણ આપ્યું ત્યારે વાંચતાં જણાયું.

પ્રારંભમાં વીર જિનેશ્વરને પ્રણામ કરતી વેળા નીચે મુજબ એમની સ્તુતિ કરાઈ છે:—

જેમનાં આપત્તિઓનો અંત આણનારાં ઉપદેશ-પદોને અને તત્કાળ એકત્રિત કરેલી સંપત્તિને પ્રાપ્ત કરીને ભવ્ય (જીવો) કૃતાર્થ થયા છે તેમ જ જેમણે કર્મરજને અને (અજ્ઞાનરૂપ) અન્ધકારને દૂર કર્યાં છે એવા.

આ દ્વારા મહાવીરસ્વામીના ઉપદેશની મહત્તા અને એમની સર્વજ્ઞતા તેમ જ સર્વકર્મોથી એમની મુક્તિ વિષે ઉલ્લેખ કરાયો છે.

પૃ. [3]૨–૩. મહાવીર સ્વામીના જન્માભિષેક વેળા સૌધર્મેન્દ્રને શંકા થઈ ત્યારે એમણે પોતાના ડાબા પગના અંગૂઠાથી 'મેરુ' પર્વતને દબાવ્યો, એને લઇને સમગ્ર પૃથ્વી ડોલવા લાગી.

સૌધર્મેન્દ્રે ઇન્દ્રસભામાં મહાવીરસ્વામીના પરાક્રમની પ્રશંસા કરી ત્યારે એ સહન ન કરી શક્નો એક દેવ રમત રમવાના વિષે આવ્યો અને રમતમાં હારી જતાં શરત પ્રમાણે એણે મહાવીરસ્વામીને ખાંધ ઉપર બેસાડ્યા. પછી પોતાની કાયાને આકાશમાં ઊંચે વિસ્તારી પરંતુ મહાવીરસ્વામી જરાપણ ભયભીત થયા નહિ. એમણે પોતાની વજ્ર જેવી કઠણ મુક્કી એ દેવના વાંસામાં એવી ઠોકી કે એ દેવ વામન બની ગયો.

આ બંને વિગતો મહાવીરસ્વામીના અનુપમ બળ અને નિર્ભયતાનું સૂચન કરે છે. પૃ. ૩. મહાવીરસ્વામી ત્રણે લોકની સહાયતાથી નિરપેક્ષ હોઇ દીક્ષા લીધા બાદ જે દિવ્યાદિ મહાન ઉપસર્ગો એમને થયા તે જરાપણ ગ્લાનિ વિના એમણે સહન કર્યાં.

કેવળી બનતાં એમની આઠ પ્રાતિહાર્યોરૂપ પૂજા થઈ.

એમની વાણીનો પ્રભાવ દર્શાવતી એ બાબત મુખ્ય-પણે રજૂ કરાઈ છે કે સમકાળે સમસ્ત જીવોના સંશયને એ દૂર કરનારી હતી.

એમના વિહાર દરમ્યાન વાયુ વાવાને કારણે ચારે દિશામાં ૨૫ યોજન સુધી સર્વ વ્યાધિઓનો નાશ થતો હતો.

---

૧. કાંજી પીને રહેનાર.

૨. એમના જીવન અને કૃતિકલાપ વિષે તેમ જ સુખસમ્બોધવાના પરિચય પરત્વે મેં ઉપક્રમણિકામાં યથાસાધન માહિતી આપી છે. આથી એ બાબત હું અત્ર જતી કરું છું.

૩. આ પૃષ્ઠાંક અનુવાદનો છે કેમકે સુખ સમ્બોધના આજે અપ્રાપ્ય થયાનું મનાય છે એટલે મેં એમાંથી પત્રાંક દર્શાવ્યો નથી. અન્યત્ર પણ આમ જ સમજવું. અનુવાદના પૃષ્ઠાંક આપવા બદલ હું સૂરિજી વગેરેનો આભારી છું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એમનું સૌન્દર્ય અદ્દભુત હતું.

એઓ લોકાલોકના જ્ઞાતા બન્યા હતા.

જે ભવ્ય જીવોએ સમ્યગ્દર્શનાદિ પ્રાપ્ત ન કર્યા હોય તેમને એઓ પ્રાપ્ત કરાવતા હતા અને પ્રાપ્ત કરેલા ગુણોના રક્ષણાર્થે ઉપાયો બતાવતા હતા. આમ એઓ યોગક્ષેમ કરનાર હોવાથી એમને 'નાથ' કહ્યા છે.

એમને જિન અને વીર કહેવાનાં કારણો અત્ર દર્શાવાયાં છે. સંગમ અસુરે તેમજ નીચ પ્રાણીઓએ કરેલા અનેક ઉપસર્ગોનું અત્ર બાધેભારે કથન છે.

એઓ નિષ્કર્મ બની મોક્ષે ગમાનો–સિદ્ધ પરમાત્મા બન્યાનો અત્ર ઉલ્લેખ છે.

પૃ. ૧૦૨, ૧૦૬ કૌશાંબીના નૃપતિ શતાનીકને મૃગાવતી નામે પત્ની હતી. ચંડપ્રદ્યોત એનું ચિતારાએ ચીતરેલું રૂપ જોઈ કામાતુર બની ગયો. મૃગાવતી પોતાના શીલના રક્ષણ માટે વિચારવા લાગી કે તે ગામ, નગર વગેરે ધન્ય છે કે જ્યાં મહાવીરસ્વામી વિચરે છે તે તે સ્થળે પરચક્રાદિ અનર્થો દૂર થાય છે, લોકોના મનને આનંદ થાય છે. જો મારા પુણ્યથી એઓ અહીં પધારે તો હું એમની પાસે દીક્ષા લઉં. મહાવીરસ્વામી એનો મનોરથ જાણી દૂર દેશાન્તરથી કૌશાંબી આવ્યા. ચંડપ્રદ્યોત પણ આવ્યો. ધર્મદેશના મહાવીરસ્વામીએ આપી. પછી મૃગાવતીએ ઊભા થઈ એમને કહ્યું કે અવંતીનરેશ ચંડપ્રદ્યોતને પૂછીને હું તમારી પાસે દીક્ષા લઉં. ચંડપ્રદ્યોતે અનુજ્ઞા આપી એટલે એણે દીક્ષા લીધી. મહાવીરસ્વામીએ એને ચન્દનબાળાને સોંપી.

પૃ, ૧૦૩–૧૦૬ ઉપર્યુક્ત બનાવ બન્યો તે અરસામાં શબર સરખો એક પુરુષ આવી મનથી મહાવીરસ્વામીને પ્રશ્ન પૂછવા તૈયાર થયો. ત્યારે એને એમણે કહ્યું કે વચનથી પૂછ. તેણે પૂછ્યું કે **जा सा?** અર્થાત્ જે તે હતી તે તે જ છે? ભગવાને ઉત્તર આપ્યો કે **सा सा** તે તે જ છે. આ વાત **जा सा सा सा** એમ સાંકેતિક ભાષામાં થઈ એટલે ગૌતમસ્વામીએ એનો અર્થ પૂછ્યો તે ઉપરથી સમગ્ર હકીકત મહાવીરસ્વામીએ વિસ્તારથી કહી સંભળાવી.

પૃ. ૧૨૫ 'કાર્મિકી' બુદ્ધિના ઉદાહરણ આપતી વેળા આ પૃષ્ઠમાં નીચે મુજબ ઉલ્લેખ કરાયો છેઃ–

મહાવીરસ્વામીના ખભા ઉપરના વસ્ત્રને તૂણનારાએ તૂણી આપ્યું હતું.

આ બાબત ઝટ પૂરી સમજાય એ માટે હું ખપ પૂરતું સ્પષ્ટીકરણ કરું છુંઃ

મહાવીરસ્વામીએ દીક્ષા લીધી ત્યારે સૌધર્મેન્દ્રે એમના ખભા ઉપર દેવદૂષ્ય મૂક્યું હતું. આગળ ઉપર એક બ્રાહ્મણે એની યાચના કરી એટલે મહાવીરસ્વામીએ અડધું એને આપ્યું. કાલાંતરે બાકીનું લેવા ઉત્સુક બનેલા બ્રાહ્મણે એ ઊડીને કાંટામાં ભરાતા લઈ લીધું. એણે એ બંને કટકા તૂણનારને આપ્યા તો એણે એવી ખૂબીથી સાંધી આપ્યાં કે સાંધ દેખાય જ નહિ.

પૃ. ૧૬૧–૧૬૨ શાલ રાજા મહાવીરસ્વામીને વંદન કરવા તે સમયે રચાયેલા સમવસરણમાં ગયો અને એમની ત્રણ પ્રદક્ષિણા કરી એણે વિસ્તૃત સ્તુતિ કરી, એનો અનુવાદ આ બે પૃષ્ઠમાં અપાયો છે.

પૃ. ૧૬૩ મહાવીરસ્વામીની દેશના સાંભળી શાલ નૃપે દીક્ષા લેવાની ઇચ્છા દર્શાવી એણે મહાશાલને રાજ્ય ગ્રહણ કરવા કહ્યું. એણે ના પાડી એટલે પોતાના ભાણેજ ગાગલિને રાજ્ય અર્પણ કરી શાલે અને મહાશાલે પણ મહાવીરસ્વામી પાસે દીક્ષા લીધી.

પૃ. ૧૬૩–૬૪ કાલાંતરે મહાવીરસ્વામી ચંપા પધાર્યા, ત્યારે એ બંને રાજર્ષિઓએ પૃષ્ઠ ચંપા જવા અનુજ્ઞા માંગી. મહાવીરસ્વામીએ હા પાડી અને ગૌતમસ્વામીને સાથે મોકલ્યા. ગાગલિએ પુત્રને રાજ્ય સોંપી દીક્ષા લીધી. માર્ગમાં એ ત્રણને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. પણ એઓ ગૌતમસ્વામીની સાથે ચંપા આવ્યા. ત્રણે તીર્થને નમસ્કાર કરી કેવલિપર્ષદામાં જવા લાગ્યા તો ગૌતમસ્વામીએ એમને રોકી પ્રભુને પ્રણામ કરવા કહ્યું. મહાવીરસ્વામીએ ગૌતમસ્વામીને કહ્યું કે એ કેવલી બન્યા છે તો એમની આશાતના ન કર.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પૃ. ૧૬૪ અને [4]૧૮૨–૧૮૩. એક વેળા મહાવીરસ્વામીએ ગૌતમસ્વામીના મનના સંતોષ માટે અને ૧૫૦૦ તાપસોને પ્રતિબોધ થાય તે કારણે ગૌતમસ્વામીને 'અષ્ટાપદ' જઇ જિનબિમ્બોને વંદન કરવા જવાનું કહ્યું. વાત એ હતી કે મહાવીરસ્વામીએ આ પૂર્વે સમસ્ત પર્ષદામાં કહ્યું હતું કે જે પોતાની લબ્ધિથી 'અષ્ટાપદ' પર્વત ચડી ત્યાંના ચૈત્યોને વંદન કરે તે તે જ ભવે મોક્ષે જાય. ગૌતમસ્વામી આથી ત્યાં ગયા. અને સંતોષ પામ્યા તેમજ ૧૫૦૦ તાપસો એમને હાથે પ્રતિબોધ પામ્યા અને કેવલી પણ બન્યા. મહાવીરસ્વામી પાસે આવી એ બધા તાપસો **'नमो तित्थस्स'** એમ તીર્થને વંદના કરી કેવલીઓની પર્ષદામાં બેઠા ત્યારે ગૌતમસ્વામીએ તેમને કહ્યું કે પ્રભુને વંદન કરો. પ્રભુએ એમને કહ્યું કે કેવલીઓની હીલના ન કર

ગૌતમસ્વામીને અધૃતિ થઇ ત્યારે મહાવીરસ્વામીએ એમને કહ્યું કે તને મારે વિષે કંબલકૃત નામનો સ્નેહાનુબંધ છે–મતિમોહ છે. તું લાંબા કાળથી મારી સાથે જોડાયેલો છે અને સ્નેહવાળો છે એ દેહનો નાશ થતાં આપણે બંને સમાન થઇશું.

પૃ. ૧૮૩ મહાવીરસ્વામીએ ગૌતમસ્વામીને આશ્રીને અન્ય મુનિવરોને પ્રતિબોધિત કરવા 'દ્રુમપત્રક' નામના અધ્યયનની પ્રરૂપણા કરી.

પૃ. ૧૮૩. મધ્યમાપુરીએ પહોંચ્યા બાદ મહાવીરસ્વામીએ [5]કાર્તિકની અમાવાસ્યાએ દિવસના બે પ્રહર વ્યતીત થતાં ગૌતમસ્વામીને નજીકના ગામે ત્યાંના અમુક શ્રાવકને પ્રતિબોધ પમાડવા કહ્યું કે જેથી એમના મોહનો અંત આવે. એનું ફળ એ આવ્યું કે ઉપયોગ મૂકતાં મહાવીરસ્વામી નિર્વાણ થયાની ગૌતમસ્વામીને જાણ થઈ અને અંતે એઓ કેવલી બન્યા.

પૃ. ૧૮૭–૧૮૯. મહાવીરસ્વામીએ દીક્ષા લીધા બાદ બીજે વર્ષે એઓ 'ચાવાલ'ના મધ્ય પ્રદેશમાંના 'કનકખલ' વનમાં પધાર્યા અને ચંડકૌશિક સર્પને પ્રતિબોધ કરવા માટે યક્ષના મંદિરમાં કાર્યોત્સર્ગ–પ્રતિમા ધારણ કરીને રહ્યા. એમને એ સર્પે–એ 'દૃષ્ટિ વિષ' સર્પે જોયા. એ ચીડાયો અને એણે એમના સામે વિષમય દૃષ્ટિ ફેંકી અને ત્રણ વખત એ ડસ્યો પરંતુ મહાવીરસ્વામી મૃત્યુ ન પામ્યા. રખેને એઓ પોતાના ઉપર પડે એ ભયથી એ દૂર ગયો. દાઢોનું ઝેર પ્રભુ ઉપર નાંખ્યા બાદ ત્રણ ત્રણ વાર અતિશય ક્રોધ કરી એ એમના દેહને જોવા લાગ્યો. ત્યારે તેની દૃષ્ટિનું ઝેર નીકળી ગયું. પ્રભુએ એને કહ્યું કે 'ચંડકૌશિક! ક્રોધનો ત્યાગ કરી તું શાન્ત થા. આવો ક્રોધભાવ રાખવો ઉચિત નથી', એ સાંભળી એ સર્પને જાતિસ્મરણ જ્ઞાન થયું અને પ્રભુની ત્રણ પ્રદક્ષિણા ફરી એણે અનશન અંગીકાર કર્યું. પ્રભુએ એ જાણ્યું. એના ઉપરની અનુકંપાથી પ્રભુ ત્યાં થોડો વખત રહ્યા કે જેથી કોઇ એ સર્પને મારવા પ્રયત્ન ન કરે.

પૃ. ૨૪૦–૨૪૨. એક વેળા મહાવીરસ્વામી કૌશાંબી પધાર્યા. ત્યાં બે શ્રેષ્ઠીઓને એકેક પુત્ર હતો. એ બંને વચ્ચે એવો મિત્રભાવ હતો કે જે એકને ગમે તે બીજાને પણ ગમે જ. એમનાં નામ ધનપાલ અને વસુપાલ હતાં. એ બંનેએ મહાવીરસ્વામીની ધર્મદેશના સાંભળી પરંતુ એક એથી ભાવિત થયો પરંતુ બીજો નહિ. આ જાણી બંને વિચારમાં પડી ગયા અને તેઓ મહાવીરસ્વામીને એનું કારણ પૂછવા ગયા. ત્યારે મહાવીરસ્વામીએ એ બંનેનો એકેક પૂર્વ ભવ કહ્યો. એકે મુનિને જોઈ એમની મનમાંને મનમાં પ્રશંસા કરી હતી અને પોતાનાં દુષ્કૃત્ય બદલ પસ્તાવો કર્યો હતો. બીજાએ મુનિને જોઇ એને અપશુકન ગણ્યું હતું અને ઉદાસી થયો હતો આને લઇને ધર્મદેશના બાબત બંનેને આ ભવમાં ભિન્ન ભિન્ન ભાવ થયા છે. એમ મહાવીરસ્વામીએ કહ્યુ. એકને તો જાતિસ્મરણ જ્ઞાન થયું.

---

૪. આ પૃષ્ઠમાં ગૌતમસ્વામીએ મહાવીરસ્વામીનું ગુણોત્કીર્તન કર્યું છે.

૫. ગુજરાતી ગણતરી પ્રમાણે આસોની.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંપ્રદાયવાદ

લે. ડૉ. જિતેન્દ્ર જેટલી એમ. એ. પીએચ. ડી.

વિશ્વમાં અનેક ધર્મો પ્રચલિત છે પણ અનેક ધર્મો કરતાં પણ પ્રત્યેક ધર્મના સંપ્રદાયો વધારે છે. વસ્તુતઃ આપણે તપાસ કરીએ તો ધર્મના તત્ત્વો જગતમાં ગમે એટલા ધર્મો હોય છતાં એમાં ઝાઝો ફરક પડતો નથી. જે ફેર પડે છે તે એના સંપ્રદાયમાં અર્થાત્ અમુક ધર્મ પાળનારા અનુયાયીઓનાં બાહ્ય આચરણમાં.

હિન્દુધર્મ, જૈનધર્મ, બૌદ્ધધર્મ, ખ્રીસ્તીધર્મ, મુસ્લીમધર્મ, શીખધર્મ વગેરે પણ એક રીતે ધર્મો અનેક દેખાય છે. પણ એમાં તપાસ કરીએ તો હિન્દુ ધર્મમાંજ એટલા બધા સંપ્રદાયો છે કે દરેકનો પાર પામવો પણ મુશ્કેલ છે. એક રીતે જૈનધર્મ પણ એક હોવા છતાં એમાં શ્વેતામ્બર, દિગમ્બર, શ્વેતામ્બરમાં પણ મૂર્તિપૂજક તથા સ્થાનકવાસી વગેરે સંપ્રદાયો છે. એજ રીતે એ સંપ્રદાયના સાધુઓના પેટા સંપ્રદાયો જેને ગચ્છ કહેવામાં આવે છે એ પણ અનેક છે. આમ મૂળ ધર્મ એક હોવા છતાં પ્રત્યેક ધર્મના સંપ્રદાય કાળક્રમે વધતા જાય છે. આનું કારણ મનુષ્યની પોતાની જ નિર્બળતા છે.

ધર્મ પોતે ઘણો વ્યાપક છે. એનું સ્વરૂપ પણ એક સરખું છે. ઉપર દર્શાવેલ કોઇપણ ધર્મ કે એના સંપ્રદાયોના તત્ત્વોમાં કોઇ એમ નહિ કહે કે એમના ધર્મમાં સત્ય બોલવું, ચોરી ન કરવી વગેરે નિયમો નથી. આમ સમાજને સ્થિરતા આપવાના અને સમાજમાં પરસ્પર ઐકયભાવ

( અનુસંધાન પૃ. ૨૧૦ ઉપરથી )

પૃ. ૨૬૯–૨૬૧–૨૬૩ એક વેળા મહાવીરસ્વામી રાજગૃહમાં સમવસર્યા. એમની ધર્મદેશના મેઘકુમારે સાંભળી એણે દીક્ષા લીધી. રાત્રે જ્યાં એઓ સૂતા હતા ત્યાં થઇને કેટલાક સાધુઓ આવજા કરતા હોવાથી એમને બેચેની થઇ. અંતે દીક્ષા છોડી દેવા એઓ તૈયાર થયા. એઓ મહાવીરસ્વામીને વંદન કરવા ગયા ત્યારે એમણે એમને આવેલા વિચારની વાત કરી તેઓએ એમના હાથી તરીકેના ભવનું વર્ણન કરી એમને સ્વસ્થ કર્યા. અંતે એ મેઘકુમારને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. ભગવાનની અનુજ્ઞા મેળવી કાલાંતરે એ મેઘકુમારે અનશન કર્યું અને સ્વર્ગે સંચર્યા.

પૃ. ૨૬૬. જવલન અને દહન એ બે દેવો મહાવીરસ્વામી પાસે આવી નાટક કરવા બંનેએ વૈક્રિય રૂપ વિકુર્વ્યાઃ જવલન જે ચિન્તવે તેવાં રૂપો એ વિકુર્વી શકે છે જ્યારે દહન ધારે એનાથી વિપરીત રૂપો થતાં હતાં. ગૌતમસ્વામી આનું કારણ જાણતા હતા છતાં, જેઓ જાણતા ન હતા તેમને પ્રતિબોધ થાય એ હિસાબે એમણે આનું કારણ પ્રભુને પૂછ્યું ત્યારે દહને પૂર્વજન્મમાં માયા–કપટ કર્યા હતાં. તેથી એનું ધાર્યું થયુ નહિ એમ કહી એના પૂર્વજન્મ સંબંધી સમગ્ર વૃત્તાન્ત મહાવીરસ્વામીએ કહ્યો.

પૃ. ૩૨૭ મહાવીરસ્વામી એક વેળા કૌશાંબી ગયા અને ચાતુર્માસાર્થે ત્યાં રહ્યા. એમનું ચાર માસને અંગેનું પારણું કરાવવા જીર્ણ શેઠ રાહ જોતા ઊભા હતા ત્યાં તો એઓ અભિનવ શેઠને ત્યાં ગયા અને એમણે ભિક્ષા લીધી.

પૃ. ૫૦૧–૫૦૬ કોઇ રાજાએ આઠ સ્વપ્નો જોયાં. એણે મહાવીરસ્વામીને એમના નિર્વાણના દિવસે એ બાબત પૂછી તેનો સવિસ્તર ખુલાસો મહાવીરસ્વામીએ કર્યો.

આ પ્રમાણે મેં અહીં મહાવીરસ્વામી સંબંધી કેટલીક બીનાઓ પત્રિકા અનુસાર લખી છે. એમાંની કોઈ કોઈ અન્ય ગ્રન્થમાં વાંચ્યાનું મને સ્ફુરતું નથી. આથી અહીં મેં જે જે બીનાઓ દર્શાવી છે તે બધાંનાં જ મૂળ કોઇ સાધનસંપન્ન સહૃદય સાક્ષર જણાવે એવી તેમને સાદર વિજ્ઞપ્તિ કરતો આ લઘુ લેખ પૂર્ણ કરું છું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લાવવાના તત્ત્વોનો ઉપદેશ ધર્મ આપે છે. આમ છતાં આ ધર્મના અનુયાયીઓજ પરસ્પર લડતા જોવામાં આવે છે. ભલે આપણે રોજ ગાઈએ કે "મજહબ નહીં સીખાતા આપસ મેં બેર રખના." પરંતુ ઝઘડો કરવાનો અવસર કોઈ પણ ધર્મના કહેવાતા અનુયાયીઓ ચૂકતા નથી. આપણે આ બાબતનો વિચાર કરીએ તો જણાશે કે ધર્મનું સ્વરૂપ એક હોવા છતાં મનુષ્ય પોતાના મનની સંકુચિતતાને વિકૃત કરે છે. એટલે સંપ્રદાયો ઊભા થાય છે.

પ્રાચીન સમયમાં યુરોપના દેશોમાં ઈસાઈ-ધર્મનો ફેલાવો ખૂબ થયો. સાથે જ કેથોલિક અને પ્રોટેસ્ટંટો વચ્ચે લડાઈઓ પણ પુષ્કળ થઈ. તે આ ઝઘડો અહિંસાના મૂળ ઉપદેશક ઈસુના આ અનુયાયીઓમાં આજ દિન સુધી ચાલુ છે. એજ રીતે જોઈએ તો આપણા દેશમાં હિન્દુઓના સંપ્રદાયોના પરસ્પર ઝઘડા, વૈષ્ણવો અને એમાં પણ એમના જુદા જુદા સંપ્રદાયો, શૈવો અને એમના જુદા જુદા સંપ્રદાયો જેમાં કેટલાએક ચાલુ છે, જ્યારે બીજા કેટલાએક નષ્ટ પણ થતા જાય છે. નવા સંપ્રદાયો પણ ઉત્પન્ન થતા જાય છે. આમ છતાં આટલા જૂના અને નવા સંપ્રદાયો વધવા સાથે લોકોમાં ધર્મ પાલનની ભાવના-સાચા ધર્મને પાળવાની ભાવના બહુ ઓછા પ્રમાણમાં જોવામાં આવે છે.

આપણે જરા એક ઊંડા ઊતરીને નિરીક્ષણ કરીશું તો જણાશે કે સામાન્યતઃ લોકોને સાચા ધર્મ કરતાં એ પળાય છે એમ દેખાડવાના બાહ્ય આચરણ અર્થાત્ એની બાહ્ય વિધિઓમાં વધારે રસ છે. ધર્મમાં રસ ઘણા થોડાઓને છે. આ સંપ્રદાય એ જ ધર્મને નષ્ટ કરનાર અર્થાત્ સાચા ધર્મનો નાશ કરનાર એવું ધર્મનું બાહ્ય અંગ છે. ભક્ત નરસિંહ મહેતાએ વર્ણવેલ સાચો વૈષ્ણવજન મળવો દુર્લભ છે. પરંતુ કપાળમાં તથા અન્ય અંગોમાં વૈષ્ણવ ધર્મનાં ચિહ્નો ધારણ કરનાર જુદા જુદા સંપ્રદાયના વૈષ્ણવ અનુયાયીઓ ઘણા છે. આમ સંપ્રદાયનું સ્વરૂપ એ બાહ્ય છે. એટલે કે સંપ્રદાયો બાહ્ય આચરણ ઉપર જ ભાર મૂકે છે. અંદરના આચરણ ઉપર નહિ. કોઈ પણ સંપ્રદાયના અનુયાયીઓ બહારથી જેને સંપ્રદાયનું ચુસ્તપણે પાલન કરનાર અર્થાત્ સંપ્રદાયના બાહ્ય આચરણને પૂરેપૂરો પાળનાર વ્યક્તિ હોય એને સાચો ધાર્મિક કહે છે. કપાળમાં સુંદર તિલક કરી રોજ હવેલીએ જઈ દર્શન કરી તથા ઘરમાં નિયમિત પૂજા પાઠ કરી વેપાર કરનાર વેપારીને યા અન્ય કોઈ વ્યક્તિને તે વૈષ્ણવ સંપ્રદાયના અનુયાયીઓ સાચો વૈષ્ણવ કહેશે. પછી ભલે એ એના રોજીંદા વ્યવહારમાં અને વેપારમાં ગમે એટલી છેતરપીંડી કરતો હોય, એજ રીતે રોજ નિયમિત દેરાસરમાં જનાર અને અને મૂર્તિપૂજક હોય તો તીર્થંકર ભગવાનની મૂર્તિની પૂજા કરનાર એ ચુસ્ત ધાર્મિક જેવા ગણાશે. આ સ્થિતિ એકાદ ધર્મની નથી પણ જગતના બધા ધર્મોની છે. એનું કારણ બાહ્ય આચરણ પાળવું અથવા કરવું એ સરળ છે. અને આવા સરળ આચરણથી ધાર્મિક કહેવડાવવાનું બિરુદ મળતું હોય તો એ લેવા પ્રત્યેક વ્યક્તિ તૈયાર છે. આમ સંપ્રદાયનું સ્વરૂપ જ બાહ્ય આચરણ ઉપર આધારિત છે. અંદરના આચરણ ઉપર ઉપર આધારિત હોય તો આટલા સંપ્રદાયો વધે નહિ. અને આટલા બધા ધાર્મિક ઝઘડા થાય પણ નહિ.

વસ્તુતઃ મનુષ્ય એ બીજા પ્રાણીઓ કરતાં અત્યન્ત વધારે પડતો સ્વાર્થી છે. એટલે જ્યાં એનો સ્વાર્થ સધાતો હોય ત્યાં એ બધી વાતોને બાજુએ મૂકી એ બાહ્યાચાર પાળવા તૈયાર થાય છે. આપણે ત્યાં ધાર્મિક જગતમાં સંન્યાસીઓનું બહુમાન હતું એટલે કેટલાએક માણસો જેમને કામ નહોતું કરવું એવા બેકાર સંન્યાસીઓ થયા. જેમનામાં સંસાર પ્રત્યેના વૈરાગ્યનો છાંટો પણ ન હતો એવા સંન્યાસીઓનું લશ્કર ઊભું થયું. અને એમાં પણ એટલા બધા સંપ્રદાયો થઈ ગયા કે આ વૈરાગ્યને વરેલા અને સર્વધર્મ સમભાવનો ઉપદેશ આપ-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નારા સંન્યાસીઓ પોતાના સંપ્રદાય સિવાયના અન્ય કોઈપણ સંન્યાસીઓને આજે એકાદ દિવસ રહેવાનો આશ્રય પણ આપતા નથી. આ હકીકત છે.

અનેકાંતવાદના ચુસ્ત ઉપાસક જૈન સાધુઓ એમની સામાન્ય બાબત પર્યુષણના ચતુર્થી કે પંચમી પક્ષ એવી સાધારણ બાબતમાં સમજૂતી સાધી શકતા નથી. જુદા જુદા ગચ્છના અનુયાયી સાધુઓ ઈતર ગચ્છના સાધુઓ પ્રત્યે કદાપિ માનની દૃષ્ટિએ જોતા નથી. બધા એમ માને છે કે અમારો પંથ સારો. આમ અનેકાંતવાદી સાધુઓનો એકાન્ત આગ્રહ ગૃહસ્થોને પણ પાછળ મૂકી દે એવો છે. આપણે જાણીએ છીએ કે જૈનદર્શને ઉપદેશેલ અનેકાન્તવાદ જો વ્યવહારમાં આચરવામાં આવે તો આ જગતમાં કોઇ ઝઘડા જ ન રહે. કારણકે અનેકાંતવાદનો અર્થ જ એ છે કે મનુષ્યની બુદ્ધિ મર્યાદિત હોઇ કોઇ એકાન્તિક સત્ય હોઈ ન શકે. પ્રત્યેક પોતપોતાના દૃષ્ટિબિંદુથી સાચા છે જ્યારે બીજાના દૃષ્ટિબિંદુથી ખોટા છે. એટલે આ બાબતમાં ઝઘડો ટાળવો હોય તો પ્રત્યેક વ્યક્તિ યા સમાજે સામાના દૃષ્ટિબિંદુને સમજવાનો પ્રયત્ન કરવો જોઇએ. હવે અનેકાન્તવાદનું આ રહસ્ય સમજનારા અને ઉપદેશનારા જ જો બીજાઓનું દૃષ્ટિબિંદુ સમજવાની તૈયારી ન બતાવે તો બીજાને કેવી રીતે કહી શકે કે 'ભાઈ તમો તમારી જ વાત સાચી છે એમ આગ્રહ પણ ન રાખો!'

જે ગતિ ધાર્મિક સંપ્રદાયોની છે એજ ગતિ હવે આપણે ત્યાં રાજકીય સંપ્રદાયોની છે. સ્વ. મહાત્મા ગાંધીજીએ જ્યારે સ્વરાજ્યની લડત ચલાવી ત્યારે એમની વાતથી લાભ જોનારાઓએ ખાદી પહેરવી શરૂ કરી. એ ખાદી પહેરવાનું સંન્યાસીના ભગવાં કપડાં જેવું હોઇ એમાં સ્વાર્થ ન સધાયો એટલે એનો ત્યાગ પણ કર્યો, તથા ગાંધીજીના સત્ય અને અહિંસાના પાયા ઉપર ઊભા થયેલ આ પક્ષમાં અંદરો અંદર એવા ઝઘડા પેઠા કે આ રાજકીય પક્ષવાદીઓ ફક્ત હિંસા અને અસત્યના જોર ઉપર જ પોતે સાચા છે એમ કહેવાની ધૃષ્ટતા કરવા માંડયા. અત્યારે સિન્ડિકેટ અને ઇન્ડિકેટ એવા કોંગ્રેસના બન્ને પક્ષો આમ તો સત્ય અને અહિંસાની વાતો કરે છે પણ આચરણમાં કોઈ પણ પક્ષના આ અનુયાયીઓ અસત્યાચરણમાં જરા પણ પીછેહઠ કરતા નથી. આ જોઇએ મરાઠીમાં એક પોવાડો રચાયો હતો કે **अहाहाहा गांधीची होची दे. भ.** (દેશભક્ત) **बनवाय चीं युक्ति सोपी** અર્થાત્ દેશભક્ત બનવાની સહેલામાં સહેલી યુક્તિ આ ગાંધી ટોળીમાં છે. એને શતશઃ નમસ્કાર હો. આમ કહી કવિએ કટાક્ષમાં આવા દેશભક્તોનાં કુકૃત્યોને ઉઘાડાં પાડવામાં પાછી પાની કરી નથી. આમ રાજકીય સંપ્રદાયો પણ સંકુચિત અર્થમાં સ્વાર્થસિદ્ધિ માટે કામ કરનારાઓનો સમૂહ છે. આમાં સજ્જન કે સાચા માણસને ઓછું સ્થાન છે.

સંપ્રદાયની બાહ્ય શિસ્તને અનુસરનાર અને અંદરના સાચા ખરેખરા પાલન કરવાના નિયમોનો ભંગ કરનાર એવો વ્યક્તિ સાચો અનુયાયી ગણાય છે. પરંતુ તદ્દન સાચો અને પ્રામાણિક વ્યવહાર ચલાવનાર વ્યક્તિ બહિષ્કૃત થાય છે.

આમ સંપ્રદાય ધાર્મિક હોય કે રાજકીય એનો આખો ઝોક બાહ્યાચાર ઉપર જ હોય છે. અંદરના આચાર પ્રત્યે એની પૂર્ણ શિથિલતા હોય છે. બાકી સંપ્રદાયવાદી માનસ એટલું સંકુચિત હોય છે કે બાહ્ય આચરણમાં નાનકડી ભૂલને પણ મોટું સ્વરૂપ આપતા અચકાતું નથી.

આખા જગતમાં જે રાજકીય અને ધાર્મિક કલહો ચાલે છે એના મૂળમાં આ સંપ્રદાયવાદી માનસ કામ કરતું હોય છે. અને એ જ કારણે ઉદારતા–વિચારની ઉદારતા ન હોવાને કારણે ઝઘડા વધે છે. સાચો અનેકાંતવાદ પ્રવર્તે અને આવી સાંપ્રદાયિકતા દૂર થાય એજ પર્યુષણ પર્વ અંગે શુભેચ્છા.

★



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "ચમન-ચેવડાવાળો"

લેખક : ઝવેરભાઈ બી. શેઠ બી. એ.

માદરે વતનની ધરતી પર તેણે પગ મૂકયો. વતનની માટીને તેણે માથે ચડાવી. પંદર વર્ષના ખાસ્સા ગાળા પછી તેણે પોતાની ધરતી–માતાના દર્શન કર્યા હતા. તેની માતા તેને લેવા માટે સ્ટેશને આવી હતી. તેને પણ તે પગે લાગ્યો. ત્યારે તેની આંખમાંથી અશ્રુબિંદુઓ ટપકયા. સ્કૂલમાં ભણેલો ત્યારનાં સૂત્રો તેને યાદ આવી ગયાં.

'જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરિયસી'

અર્થાત્ 'જનની જન્મભૂમિ સ્વર્ગથી પણ ચડિયાતી છે.' અને

'જનનીની જોડ સખી નહીં જડે રે લોલ'

સૌ ઘોડાગાડીમાં ગોઠવાયા. ઘેર પહોંચતાં સુધીમાં તો તેણે કેવાં કેવાં પરિવર્તનો નિહાળ્યાં ? ધૂળના રસ્તાઓની જગ્યાએ આસ્ફાલ્ટ રોડ, ઝૂપડાઓના સ્થાને સુંદર મહેલાતો, ગંદકી નેસ્તાનાબૂદ થઈ ગઈ હતી. બાગ–બગીચાઓ ખીલી ઊઠ્યા હતા. નળ અને ગટરની યોજનાઓએ અને મર્કયુરી લાઇટોએ આ ગામની રોનક પલટી નાખી હતી. તેને પણ તેનો ભૂતકાળ યાદ આવી ગયો.

તે પંદર–સોળ વર્ષનો હતો અને દસમા ધોરણમાં અભ્યાસ કરતો હતો ત્યારે તેના પિતા અકસ્માતથી ગુજરી ગયા હતા. સાધારણ સ્થિતિના આ કુટુંબ પર અચાનક આફત આવી પડી. શોકનાં વાદળો ઘેરાઈ ગયાં. માતા અને પુત્ર દિવસો સુધી શોકમગ્ન રહ્યાં. પરંતુ હિંમત હારવી પોસાય તેમ નહોતી. માતાએ ગૃહઉદ્યોગ શરૂ કર્યો અને ચમને માતાના ઈન્કાર છતાં ચેવડો વેચવાનું શરૂ કર્યું. બે જીવને જોઇએ તેટલું તેઓ પેદા કરી લેતાં. નિષ્ઠાવાળા પ્રમાણિક અને નિર્દોષ ભાવવાળા આ માતા–પુત્ર સમાજમાં માનથી જીવવા લાગ્યા.

સ્કૂલની સામે જ બેસીને ચમન ચેવડો વેચતો. ગરીબ બાળકો તેની સામે ટગર ટગર જોઈ રહેતાં. તેમની પાસે પૈસા તો નહોતા જ. ચમનનું હૃદય કરુણાથી ઊભરાઇ જતું. તેવા બાળકોને પોતાની પાસે બોલાવીને, પ્રેમથી થોડો થોડો ચેવડો મફત આપતો. એ બાળકો ચેવડો ખાઇને ખુશખુશાલ થઇ જતાં અને અંતરથી ચમનને આશીર્વાદ આપતાં. તેનો ભાવ એકજ. તોલ માપ કે માલમાં કદી દગો નહિ. કદાચ બે પૈસા નફો ઓછો થાય તો તેની પરવા નહિ પરંતુ કોઇ પણ સ્તરે દગો કે અપ્રમાણિકતા ન કરવા તે તેનું ધ્યેય હતું.

એક દિવસ ચમનનો સિતારો ચમકયો. તેના પાડોશી નટવરલાલ શેઠ આફ્રિકાથી આવ્યા હતા. તેનું શકય તેટલું કામ ચમન કરતો હતો. ચમનની કામ કરવાની પદ્ધતિ, ચિવટ અને તેના હાથની ચોકખાઇ નટવરલાલને ગમી ગયા. ચમનની માતાની નાખુશી છતાં તેને સમજાવીને નટવરલાલ શેઠ ચમનને આફ્રિકા લઈ ગયા. પોતાની પેઢીમાં જ તેને ગોઠવી દીધો. જતે દહાડે ચમન ખૂબ પાવરધો થઇ ગયો. તેણે ડરતા ડરતા શેઠને વિનંતી કરી કે પોતે સ્વતંત્ર ધંધો કરવા ધારે છે. નટવરલાલ અતિ ઉદાર અને દીર્ઘદ્રષ્ટિવાળા આદમી હતા. તેમણે ચમનને આર્થિક મદદ આપીને ધંધો શરૂ કરાવ્યો. સિતારો જેનો ચમકતો હતો તેવા ચમને પાંચ વરસમાં પાંચ લાખ રૂપિયા બનાવ્યા. નટવરલાલ શેઠના પૈસા તેણે વ્યાજ સાથે પાછા આપ્યા. એક વેપારી તરીકે તે ખ્યાતનામ બની ગયો–તેની પ્રમાણિકતા સચ્ચાઇ અને ધંધામાં એકનિષ્ઠાને કારણે.

તેની માતાને તે કદી ભૂલ્યો નહોતો તેની ઇચ્છા એવી હતી કે તેની માતા તેની સાથે, આફ્રિકા આવીને રહે. પરંતુ તેની માતા તેમ ઇચ્છતી નહોતી. તેની માતાને તે નિયમિત પૈસા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મોકલતો હતો. તેણે વતનમાં પોતાની માલિકીનું મકાન પણ બનાવ્યું હતું.

ચમનની માતાને ચમનની સર્વાંગી પ્રગતિથી સંતોષ થયો. ચમનની પત્ની સુશીલ અને કહ્યાગરી હતી. સાસુનું તે બરાબર માન જાળવતી. ચમનના બન્ને પુત્રો મોટી બા સાથે ખૂબ હળી ગયા હતા.

ખાનગીમાં ભલે કહેતા હોય, પરંતુ જાહેરમાં કોઈ તેને હવે ચમન ચેવડાવાળો કહેતા નહોતા. તે મોટો શેઠ થઈને આવ્યો હતો. એટલું જ નહિ પરંતુ આંબાને આમ્રફળો બેસે ત્યારે જેમ લચી પડે તેમ ચમનના ખોળામાં લક્ષ્મી આળોટતી હોવા છતાં તે નમ્ર વિનયી અને વિવેકી બન્યો હતો. સદ્‌ભાગ્યે, લક્ષ્મી લાવે છે તેવા દૂષણોનો ભોગ ચમન બન્યો નહોતો.

એક રાત્રે ચમને માતાને પોતાની પાસે બોલાવીને અતિ નમ્રતાથી અને ધીમે અવાજે વાત કરી.

'મારી ઇચ્છા આપણા આ વતનમાં બે લાખ રૂપિયા વાપરવાની છે. તમારી સૂચના હોય એ પ્રમાણે કરીએ.'

'ખૂબ આનંદની વાત તેં કરી. આપણી જીંદગી તેથી સાર્થક થઇ ગણાશે. સામાજિક સંસ્થાઓમાં અને ગરીબોને સહાય કરવામાં લક્ષ્મી ખરચવી જોઇએ. કોઇ જગ્યાએ કોઈનું નામ નહિ. ગુપ્તદાન. તેનો જ મહિમા મોટો છે.

આપણે કીર્તિ કમાવા માટે કશું કરવાનું નથી. આપણા આત્માના ભાવો ઉચ્ચ બને એટલા માટે દાનનો ખરો મહિમા સમજીએ આપણે પૈસા સારે ઠેકાણે-સુપાત્રે ખર્ચીએ, માતાએ સૂચન કર્યું.

'તમારી વાત સાચી છે. હું પણ એજ મતનો છું. કુદરતે આપણને આપ્યું છે એટલા માટે જ. જે ઉદાર હાથે આપે છે ખર્ચે છે તેને કુદરત એક યા બીજા પ્રકારે આપી રહે છે.

તેણે ગરીબ અને એકદમ સાધારણ સ્થિતિના માણસો માટે યોજના ઘડી. પોતાની મૂડીની સાથે બીજા આફ્રિકાના શેઠીયાઓનાં નાણાં ભેળવ્યા. કામ કરી શકે તેવા સશક્ત માણસોને વેપાર કરવા માટે માલ અપાવીને ઊંચે લાવવાનો પ્રયત્ન શરૂ કર્યો. જે દુકાનેથી માલ લઈ જાય તે દુકાને સાંજે વધેલો માલ આપી જાય. અઠવાડિયે તેમનો નફો તારવીને થોડા થોડા, માલના પૈસા ચૂકવતા જાય. આ રીતે ઘણાં ગરીબ કુટુંબો ધીમે ધીમે ઊંચે આવ્યા. ગરીબો વગેરે માટે સસ્તા ભાડાના મકાનો બનાવવાની યોજના ઘડી.

તેમણે કોલેજો બનાવવા માટે, પુસ્તકાલયોમાં, બાળકોને મફત પુસ્તકો આપવા માટે અને અશક્ત ઘરડાં અને નિરાધાર માણસોને નિયમિત મફત ભોજન મળે તેને માટે દાન કર્યું. કોઈ પણ જગ્યાએ ગમે તેટલી મોટી રકમના દાનમાં તેમણે નામ લખાવ્યું જ નહિ. દાન સ્વીકારનાર મહાનુભાવોનો અત્યંત આગ્રહ થયો ત્યારે 'એક ગ્રહસ્થ તરફથી' એટલું જ દાતાના નામમાં લખવાની છૂટ આપી.

તેમણે ધાર્મિક સ્થળોમાં અને ધાર્મિક પર્વોની ઉજવણીમાં પણ દાનની ગંગા વહેવરાવી. કારણ કે ધાર્મિક સ્થળો અને પર્વો આપણા નૈતિક સ્તરને ઉંચું લાવવામાં અને આત્માની ઉન્નતિ માટે પ્રેરક બળો તરીકે કામ કરે છે.

પર્યુષણના મહાન પવિત્ર દિવસોમાં આપણે સૌ ચમન ચેવડાવાળાની માફક દાનનો સાચો મહિમા સમજીએ અને અમલી બનાવીએ તો એ પર્વ ઉજવ્યું સાર્થક ગણાય અને આપણો ઉદ્ધાર—સાચા અર્થમાં થાય. આપણે આત્માનંદ-સહજાનંદ પ્રાપ્ત કરી શકીએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રીમદ્ ભાગવતની દૃષ્ટિએ ભગવાન શ્રી ઋષભદેવજીનું સંક્ષિપ્ત ચરિત્ર

*

લે. પ્રા. નર્મદાશંકર શાસ્ત્રી
એમ. એ. સાહિત્યાચાર્ય

[હિંદુ ધર્મની એક ખૂબી એ છે કે તે સમન્વય પ્રધાન છે. બીજા ધર્મોને અપનાવી પોતાનામાં સમાવી લેવાનો તેનો સતત પ્રયાસ રહે છે. આ પ્રમાણે તેણે જૈન અને બૌદ્ધ ધર્મને પોતાનામાં સમાવી લેવા પ્રયાસો કર્યા છે. બૌદ્ધ ધર્મના સ્થાપક ગૌતમ બુદ્ધને વિષ્ણુના અવતાર તરીકે અને જૈન ધર્મના સ્થાપક ભ. ઋષભદેવને આઠમા અવતાર તરીકે તેણે સ્વીકારી પોતાનામાં સમાવી દીધા છે. હિંદુ ધર્મની દૃષ્ટિએ ભાગવતમાં આપેલું ભ. ઋષભદેવનું ચરિત્ર જૈનોની જાણકારી માટે અહીં આપવામાં આવ્યું છે. **તંત્રી**]

મહર્ષિ વેદવ્યાસજીએ શ્રીમદ્ ભાગવતમાં પ્રથમ સ્કંધના ત્રીજા અધ્યાયમાં અવતારોની ગણના કરેલ છે. તેઓએ બાવીસ અવતારો ગણાવ્યા છે. જો કે હિન્દુ ધર્મમાં ચોવીસ અવતારો પ્રસિદ્ધ છે. બાવીસ અવતારોમાં આઠમા અવતાર તરીકે શ્રી ઋષભદેવને ગણવામાં આવેલા છે.

હવે પ્રશ્ન એ થાય છે કે, અવતાર એટલે શું ? તે માટે કેવી પાર્શ્વ ભૂમિ હોવી જોઈએ ? ઈશ શક્તિ ક્યારે અને શા માટે સાકાર થાય છે. ? અવતાર એટલે નીચે ઊતરવું. અવતારવાદની કલ્પના ત્રિકાલાબાધિત છે. અવતારવાદનો અર્થ દુર્બલતા-વાદ નહીં પરન્તુ અપાર પ્રયત્નવાદ, અવિરતકર્મ, અને અખંડ ઉદ્યોગ. **ऋते श्रान्तस्य न सख्याय देवाः** અર્થાત્ જે માણસ થાક લાગે એટલો પરિશ્રમ કરતો નથી એના પર દેવો મિત્રભાવ રાખતા નથી. આ શ્રુતિવચન નજર સમક્ષ રાખી અવિરત પ્રભુનું કાર્ય કરતા રહીએ તો જ ભગવાન અવતાર લે છે.

ઈશ્વરી ચૈતન્ય ત્રણ જુદા જુદા રૂપે પધારે છે (૧) ટ્રાન્સમાયગ્રેશન એટલે એકાદ જીવ દેવ થાય છે. (૨) પઝેશન એટલે જીવમાં દેવતાનો સંચાર થાય છે. (૩) ઈમેનેશન એટલે અંશાવતાર. જ્યારે અવતાર એ જુદી જ શક્તિ છે. નિરુપાધિક સોપાધિક થાય છે. આથી ઈમર્સન કહે છે કે અવતાર એ દરિયા ઉપરનું ફીણ છે. મોજાં માઈલ અડધા માઈલથી ચડતાં, પડતાં, આખડતાં આવે અને પછી શુભ્ર ફીણ દેખાય તે રીતે મહાપુરુષોના અવિરત પ્રયત્નને લીધે ટ્રાન્સમાયગ્રેશન, ઇમેનેશન અને પઝેશન એ મહા પુરુષોના પ્રયત્નથી અવતાર આવે છે. સંક્ષેપમાં, માનવી પ્રયત્નનું સુંદર શુભ્ર ફીણ એટલે અવતાર. જૈનદર્શન ઇશ્વર અવતાર લે છે તે માન્યતાને માનતું નથી. હવે આપણે શ્રી ઋષભદેવજીના ચરિત્ર વિષે ટૂંકમાં જોઈએ.

શ્રીમદ ભાગવતના પાંચમા સ્કંધમાં શ્રી ઋષભદેવનું કથાનક આવે છે. રાજા પરીક્ષિતના પ્રત્યુત્તરમાં પરમ-જ્ઞાની અને પરમ વૈરાગી શ્રી શુકદેવજી કહે છે કે પ્રિયવ્રત નામનો ભગવદ્ ભક્ત અને આત્મારામ રાજા હતો. તેણે પ્રજાપતિ વિશ્વકર્માની પુત્રી બહિર્ષ્મતીની સાથે લગ્ન કર્યા હતા. આનાથી તેને દસ પુત્રો થયા હતા. તેમાં જ્યેષ્ઠ પુત્રનું નામ આગ્નીધ્ર હતું. પિતાને તપસ્યામાં લાગેલા જોઈ આગ્નીધ્રે રાજ્ય કારભાર સંભાળ્યો. તેણે પૂર્વચિત્તિ નામની અપ્સરા સાથે લગ્ન કર્યું. તેનાથી તેને નવ પુત્રો ઉત્પન્ન થયા, જેમાં જ્યેષ્ઠ પુત્રનું નામ નાભિ હતું. ત્યારબાદ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**નાભિના લગ્ન મેરુદેવીની સાથે થયા. ઘણા સમય** બાદ પણ કોઇ સંતાન ન થવાથી, પુત્રની કામનાથી દમ્પતિએ એકાગ્રતાપૂર્વક ભગવાન યજ્ઞપુરુષનું યજન કર્યું. નાભિ રાજાની શ્રદ્ધાપૂર્વક વિશુદ્ધ ભાવથી કરેલ આરાધનાથી પરમ તેજસ્વી ચતુર્ભુજ મૂર્તિ પુરુષ વિશેષ પ્રગટ થયો. તેને જોઇને ઋત્વિજોએ પ્રાર્થના કરીને કહ્યું કે રાજર્ષિ નાભિને ત્યાં આપના સમાન પુત્ર થાઓ. આ સાંભળી યજ્ઞપુરુષે કહ્યું કે હું પોતેજ મારી અંશકલાવડે આગ્નીધ્ર નન્દન નાભિને ત્યાં અવતાર લઇશ, કારણકે મારી સમાન મને બીજો કોઈ દેખાતો નથી. ત્યારબાદ ભગવાન ઋષભદેવનો જન્મ થયો. જે જન્મથી જ વજ્ર, અંકુશ આદિ ચિન્હોથી યુક્ત હતા, સમતા, શાન્તિ, વૈરાગ્ય, ઐશ્વર્ય આદિ મહાવિભૂતિઓને લીધે તેઓનો પ્રભાવ પ્રતિદિન વધતો જતો હતો. નાભિ રાજાએ તેનું સુંદર અને સુડોલ શરીર, વિપુલકીર્તિ, તેજ, બલ, ઐશ્વર્ય, યશ, પરાક્રમ અને શૂરવીરતા આદિ ગુણોને લીધે ઋષભ (શ્રેષ્ઠ) નામ રાખ્યું. ભગવાન ઋષભદેવે પોતાના દેશ અજનાભ ખંડને કર્મ ભૂમિ માનીને લોકસંગ્રહ માટે થોડો સમય ગુરુકુલવાસ કર્યો. ત્યારબાદ ગુરુની આજ્ઞા લઈ ગૃહસ્થ ધર્મની શિક્ષા આપવા માટે દેવરાજ ઇન્દ્રે આપેલ પોતાની કન્યા જયન્તી સાથે ઋષભદેવે લગ્ન કર્યું. તેમને ત્યાં સો પુત્રો થયા. તેમાં મહાયોગી ભરતજી મોટા હતા અને બધાથી અધિક ગુણવાન હતા. તેઓના નામથી લોકો આ અજનાભ ખંડને "ભારતવર્ષ" કહેવા લાગ્યા.

ભગવાન ઋષભદેવ, જો કે સ્વયં સર્વદા બધા પ્રકારની અનર્થ પરંપરાથી રહિત, કેવલ આનન્દાનુભવ સ્વરૂપ અને સાક્ષાત ઇશ્વર જ હતા, તો પણ તે અજ્ઞાનીઓ સમાન કર્મ કરતા. તેઓએ કાલની અનુસાર પ્રાપ્ત ધર્મનું આચરણ કરીને તેનું તત્ત્વ ન જાણનાર લોકોને શિક્ષા આપી. સાથે સાથે સમ, શાન્ત, સુહૃદ્ અને કારુણિક રહીને ધર્મ, અર્થ, કામ અને મોક્ષનો સંગ્રહ કરતા ગૃહસ્થાશ્રમમાં લોકોને નિયમિત કર્યા. ભગવાન ઋષભદેવના શાસન કાળમાં આ દેશનો કોઇપણ પુરુષ પોતાના માટે કોઈથી પણ પોતાના પ્રભુ પ્રત્યે (ઋષભદેવ પ્રત્યે) પ્રતિદિન વધનાર અનુરાગ સિવાય બીજી કોઇપણ વસ્તુની કદાપિ ઇચ્છા કરતો ન હતો. એક વખત ભગવાન ઋષભદેવ ફરતા ફરતા બ્રહ્માવર્ત દેશમાં પહોંચ્યા. ત્યાં બ્રહ્મર્ષિઓની સભામાં પોતાના પુત્રોને શિક્ષા આપવા માટે આ પ્રમાણે કહેવા લાગ્યા. "હે પુત્રો આ મનુષ્ય લોકમાં આ માનવ દેહ દુઃખમય વિષયભોગ પ્રાપ્ત કરવા માટે નથી. આ ભોગ તો વિષ્ઠાભોજી સૂકર–કુતરાદિને પણ મળે છે. આ શરીરથી દિવ્ય તપ જ કરવું જોઇએ, જેનાથી અંતઃકરણ શુદ્ધ થાય, કારણકે આનાથી અનન્ત બ્રહ્માનંદની પ્રાપ્તિ થાય છે. શાસ્ત્રોએ મહાપુરુષની સેવાને મુક્તિ અને સ્ત્રી સંગી કામિઓના સંગને નરકનું દ્વાર બતાવેલ છે. મહાપુરુષ તે છે કે જે સમ ચિત્ત, પરમશાન્ત, ક્રોધહીન, સર્વ હિતચિંતક અને સદાચાર સંપન્ન હોય. મનુષ્ય અવશ્ય પ્રમાદવશ કુકર્મ કરવા લાગે છે, તેની તે પ્રવૃત્તિ ઇન્દ્રિયોને તૃપ્ત કરવા માટે જ હોય છે. આ સારૂં નથી, કારણકે આનાથી આત્માને આ અસત્ અને દુઃખ દાયક શરીર પ્રાપ્ત થાય છે. જ્યાં સુધી આ લૌકિક -વૈદિક કર્મોમાં ફસાયેલ છે ત્યાં સુધી મનમાં કર્મની વાસનાઓ પણ ઉત્પન્ન થતી રહે છે, અને એનાથી દેહબન્ધનની પ્રાપ્તિ થાય છે. મનુષ્યે સાવધાન રહીને અવિદ્યાથી પ્રાપ્ત આ હૃદયગ્રંથિ રૂપ બંધનોને શાસ્ત્રોક્ત રીતથી સાધનો દ્વારા સારી રીતે કાપી નાખવાં જોઇએ, કારણ કે આ કર્મ સંસ્કારોને રહેવાનું તે સ્થાન છે. ત્યારબાદ સાધનોનો પણ ત્યાગ કરવો જોઇએ, "

ઉપર પ્રમાણે સવિસ્તર શિક્ષા આપી રાજ્યકારભાર પુત્રોને સોંપી પોતે ઉપશમ શીલ નિવૃત્તિ પરાયણ મહામુનિઓની ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય રૂપ પરમહંસોચિત ધર્મોની શિક્ષા આપવા માટે બિલ્કુલ વિરકત થઇ ગયા. કેવલ શરીર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માત્રનો પરિગ્રહ રાખ્યો. વસ્ત્રોનો પણ ત્યાગ કર્યો. તે સમયે તેઓના કેશ વિખરાયેલા હતા. ઉન્મત્ત જેવો વેષ હતો. આ સ્થિતિમાં તેઓ આહુવનીય અગ્નિઓને પોતાનામાં જ લીન કરીને સન્યાસી થઈ ગયા અને બ્રહ્માવર્ત દેશની બહાર નીકળી ગયા.

તેઓ સર્વથા મૌન પાલન કરતા હતા. તેઓ અવધૂત થઈને જ્યાં ત્યાં વિચારતા હતા. તેઓને સારી રીતે ન સમજનાર લોકો તરફથી ઉપસર્ગો કરવામાં આવતા હતા પરન્તુ ભગવાન ઋષભદેવજી તેના ઉપર ધ્યાન આપતા નહતા. કારણ કે તેમને આ મિથ્યા શરીર ઉપર જરા પણ અહુંતા–મમતા ન હતી. યોગ સાધનામાં વિઘ્નભૂત કોઇ ન થાય તેથી તેઓએ અજગર વૃત્તિ ધારણ કરી હતી. તેઓના મળમાં દુર્ગન્ધ ન હતી, ઘણી સુગન્ધ હતી અને વાયુની લહરીઓ તે સુગન્ધને લઇને ચારે તરફ દસ યોજન સુધી દેશને સુગન્ધિત કરતી હતી. પરમહંસોના ત્યાગના આદર્શની શિક્ષા આપવા માટે મોક્ષપતિ ભગવાન ઋષભદેવજીએ અનેક પ્રકારની યોગચર્યાઓનું આચરણ કર્યું. તેઓની પાસે અનેક સિદ્ધિઓ સ્વતઃ આવી, પરન્તુ તેઓએ તેનું મનથી આદર કે ગ્રહણ કર્યું નહીં.

અન્તે તેઓએ યોગીઓના દેહત્યાગની વિધિ શિખડાવવા માટે પોતાના શરીરનો ત્યાગ કરવા વિચાર્યું. તેઓ પોતાના અંતઃકરણમાં અભેદ રૂપથી સ્થિત પરમાત્માને અભિન્ન રૂપથી જોતા વાસનાઓની અનુવૃત્તિથી છૂટીને લિંગદેહના અભિમાનથી પણ મુક્ત થઈ ઉપરામ થઈ ગયા. આ રીતે લિંગદેહના અભિમાનથી મુક્ત ભગવાન ઋષભદેવજીનું શરીર યોગમાયાની વાસનાથી કેવલ અભિમાનાભાસ આશ્રયે જ આ પૃથ્વીતલ ઉપર વિચરતું હતું. તેઓ દૈવવશ કોંદુ, વેંક અને દક્ષિણ આદિ કુટક કર્ણાટકના દેશોમાં ગયા અને વનમાં ફરવા લાગ્યા. આ સમયે ઝંઝાવાતથી ખૂબ જ ચાલતા વાંસોના ઘર્ષણથી પ્રબલ દાવાગ્નિ પ્રજ્વલિત થયો અને તે અગ્નિએ આખા વનને શ્રી ઋષભદેવજીના પાર્થિવ શરીર સાથે ભસ્મીભૂત કરી નાખ્યું.

ભગવાન ઋષભદેવજીનો અવતાર રજોગુણથી યુક્ત લોકોને મોક્ષમાર્ગની શિક્ષા આપવા માટે જ થયો હતો. ભગવાન શ્રી ઋષભદેવજીના ગુણાનુંવાદ કરતા લોકો કહે છે કે–અહો ! આ જન્મરહિત ભગવાન શ્રી ઋષભદેવના માર્ગ પર કોઈ બીજો યોગી મનથી પણ કેવી ચાલી શકે ? કારણ કે જેમણે યોગ સિદ્ધિઓને અસત્ માની ગ્રહણ કરી નહીં.

આ પ્રકારનું ભગવાન ઋષભદેવનું જે ચરિત્ર સાંભળે છે કે સંભળાવે છે તે પાપોથી પૂર્ણ સાંસારિક તાપોથી મુક્ત થઈ પરમ વીતરાગી બની મોક્ષ લક્ષ્મીને પ્રાપ્ત કરે છે.

## ખાસ વિજ્ઞપ્તિ

આ સભાના જ્ઞાનખાતામાં સારી એવી તૂટ છે. આ માટે દાન આપવા ઉદાર દાતાઓને વિનંતિ કરવામાં આવે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન ધર્મ અને નારી



–: લેખક :–

(હિંદીમાં) લક્ષ્મીનારાયણ ભારતીય
એમ. એ. સાહિત્યરત્ન

–: અનુવાદક :–

કુ. અરુણા સી. કનાડિયા
એમ. એ.

ભારતીય સંસ્કૃતિમાં નારીનું સ્થાન અપૂર્વ છે. તેના વિષયમાં લખાયેલું સાહિત્ય જેટલું વિવિધતા પૂર્ણ છે તેટલું જ અનન્યતાથી ભરપૂર છે. તે અનેક ક્ષેત્રોમાં વ્હેંચાયેલ હોવાથી સાહિત્યમાં વિવિધ દૃષ્ટિકોણોથી આલેખાયેલી છે. ક્યારેક તે હીનથી હીનતમ વિશેષણોથી આભૂષિત કરવામાં આવેલ છે તો ક્યારેક દેવતાઓથી પણ ઊંચા પદ પર સ્થાપિત કરાયેલ છે. આટલા બધા પરસ્પર વિરોધી અભિપ્રાયને પાત્ર ભાગ્યે જ કોઇ બીજી વ્યક્તિ હશે.

સ્ત્રીનું વર્ણન મુખ્ય બે આધારે થયું છે. એક તો તેનું વર્ણન કરનાર પુરુષો હોય છે. બીજું જે ભૂમિકામાં તેઓ હોય અને તેમને તે (નારી) જેવી દેખાય અથવા તો જેવો તેનો અનુભવ થાય તેવું જ તેના વિષે લખ્યું છે પણ નારીએ પોતાના વિષયમાં બહુ ઓછું લખ્યું છે. પુરુષોની સાથે તેનો સંબંધ માતા, બહેન, પુત્રી, પત્ની વગેરે સંબંધોના રૂપમાં, શિષ્ય, દાસી, સખી વગેરે ભૂમિકાનાં રૂપમાં, મોહિની, પતિતા, કુલટા આદિ સ્થિતિઓનાં રૂપમાં અને કરુણા, દયા, પ્રેરણા, શક્તિ વગેરે દાત્રીના રૂપમાં આવેલો છે. એટલે તેનાં વર્ણનમાં વિવિધતા અવશ્ય રહે જ છે.

ભારતીય નારી એક એકમરૂપે પણ છે. ભલે વિવિધ ધર્મો અને જાતિઓને લીધે તેનામાં કંઈક વિશેષતાઓ અને ન્યૂનતાઓ આવી હોય. નારી સર્વત્ર મધ્યબિંદુ રૂપ પણ રહી છે. ચાહે વ્યક્તિગત જીવનમાં કે સમાજજીવનમાં, એકાંતમાં કે સમૂહમાં, ગૃહસ્થાશ્રમમાં કે સંન્યસ્તાશ્રમમાં પુરુષને તેણે સર્વત્ર પોતાનાં તેમજ પોતાની ચર્યામાં આવૃત્ત રાખ્યા છે.

આ અનુસંધાનમાં જ્યારે આપણે જૈન નારીના વિષયમાં વિચાર કરીએ ત્યારે હિન્દુ નારી અને જૈન નારીને એકબીજાથી અલગ કરવા મુશ્કેલ છે, કેમકે બંનેમાં સામાજીક દૃષ્ટિએ અને ગુણો–શક્તિ–સ્વભાવની દૃષ્ટિએ ભાગ્યેજ કંઈક અંતર છે. પરંતુ આ વાસ્તવિકતા સિવાય ધાર્મિક ભિન્નતાને લીધે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ક્યારેક એવું અંતર પડે છે કે જે તેમની ભિન્નતાને બતાવે છે. દાખલા તરીકે હિંદુધર્મમાં આશ્રમ વ્યવસ્થાને પ્રધાનતા આપવામાં આવી છે. પરંતુ જૈન ધર્મ એકાશ્રમી વ્યવસ્થાને માને છે. પરિણામે ગ્રહસ્થાશ્રમનું જે મહત્ત્વ હિંદુઓમાં છે, જૈનોમાં તેવું ન હોય તો તેમાં કોઇ આશ્ચર્ય નથી. તેને લીધે નારીની સ્થિતિમાં પણ અંતર આવી જાય છે. આ રીતે ચતુર્વિધ સંઘનાં રૂપમાં જૈન ધર્મ અને જૈન સમાજની કેટલીક વિશેષતાઓ છે. સાધ્વી અને શ્રાવિકાના રૂપમાં જૈન નારી વિશેષ વાતાવરણમાં રહે છે. જ્યારે સાધ્વી બનવાનો અવસર આવે છે ત્યારે જૈન નારી સર્વસ્વ છોડીને નિઃશંક ભાવે તે સ્થાને તે ચાલી જાય છે. કોઇ જ પ્રકારનો મોહ તેને રોકી શકતો નથી. જૈન ધર્મ અને જૈન વાતાવરણની જૈન નારી પર આટલી અસર છે એટલે ઉપવાસ વગેરે વ્રતો જેટલી ઉત્કટતાથી સાધ્વી–નારી કરી શકે છે, ગૃહસ્થ નારી પણ એટલીજ સહજતાથી કરે છે. આપણે જ્યારે વાંચીએ છીએ કે ભગવાન પાર્શ્વનાથને ૩૮૦૦૦ શિષ્યા (સાધ્વીઓ) અને ૩૨૭૦૦૦ શ્રાવિકાઓ તથા ભગવાન મહાવીરને ૩૬૦૦૦ સાધ્વીઓ અને ૩૧૮૦૦૦ શ્રાવિકાઓ હતી અને તેમાં પુષ્પચૂલા અને ચંદના, તથા સુનંદા અને રેવતી તેમજ સુલસા વગેરે પ્રમુખ હતી, ત્યારે સંઘ વ્યવસ્થાનો પ્રભાવ અને ધર્મની ભાવનાના સંસ્કાર સ્વાભાવિક રીતે જ વધે તેવું વાતાવરણ નજર સમક્ષ ખડું થતું હોય છે. શ્રાવિકાઓથી જ સાધ્વી બનાય છે.

આવી રીતે સ્ત્રીને અધ્યાત્મ સાધના અને મોક્ષપ્રાપ્તિમાં પૂર્ણ અધિકાર અપાયો છે અને તેનાં ત્યાગ અને ભક્તિનાં પ્રયત્નમાં કંઈ પણ વિઘ્ન નખાયું નથી વગેરે બાબતો જૈન ધર્મમાં તેનું સ્થાન અને મહત્વ પ્રગટ કરે છે એટલે જ હેમચંદ્રાચાર્યે સ્ત્રીનાં બળ અને શીલ વિષે શંકા કરનાર પુરુષોને કહ્યું કે સ્ત્રી અને પુરુષનાં બલ–શીલમાં કંઇ જ અંતર નથી. વળી સ્ત્રીઓમાં ધર્મભાવના–શ્રદ્ધા વગેરે વધારે જ હોય છે. તેથી તેની સાધના, યોગ્યતા અને સમતામાં તેનું સ્ત્રીપણું નડતર નથી. અનેક મહાન સ્ત્રીઓએ જેમકે–કંદાચી, જાક્કિયાવી, અત્તિભાવી, પંજાબી, પદ્માવતિકા, માલાલા, ગંગા, મહાદેવી લક્ષ્મીમતિ વગેરે રાજમહિલાઓએ જૈન ધર્મની કીર્તિની પતાકા લહેરાવી છે. પોતપોતાનાં કામ અને સ્થાનમાં કર્તવ્યપરાયણ હોવા છતાં પણ જૈન ધર્મનું આચરણ પણ સુંદર રીતે જ કરતી. એ–રીતે ભલે ગૃહસ્થ નારી હોય કે સાધ્વી જીવન સ્વીકાર્યું હોય પરંતુ તેનું નિર્માણ જે જૈન ધર્મે કર્યું છે તે અત્યંત ઉચ્ચ નિર્માણ છે. શ્રાવિકા નારી અને સાધ્વી વસ્તુતઃ એક સિક્કાની બે બાજુ છે. રાજમતિ, વસિષ્ઠી, પોહિલા, કોસા, વંદના વગેરે સાધ્વી નારીઓ જૈન ધર્મની શ્રેષ્ઠ વિભૂતિઓ છે.

આ ભવ્યતા વર્ણિત કર્યા બાદ સ્હેજ આગળ વધતા એક એવું પણ ચિત્ર જોવા મળે છે કે જે ધર્મનું નહિ પણ વ્યવસ્થા કે મર્યાદાનું છે અને જે ધર્મિષ્ઠ સાધ્વીઓને પણ દુર્બળ બનાવે છે. ધર્મે જે સ્થાન નારીને દીધું તે જાણે કે આ વ્યવસ્થાએ છિનવી લીધું છે. જે સામ્ય અધ્યાત્મ સાધનાએ બતાવ્યું તે જ વ્યવહારમાં બદલાઈ ગયું. કેમકે પુરુષની સાથે તુલના કરતાં નારી નિમ્ન સ્તર પર ગણાય છે. અને વ્યવસ્થા એવી બની કે સાધુને સાધ્વી વંદન કરે પરંતુ સાધ્વીને સાધુ વંદન ન કરી શકે. પછી તે સાધ્વી કેટલી તપઃપૂત ભલે હોય, તેની દીક્ષા પછી વર્ષો વિતી ગયાં હોય પરંતુ તાજેતરનો દીક્ષિત સાધુ પણ તેના (સાધ્વીને માટે) વંદનને પાત્ર છે પરંતુ તે સાધ્વી તે સાધુના વંદનને પાત્ર નથી. એટલી હદ સુધી આ છે કે સાધ્વી સાધુને ધર્મોપદેશ પણ ન આપી શકે. આ નિયમ છે. અને આશ્ચર્ય એ છે કે આજે પણ તે ચાલીજ રહ્યો છે. સ્ત્રીઓમાં માયા પ્રબળ છે અથવા તો ધર્મ પુરુષપ્રધાન છે યા ધર્મ વિનયરહિત મનાશે....વગેરે બચાવપક્ષ આમાં માન્ય નથી. કેટલીક ધાર્મિક ભૂમિકાઓથી આ વ્યવહારનું સમર્થન કરીએ તથા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વ્યવસ્થા અને મર્યાદાનાં નામથી આનો બચાવ કરીએ તો પણ એ સ્પષ્ટ છે કે દેહાચાર અને લોકાચારે સામ્યભાવ પર વિજય પ્રાપ્ત કર્યો છે. સ્ત્રીને ગૌણતા પ્રદાન કરી અને પુરુષને તેણે શ્રેષ્ઠ જ માન્યો. તે એટલા માટે વધારે ખટકે છે કે સ્ત્રીને મોક્ષપ્રાપ્તિ યા સિદ્ધત્વપ્રાપ્તિનાં માર્ગમાં બિલકુલ રોકયા સિવાય જવા દીધી છે પણ વ્યવહારમાં તે પુરુષથી અત્યંત નીચા સ્તરપર છે અને પુરુષની અપેક્ષિત રહી છે. અને આજ પણ માત્ર સમાજમાં જ નહિં પણ સાધુ-સાધ્વી જીવનમાં પણ નારી એવી જ રહી છે. એટલું સ્પષ્ટ છે કે આ વ્યવસ્થા સગવડ માત્ર છે. સ્ત્રી પુરુષ મર્યાદાનો જ્યાંસુધી સવાલ છે ત્યાંસુધી તેની સાથે કંઈ વિરોધ નથી, સાધુ-સાધ્વી એક સાથે ન રહે અથવા તો સાથેસાથ ભિક્ષાએ ન જાય વગેરે નિયમો સહજીવનમાં જરૂરી હોઈ શકે. સંયમ અને શીલની રક્ષા માટે કેટલાક નિયમોનું પાલન કરવું પડે છે અને વ્યવસ્થા પણ રાખવી પડે છે પરંતુ દેહભિન્નતાએ આત્મભિન્નતાનું કારણ ન બની શકે. વસ્તુતઃ પુરુષ પ્રધાન વ્યવસ્થાની જે પરમ્પરા છે તેનો જ આ અવશેષ છે. આ ધર્મનાં ક્ષેત્રમાં પણ જણાય છે, આ પુરુષપ્રધાનતાને લીધે તે (સ્ત્રી) વિલાસનું પાત્ર પણ બનાવવામાં આવી છે.

વસ્તુતઃ આ પુરુષપ્રધાનતા બધા ધર્મોની જેમ જૈન ધર્મમાં પણ એટલી હદ સુધી છે કે તેમાં પણ સ્ત્રીને કપટી, લંપટ, કુશીલા, કૃતઘ્ન, દગાબાજ, નરકગામિની વગેરે કહેવામાં કોઈ અચકાયા નથી. સામાન્યતઃ ખરાબ સ્ત્રી અથવા કુલંછના નારીને માટે એવું કહેવાય તે ઠીક છે પરંતુ આટલા ખરાબ વિશેષણોથી પુરુષો તો કયાંય પણ વર્ણિત નથી. જોકે તેની એક મનોવૈજ્ઞાનિક ભૂમિકા પણ છે. એવું મનાય છે કે પુરુષ તપ સાધનામાં જ્યારે લીન હોય છે ત્યારે તેને ત્યાંથી ખેંચીને નારી પીછેહઠ કરાવનાર હોય છે. ભલે સ્ત્રી સ્વેચ્છાએ યા બીજાની પ્રેરણાથી એવું કરે જેમકે ઈન્દ્ર અપ્સરાઓને મોકલીને સાધનામાં ભંગ કરાવતા હતા. પુરુષ અંતે તો કમજોર જ છે. તેથી તે મોહમાં ફસાઇ જાય છે. તેથી ક્ષુબ્ધતા-(ક્ષોભ)થી તે સ્ત્રી પ્રતિ તીવ્ર ઉદ્‌ગાર બોલી સર્વને સ્ત્રીઓથી સાવધાનીપણું શિખવે છે. બીજું આ બધી સંભાવનાઓથી ગભરાઇને તે સ્ત્રીથી દૂર દૂર ભાગતો જાય છે. પરંતુ બને છે એવું કે જે જે વસ્તુથી કૃત્રિમ રૂપે જેટલો દૂર ભાગે છે તે તેને તેટલી જ ખેંચે છે. માટેજ મધ્યમ માર્ગનું મહત્ત્વ છે. પુરુષનાં પતનનું કારણ, યા સાધનાભંગ માટે સ્ત્રી જ દોષિત છે એવું કોઇ ન કહી શકે. પુરુષ પોતે પણ એટલો જ દોષિત છે પરંતુ સ્ત્રી તેનું નિમિત્ત બની તેથી તે તેની ઉપર ચિડાય છે. એ રીતે પુરુષ સાથે તુલનામાં આવતાં જ સ્ત્રી અહિં પણ હીન મનાય છે, અન્યથા તે અત્યંત પૂજનીય અને મહાન મનાય છે. "ત્યાગવાન, શીલવાન, રત્નવાન, પૂજ્યા, પ્રેરણાદાયી, ચૌદ રત્નોમાં એક" વગેરે વિશેષણો તેને અપાય છે જે સાચા દિલથીજ નીકળ્યા છે. પરંતુ ડો. જૈને કહ્યું છે તેમ સ્ત્રીની સ્થિતિ જૈન દૃષ્ટિએ સંતોષજનક નથી. સ્ત્રીનાં પરહેજમાં પણ કયાંક અતિરેક દેખાય છે. જેમકે બધા જૈન ગ્રંથોમાં સ્ત્રી સાથે કોઇ સંબંધ ન રાખવો એવો સાધુઓને આદેશ છે. તેમજ ધર્મવાન સ્ત્રી અને સામાન્ય સ્ત્રીમાં કંઇજ ભેદ રખાયો નથી. નહિંતર ધર્મવાન સ્ત્રી તો સાધુને પણ બચાવી શકે છે. જેમકે રાજીમતીએ રહનેમીને બચાવ્યા હતા. છેવટે સાધ્વીરક્ષણની જવાબદારી પણ સાધુ પર નખાઈ હતી. આવી દશામાં એ નિષ્કર્ષ નીકળે છે કે સ્ત્રી પ્રત્યે કરુણા-આદર વગેરેમાં કોઇ કમીના નથી પરંતુ જ્યાં તેની પુરુષ સાથે બરાબરી કરી ઊંચી કે તેનાં ઉત્કૃષ્ટપણાની વાત આવે કે તેનાં મોહરૂપનો સંબંધ આવે ત્યાં તે નિમ્ન સ્તરની દેખાડી છે પછી તે ધર્મજીવનનું ક્ષેત્ર હોય કે સમાજજીવનનું ક્ષેત્ર હોય.

ધર્મેતર જીવનનું અધ્યયન કરવાથી જૈન નારીનું એક ઉજ્જવળ ચિત્ર જોવા મળે છે. તેને જેમ ધર્મ-સાધના કરવામાં કોઇ જ રૂકાવટ નથી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેમ જ તેનું શિક્ષણ, જ્ઞાન-પ્રાપ્તિ, કલા-ભક્તિ વગેરેમાં પણ કોઈ જ પ્રકારનો પ્રતિબંધ નથી. તે ઇચ્છે તેમ બ્રહ્મચારિણી ગૃહસ્થી કે સંન્યાસીપણે જીવન ગાળી શકે છે. રાજનીતિમાં પણ જૈન નારી હોવાનાં નાતે બિલ્કુલ ન્યૂનતા નથી. એટલું જ નહીં કેટલીક રાજમહિલાઓ સુંદર પ્રશાસિકાઓ અને યોદ્ધા પણ બની હતી. ગૃહસ્થજીવનમાં પણ વ્રત-નિયમથી એટલી સુરક્ષિત છે કે તે અતિચાર તરફ પાદ-સંચાર નથી કરી શકતી. જૈન ધર્મ આત્મોન્નતિનો ધર્મ માનવામાં આવે છે, વળી એમ પણ કહેવાય છે કે તેનો સમાજવ્યવસ્થા કે સમાજ વ્યવહાર સાથે કાંઈ જ સંબંધ નથી. અમારું મંતવ્ય છે કે ધર્મનો સમાજ સાથેનો જેટલો સંબંધ હોય તેટલી હદ સુધી સમાજ વ્યવસ્થા પર પણ પ્રભાવ પડે છે. ઉદાહરણાર્થ સતીપ્રથા લઇએ. શ્રી સંગ વેએ બે જૈન સ્ત્રીઓનો સતી થયાનો ઉલ્લેખ કર્યો છે. અન્યત્ર એક સ્થળે એવું વિધાન છે કે એક રાજ-વિધવા પર સતી થવાનો પ્રસંગ આવ્યો પરંતુ ઘરમાં તેવી પ્રથા ન હોવાથી તે સતી ન થઈ. સાર એ જ કે આ પ્રથા પરંપરાથી પ્રચલિત નહીં હોય. તેનું કારણ સ્પષ્ટ રીતે એ જ છે કે સાધ્વી બનવાનાં વાતાવરણનું બચપણથી જ સિંચન અને અનેક ગૃહસ્થ સ્ત્રીઓ દ્વારા સાધ્વી જીવનનો સ્વીકાર કરેલ હોવાથી, વિધવાઓ માટે સાધ્વી જીવન અંગીકાર કરવાનો માર્ગ પ્રાપ્ત થઈ શકે છે. તો આવા સંજોગોમાં સતી થવાનું આકર્ષણ કેમ અસર કરે અથવા એ પ્રથા સમાજમાં શી રીતે વિકસે ? આપણે માની શકીએ કે સતી-પ્રથાને બદલે આ પ્રથા એક શ્રેષ્ઠ વિકલ્પ તરીકે રહી હશે. અર્થાત્ આજ તેનો આધાર લઇને વિધવાવિવાહમાં કોઈ વિઘ્ન ઉપસ્થિત કરે તે યોગ્ય ન માની શકાય.

ભારતીય સમાજમાં નિયોગ પ્રથા પણ છે. હિંદુઓ માટે તો પુત્ર અને તેના દ્વારા વંશચાલન કે પિંડદાન ખૂબ જ મહત્ત્વપૂર્ણ મનાય છે. ત્યારે જૈનોમાં તેનું કોઈ ખાસ મહત્ત્વ નથી. નારીજીવન સાથે આ પ્રથાનો સીધો સંબંધ નથી. પણ એટલું સ્પષ્ટ છે કે વિધવા થયા પછી જૈન સ્ત્રીને માટે એવું કરવાની કોઇ જ જરૂરત નથી. આવશ્યક ચૂર્ણિની કાયાપૂર્ણાની કથાથી એવું લાગે છે કે કયારેક એવું કરવું પડે છે. પણ આ પ્રથા અલ્પ પ્રમાણમાં હશે. આનું કારણ પણ જૈન ધર્મનો જ પ્રભાવ છે. ભદ્રબાહુએ તો પિંડદાનનું કંઇ જ મહત્વ નથી. માન્યું સ્ત્રીની કાનૂની દૃષ્ટિએ બે તરફથી ધારણા દેખાય છે.

**"यदि पूर्वं सुता जाता पश्चात् पुत्रस्तु जायते ।**
**तत्र पुत्रस्य ज्येष्ठत्वं न कन्याया जिनागमे" ॥**

આ ઉલ્લેખ બતાવે છે કે પુત્રીને પિતાની સંપત્તિની અધિકારીણી માનવા છતાં પણ જો પછીનો ભાઈ હોય તો ભાઇનો જ અધિકાર રહેછે.

પરંતુ એક સ્થળે એમ પણ બતાવવામાં આવ્યું છે કે વિધવાને પતિની સંપત્તિમાં પૂર્ણ અધિકારપ્રાપ્તિ છે, ભલે તે પુત્રવતી હોય તો પણ. જો આ વાત સત્ય અને પ્રચલિત હોય તો ખૂબ સુંદર વાત કહેવાય. કારણ વિધવા નારીને પુરુષાપેક્ષી નથી બનાવી, ભલે તે પુરુષ 'પુત્ર' હોય. જૈન વિધિકારોની આ મહાન દેન માનવી જોઇએ. જો કાનૂન દ્વારા આ માન્ય ન હોય તો માન્ય કરાવવું આવશ્યક છે. આ અધ્યાત્માધિકારો સાથે સામાજિક અધિકાર દેવાનું શ્રેય પણ જૈન ધર્મને જ પ્રાપ્ત થશે.

આ પ્રમાણે જ્યારે આપણે નારીની ધાર્મિક સામાજિક દૃષ્ટિકોણથી જૈન ધર્મના યોગદાનનું અધ્યયન કરીએ તો સ્પષ્ટપણે દેખાય છે કે આ યોગદાન ખૂબ જ ઊજ્જવલ છે. સિવાય કે જ્યાં જ્યાં પુરુષનો સંબંધ છે ત્યાં ત્યાં તેને ગૌણ બનાવેલ છે. તેનું કારણ તત્કાલિન સામાજિક સ્થિતિ પણ છે. ઉદાહરણાર્થ જૈનો પણ મનુની જેમજ માને છે કે સ્ત્રી ત્રણે અવસ્થામાં પિતા, પતિ કે પુત્રાધીન જ રહેવી જોઇએ, સ્વતંત્ર નહિ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જૈન સમાચાર

# ભગવાન મહાવીરના પચીસોમા નિર્વાણ વર્ષની ઉજવણીમાં

# સંમતિ

[સુપ્રસિદ્ધ ઇતિહાસવેત્તા, જૈન શાસ્ત્રોના મર્મજ્ઞ વિદ્વાન, વયોવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ, ચારિત્રવૃદ્ધ પરમ પૂજ્ય પંન્યાસ પ્રવર શ્રી કલ્યાણવિજયજી મહારાજે ભગવાન મહાવીરના નિર્વાણના પચીસસોમા વર્ષની ઉજવણી અંગે પોતાની સંમતિ દર્શાવતો પત્ર શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ ઉપર તાજેતરમાં લખ્યો છે, તે શ્રી સંઘની જાણ માટે અહીં રજૂ કરવામાં આવે છે.]

॥ શ્રી સિદ્ધિસૂરિગુરુભ્યો નમઃ ॥

**શ્રી પં. કલ્યાણવિજયજી આહોર, રાજસ્થાન; તા. ૩૧-૭-૭૨**
**શ્રીમાન્ શ્રાવક રતિલાલ દીપચંદ દેસાઈ,**

ધર્મલાભ સાથે લખવાનું કે પત્ર તમારો મલ્યો, સમાચાર જાણ્યા. શ્રી ભગવાન મહાવીરના પચીસસોમા વર્ષની ઉજવણીને અંગે કેટલા એક સાધુઓએ વિરોધ ઉઠાવ્યો છે તે અમે જાણીએ છીએ. અમારી માન્યતાનુસાર વિરોધ કરનારાઓની બુદ્ધિનો એ વિપર્યાસ માત્ર છે. આ ઉજવણીથી શ્રી શ્રમણ ભગવાન મહાવીરનું મહત્ત્વ વધશે, એ વસ્તુને ન સમજીને વિરોધ કરનારાઓએ ઊલટો માર્ગ પકડ્યો છે, એ જાણીને અમને ખરેખર દુઃખ થાય છે. અમો પોતે એ ઉજવણીને મહત્વપૂર્ણ ઘટના માનીએ છીએ.

અમારી માન્યતા પ્રમાણે આ ઉજવણી શ્રી શ્રમણ ભગવાન મહાવીરના મહત્ત્વને વધારનારી છે, એટલું જ નહિ પણ ભારતવર્ષની જૈન તથા જૈનેતર જનતા દ્વારા ભગવાન મહાવીરના ઉજ્જવલ જીવનનો પ્રકાશ બહાર પાડ્યો ગણાશે. વળી, આજે જેઓ એ વાતનો વિરોધ કરે છે, તે આવતી કાલે પોતાની ભૂલનો અનુભવ કરીને પશ્ચાતાપ કરશે, તે નક્કી માની લેજો.

હું પોતે એ વિષયમાં વિસ્તારથી લખવાની ઇચ્છા ધરાવતો હતો, પણ તબિયતની પ્રતિકૂલતાથી વિશેષ લખી શકતો નથી, ભવિષ્યમાં તબિયત અનુકૂળ થતાં વધારે પણ લખી શકીશ તે જાણજો. વળી, શ્રી સિદ્ધિસૂરિજી મહારાજ તથા વિજયદાનસૂરિજી મહારાજ આજે વિદ્યમાન હોત તો આજે ઉજવણીના વિરોધમાં પેમ્ફ્લેટો નીકળે છે તે ન નીકળત.

**પૂનમીઆ અપાસરા, આહોર,** (રાજસ્થાન)
સંવત ૨૦૨૯, મારવાડની મીતી શ્રાવણ વદ ૬ : પં. શ્રી કલ્યાણવિજય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વ. શ્રી પરમાણંદભાઇ કુંવરજી કાપડીયાના તૈલચીત્રનો અનાવરણ વિધિ

શેઠ આણંદજી પુરૂષોત્તમ જૈન સાર્વજનિક દવાખાનામાં (ભાવનગર) સંસ્થાના શુભેચ્છક દાતા સ્વ. શ્રી પરમાણંદભાઈ કુંવરજી કાપડીયાના તૈલચીત્રનો અનાવરણ વિધિ કરવા માટે સંસ્થાના હોલમાં શ્રાવણ વદ ૪ તા. ૨૭–૮–૭૨ના શેઠશ્રી ભોગીલાલભાઈ મગનલાલના પ્રમુખસ્થાને એક સમારંભ સવારે દસ કલાકે યોજવામાં આવતા. પ્રારંભમાં મંગળ ગીત ગવાયા બાદ મોતીવાળા હિંમતલાલ અનોપચંદે પ્રાથમિક નિવેદન રજુ કર્યું હતું.

શ્રીયુત ખીમચંદ ચાંપશી શાહે શ્રી પરમાણંદભાઈ કાપડીયાનો તેઓશ્રીની લાક્ષણીક વિચારશ્રેણિ તથા એક સાત્વીક ક્રાન્તિકાર તરીકે પરિચય કરાવ્યો હતો.

ત્યારબાદ કાન્તિલાલ જગજીવન શાહે પ્રસંગને અનુલક્ષીને શ્રી બેચરલાલ નાનચંદ શાહ આદિના સંદેશા વાંચી સંભળાવ્યા, અને દવાખાનાની કાર્યવાહિ રજુ કરી હતી. વધુમાં તેઓએ જણાવ્યું કે સ્વ. શ્રી પરમાણંદ કુંવરજી કાપડીયા સ્મારક ફંડના ટ્રસ્ટીઓએ દવાખાનામાં રૂા. પાંચ હજારનું દાન આપેલ છે અને દવાખાનાના વિકાસ માટે હજી વધારે આપવાની તેઓશ્રીની ભાવના છે. તે બદલ અમો સૌ તેઓશ્રીના આભારી છીએ. ત્યારબાદ શ્રી ભાઈચંદભાઈ અમરચંદ શાહે શ્રી પરમાણંદભાઈના જીવનનો પરિચય આપ્યો. તે પછી પ્રમુખશ્રી ભોગીલાલ મગનલાલ શાહે પોતાનું પ્રાસંગીક વકતવ્ય રજુ કર્યા બાદ શ્રી પરમાણંદભાઈના તૈલચીત્રની અનાવરણ વિધિ કરી હતી, છેવટ આભાર વિધિ કર્યા બાદ દુગ્ધપાનને ન્યાય આપી સૌ વિખરાયા હતા.

*

# શ્રી મહાવીર જૈન વિદ્યાલય વિદ્યાર્થિની સ્કોલરશિપ : ૧૯૭૨

માર્ચ, ૧૯૭૨માં લેવાએલ ગુજરાત અને મહારાષ્ટ્ર એસ. એસ. સી. બોર્ડની પરીક્ષામાં શ્વેતામ્બર જૈન વિદ્યાર્થિનીઓમાં સૌથી વિશેષ ગુણ પ્રાપ્ત કરી આગળ અભ્યાસ કરનાર કુ. સ્મીતા જસુભાઇ શાહને રૂપિયા ત્રણસોની સ્કોલરશિપ આપવામાં આવી છે. આ વિદ્યાર્થિની ગોરેગામની સર બેરામજી જીજીભાઇ ગર્લ્સ સ્કુલમાંથી ૫૫૯/૭૦૦ (૭૯·૮૫%) માર્કસ મેળવી ઉત્તિર્ણ થએલ છે અને વિલેપાર્લા મીઠીબાઈ કોલેજ ઓફ આર્ટસ અને ચૌહાણ ઈન્સ્ટીટયુટ ઓફ સાયન્સમાં ફર્સ્ટ ઇયર સાયન્સમાં અભ્યાસ કરે છે.

*

## ધર્મી–અધર્મી

જ્ઞાનની વાતો કરનારનું, પ્રભુનું નામ લેનારનું, પોતાની જાતને ધર્મિષ્ઠ તરીકે ઓળખાવનારનું એ કર્તવ્ય બની રહે છે કે પોતે કયાંથી આવ્યો છે, કયાં જવાનો છે ને ત્યાં જવા માટેનો ઉત્તમ માર્ગ કયો છે તેનો સતત વિચાર કરે ને જાગૃતિ સેવે.

ધર્મી અને અધર્મીમાં આટલું જ અંતર છે. ધર્મી પૂર્વજન્મ અને પુનર્જન્મને માને છે જ્યારે અધર્મી એક જ જન્મ માને છે.

ધર્મી પ્રારંભમાં અનંત જુએ છે, અધર્મી અનંતમાં અંત માને છે. —**શ્રી ચિત્રભાનુ** (દિવ્યદીપ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગ્રંથાવલોકન

**શ્રમણ ભગવાન મહાવીર :** (૧ થી ૨૬ ભવ) લેખકઃ–પૂ. આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ
પ્રકાશક :–શ્રી મુક્તિકમલ જૈન મોહન ગ્રંથમાળા,
કોઠીપોળ, વડોદરા–કિંમત રૂા. ૨–૨૫

શ્રમણ ભગવાન મહાવીરસ્વામીના આત્માને નયસારના ભવમાં સમ્યગ્દર્શન પ્રગટ થયું ત્યારથી તેમના ભવની ગણતરીનો પ્રારંભ થયો. આ ગ્રંથમાં સત્તાવીશમાં ભગવાન મહાવીરના ભવના જીવન વૃત્તાંતનું નિરૂપણ નથી. પરંતુ નયસારના ભવથી શરૂઆત કરીને છવીશમાં પ્રાણી નામના દશમા દેવલોકમાં દેવભવ સુધીનું વૃત્તાંત છે. ભગવાન મહાવીરે તેમના છેલ્લા ભવમાં–સત્તાવીશમાં ભવમાં સિદ્ધિ પ્રાપ્ત કરી, મોક્ષપ્રાપ્તિ કરી, તેમનો આત્મા પરમાત્મા થયો. પરંતુ આ સિદ્ધિ કેવી રીતે અને કેટકેટલી સાધના દ્વારા તેમણે પ્રાપ્ત કરી તેનું સચોટ અને તલસ્પર્શી નિરૂપણ, પૂ. આચાર્યશ્રીએ આ ગ્રંથમાં, સરળ અને સચોટ શૈલીમાં કર્યું છે. અગાઉના છવ્વીશ ભવોનું માત્ર વર્ણન તેમણે આમાં નથી કર્યું. પરંતુ કયા પ્રસંગથી કેવું કેવું કર્મબંધન થયું ? કર્મબંધનને પરિણામે કેવા કેવા સુખદુઃખની પ્રાપ્તિ થઈ અને અંતે કર્મનિર્જરા કરી કેવી રીતે સર્વોત્કૃષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું, એ બધાના સુંદર આલોચનાપૂર્વક નિરૂપણથી આ ગ્રંથનું મહત્ત્વ ખૂબ વધી જાય છે.

મુ. ભાઇશ્રી મનસુખલાલભાઈ મહેતા તેમની સુંદર પ્રસ્તાવનામાં કહે છે તેમ, "સંસારની પ્રવૃત્તિઓમાં રચીપચી રહેલા જીવને નિવૃત્તિનો માર્ગ બતાવતો, દુઃખિયાને દીલાસો આપતો, નિરાશ થયેલા જીવોને આશા આપતો, પામર જીવોની પામરતાને છેદી દેતો અને આધ્યાત્મિક ચિંતનનો પુણ્ય માર્ગ દર્શાવતો આ ગ્રંથ, જડવાદના યુગમાં એક આશીર્વાદરૂપ થશે."

અંતમાં મુ. ભાઇશ્રી મનસુખલાલભાઈ મહેતાએ તેમની પ્રસ્તાવનાના અંતમાં મૂકેલા શબ્દો સાથે હું પણ મારો સૂર પૂરાવું છું કે, "આવો સર્વોત્તમ ગ્રંથ તૈયાર કરવા માટે હું પૂ. આચાર્યશ્રી વિજયધર્મસૂરિજી મહારાજ સાહેબને કોટિકોટિ વંદન કરવાપૂર્વક ધન્યવાદ આપુ છું અને વાચકો ભગવાન મહાવીરના પાછલા ભવોના જીવન–પ્રસંગોનું ચિંતન–મનન કરીને પોતાનો જીવનપંથ પણ નિર્મળ અને ઉજ્જવળ બનાવવા કટિબદ્ધ થઈ તે દિશામાં પુરુષાર્થ કરે એમ ઇચ્છું છું."

**જૈન જગત :** (સમન્વય વિશેષાંક) રજત–જયંતી અંકઃ–પ્રકાશકઃ–ભારત જૈન મહામંડળ, હોનિમેન
સર્કલ, બીજે માળે, મુંબઇ–૧

જૈન–જગતના આ વિશેષાંકમાં અનેક લબ્ધપ્રતિષ્ઠ લેખકોના લેખો આપવામાં આવ્યા છે. લેખો વાંચવા અને વિચારવા જેવા છે.

**અનંતરાય જાદવજી**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# ધી માસ્ટર સિલ્ક મિલ્સ પ્રાઇવેટ લિ.
## ભાવનગર

સૌરાષ્ટ્રની અગ્રગણ્ય મીલની સુંદર, આકર્ષક અને રંગબેરંગી જાતો

- ટેરીવીસ્કોસ શર્ટીંગ
- ટેરીવીસ્કોસ સાડી
- ટાફેટા
- બ્રોકેડઝ
- ગોલ્ડસીલ્વર
- સાટીન પ્યાસ
- પરમેટા
- એસેટેટ સાટીન ફલાવર વગેરે.

માસ્ટર ફેબ્રીકસ વાપરો
તે વાપરવામાં ટકાવ છે

માસ્ટર મીલની ઉપરની બધીયે જાતો માસ્ટર મીલની રીટેઇલ શોપમાંથી મળશે

સ્થળ : માસ્ટર મીલ પાસે માસ્ટર મીલ રીટેઇલ શોપ

: મેનેજીંગ ડીરેકટર :

રમણીકલાલ ભોગીલાલ શાહ

તાર : MASTERMILL ફોન : ૩૨૪૩


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અસંગ અને સંયમ

પ્રત્યેક સાચા સંસ્કારી માણસમાં હંમેશાં અમુક પ્રમાણમાં સંયમ હોય છે. એનો અર્થ એવો નથી કે જ્યારે એ માણસ કંઈ કરે છે ત્યારે પોતે જે કરે છે તેને વિશે તેને લાગણી નથી હોતી. સંસ્કારી માણસ જ્યારે બૂમ પાડવા માગતો હોય છે ત્યારે પણ વિનયપૂર્વક વર્તે છે. જે વર્તનની નાની નાની વિગતોને વિશે સાચું છે, તે જ મોટાં કાર્યોને વિશે પણ સાચું છે. સંયમ–અસંગ–એ ગુણોની બધી જ વિકસિત સંસ્કૃતિઓમાં પ્રશંસા કરેલી છે. માણસે પોતાના મગજને કાબૂ બહાર જવા દેવું ન જોઈએ. જે માણસ સુધરેલો, સંસ્કારી હોય તે તો સારા તેમ જ માઠા સમાચારથી અભિભૂત થઈ જતો નથી.

આપણે ધારી લઈએ કે એક માણસને બીજા કોઈ માણસ વિશે અચાનક તિરસ્કાર જાગ્યો. જો એ માણસ સંસ્કારી હશે તો આ લાગણીને પોતા ઉપર સવાર નહિ થવા દે, તેમાં તે તણાઈ નહિ જાય.

જ્યારે કોઇ માણસને બીજા પ્રત્યે તિરસ્કાર થવા માંડે છે ત્યારે એટલું જાણી લેવાની જરૂર હોય છે કે સંબંધ ધરાવતી બધી વાતની પૂરેપૂરી માહિતી પોતાને ન પણ હોય. સામા માણસની પૂર્વભૂમિકાની અથવા જે હેતુઓથી પ્રેરાઈને એણે કામ કર્યું હોય તેની અથવા જેનાથી પોતાને આટલી બધી ચીડ ચડી છે તે કાર્ય કરવા એ કેમ ઉશ્કેરાયો એ વિશેની પૂરી માહિતી પોતાને ન હોય એમ બને. વળી, સામા માણસને કેવી તાલીમ મળી હતી એનો પણ એને ખ્યાલ ન હોય કદાચ એમ પણ બને કે તમને ગમે એ રીતે વિકાસ સાધવાની એને તક જ ન મળી હોય.

માણસ નિર્ણયો બાંધવામાં સહિષ્ણુ અને સંયત બને છે ત્યારે તે અસંગની સામાન્ય સંસ્કારી બાજુઓ જ પ્રગટ કરતો હોય છે. તેમ છતાં, માણસ જ્યારે ગભીરમાં ગભીર અને સંસ્કારીમાં સંસ્કારી અર્થમાં અસંગ બને છે ત્યારે પણ તેનો અર્થ એવો થતો નથી કે તે સાધુ અથવા સંન્યાસી બની ગયો છે—તે જીવનથી ભાગી જાય છે, અથવા જીવનમાંથી પોતાની જાતને અળગી ખેંચી લે છે. એનો અર્થ તો આગમાં રહેવા છતાં ઠંડા રહેવું એવો થાય છે.

[ 'ટાઇમ્સ ઑવ ઇન્ડિયા,' ૧૩–૧૨–'૫૩ ] જવાહરલાલ નેહરુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




## ખાસ વસાવવા જેવા કેટલાક અલભ્ય ગ્રંથો

### સંસ્કૃત ગ્રંથો

| | |
|---|---|
| ૧ વસુદેવ હિણ્ડી–દ્વિતીય અંશ | ૧૦–૦૦ |
| ૨ બૃહત્કલ્પ સૂત્ર ભા. ૬ ઠ્ઠો | ૨૦–૦૦ |
| ૩ ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત–મહાકાવ્યમ્ ભા. ૨, પર્વ ૨, ૩, ૪ (મૂળ સંસ્કૃત) પુસ્તકાકારે | ૧૨–૦૦ |
| ૪ ” ” પ્રતાકારે | ૧૫–૦૦ |
| ૫ દ્વાદશારં નયચક્રમ્ | ૪૦–૦૦ |
| ૬ સમ્મતિતર્કમહાર્ણવાવતારિકા | ૧૫–૦૦ |
| ૭ તત્ત્વાર્થાધિગમસૂત્રમ્ | ૧૫–૦૦ |
| ૮ પ્રબંધપંચશતી | ૧૫–૦૦ |

*

### અંગ્રેજી ગ્રંથો

| | |
|---|---|
| 1 Anekantvada by H. Bhattacarya | 3-00 |
| 2 Shree Mahavir Jain Vidyalaya Suvarna Mahotsava Granth | 35-00 |

*

### ગુજરાતી ગ્રંથો

| | |
|---|---|
| ૧ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર | ૧૫–૦૦ |
| ૨ શ્રી તીર્થંકર ચરિત્ર | ૧૦–૦૦ |
| ૩ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૨ | ૪–૦૦ |
| ૪ કાવ્ય સુધાકર | ૨–૫૦ |
| ૫ આદર્શ જૈન સ્ત્રીરત્ન ભા. ૨ | ૨–૦૦ |
| ૬ કથારત્ન કોષ ભા. ૧ | ૧૨–૦૦ |
| ૭ કથારત્ન કોષ ભા. ૨ | ૧૦–૦૦ |
| ૮ આત્મ વલ્લભ પૂજા સંગ્રહ | ૩–૦૦ |
| ૯ આત્મ કાન્તિ પ્રકાશ | ૧–૫૦ |
| ૧૦ જ્ઞાન પ્રદીપ ભા. (૧ થી ૩ સાથે) સ્વ. આ. વિજયકસ્તૂરસૂરિજી રચિત | ૧૦–૦૦ |
| ૧૧ ધર્મ કૌશલ્ય | ૨–૦૦ |
| ૧૨ અનેકાન્તવાદ | ૨–૦૦ |
| ૧૩ નમસ્કાર મહામંત્ર | ૨–૦૦ |
| ૧૪ ચાર સાધન | ૨–૦૦ |
| ૧૫ ભગવાન મહાવીર યુગના ઉપાસકો | ૨–૦૦ |
| ૧૬ જાણ્યું અને જોયું | ૨–૦૦ |
| ૧૭ સ્યાદ્વાદ મંજરી | ૧૫–૦૦ |

*

નોંધ : સંસ્કૃતમાં ૧૦ ટકા અને ગુજરાતીમાં તથા અંગ્રેજીમાં ૧૫ ટકા કમિશન કાપી આપવામાં આવશે. પોષ્ટ ખર્ચ અલગ. આ અમૂલ્ય ગ્રંથો વસાવવા ખાસ ભલામણ છે.

: લખો :

## શ્રી જૈન આત્માનંદ સભા : ભાવનગર


તંત્રી : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રીમંડળ વતી
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ, આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, ભાવનગર

For Private And Personal Use Only